
શતાબ્દી પ્રકાશ-માળા

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
એપ્રિલ, ૨૦૨૧



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની
વિરલ દાસત્વ ભક્તિથી છલકાતા

## ગુણાતીત કિંકર
## પ્રમુખસ્વામી મહારાજ










**નેનપુર ખાતે બિરાજતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાઈ રહેલા ભક્તિ-સેવામય કાર્યક્રમો...**

નેનપુર ખાતે બિરાજતા મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અનેકવિધ ભક્તિમય કાર્યક્રમોની હારમાળા રચાઈ રહી છે. પ્રતિદિન કથા-સેવા-ભક્તિની સાથે સ્વામીશ્રી દ્વારા વિવિધ બી.એ.પી.એસ. મંદિરોના મૂર્તિપ્રતિષ્ઠાવિધિ પણ સંપન્ન થઈ રહ્યા છે. એ શૃંખલામાં 'સિહોલ' અને 'સોનગઢ' ખાતે રચાયેલાં બી.એ.પી.એસ. મંદિરોની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી. વસંત ઋતુનાં વધામણાં કરતા સ્વામીશ્રીને ઠાકોરજી સહિત કેસૂડાનાં પુષ્પોથી સંતોએ વધાવ્યા તેની સ્મરણીય છબિસ્મૃતિ.

શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# દાસ તમારા દાસનો રાખો નાથ હજૂર...

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દાસત્વ ભક્તિને વંદના...



ચૈત્ર સુદ નવમીની પવિત્ર તિથિ ભારતીય ઇતિહાસનાં પૃષ્ઠોમાં સદા અમર રહી છે. ભગવાન શ્રી રામચંદ્રજી અને ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્ય તિથિ. યોગાનુયોગ રામ અને ઘનશ્યામનો જન્મ એક તિથિએ અને એક જ ભૂમિ - કોસલભૂમિ પર થયો.

ભગવાન શ્રીરામે ભારતીય અધ્યાત્મના વૈશ્વિક સંદેશને રોજબરોજના જીવનમાં જીવી બતાવ્યો. એક આદર્શ ચરિત્રની પ્રેરણા આપી, જેનો પ્રભાવ આજે હજારો વર્ષો પછી પણ માત્ર ભારત જ નહીં, પરંતુ દક્ષિણ એશિયાના અનેક દેશોમાં પણ અનુભવાય છે.

**એ**મ જ, આજે દેશ-વિદેશના ગગનમાં જેમના નામની સ્વામિનારાયણીય ધજાઓ ગૌરવભેર ફરકી રહી છે એ ભગવાન સ્વામિનારાયણે પણ, ભારતીય સંસ્કૃતિ અને સનાતન વૈદિક ધર્મના પ્રખર જ્યોતિર્ધર તરીકે, ભારતીય અધ્યાત્મનો એક નવો અધ્યાય જગતને આપ્યો.

બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવાનો મૌલિક વૈદિક દાર્શનિક સિદ્ધાંત આપ્યો. બ્રહ્મરૂપ થઈને પણ દાસત્વભાવે કે સ્વામી-સેવકભાવે ભગવાનની ઉપાસના કરવાની એક અનોખી રીત તેમણે શીખવી. બીજા શબ્દોમાં કહીએ તો

**સ્વા**મિનારાયણીય ભક્તિ એટલે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની દાસત્વ ભક્તિ કરવાનો સિદ્ધાંત.

ભારતીય ભક્તિ-પરંપરામાં આદિ સમયથી દાસત્વ ભક્તિનો અનોખો મહિમા વહેતો રહ્યો છે. શ્રીરામચરિતમાનસમાં ભગવાન શ્રીરામ દાસત્વ ભક્તિ પર પોતાનો અનોખો પ્રેમ દર્શાવતાં કહે છે:

'સબ કેં પ્રિય સેવક યહ નીતિ,
મોરેં અધિક દાસ પર પ્રીતિ...'
(રામચરિતમાનસ, ઉત્તરકાંડ, ૧૫-૪)

**આ**મ તો, દાસ એટલે ગુલામ. યાજ્ઞવલ્ક્ય કે નારદ વગેરે સ્મૃતિકારો દાસના ૧૫ પ્રકારો ગણાવે છે. તેમાં ભક્ત, સેવક અને આત્મજ્ઞાની એ એવો દાસ છે કે જેણે મન-કર્મ-વચને પોતાની જાતને ભગવાનને અને પોતાના ગુરુને સમર્પિત કરી દીધી છે, જેણે પોતાના અહમ્‌ને ઓગાળી દઈને ભગવાનનાં ચરણોમાં પોતાની જાતને ઓળઘોળ કરી નાંખી છે.

**ભ**ગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં શ્રી હનુમાનજી અને શ્રી ઉદ્ધવજીની દાસત્વ ભક્તિને (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨) વખાણીને વારંવાર દાસત્વ ભક્તિની પ્રેરણા આપી છે. તેઓ વચનામૃતમાં દાસત્વ ભક્તિને તો સર્વ સાધનાની ચરમસીમા દર્શાવે છે. આપણે પાકા હરિભક્ત થવું હોય કે ભવોભવથી વળગેલા સર્વે વિકારોથી મુક્ત થવું હોય કે જીવનમાં જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ ખીલવવાં હોય, સબ દર્દો કી એક દવા જેવી દાસત્વ ભક્તિને જ શ્રીહરિ આગળ ધરે છે. વાંચો તેમના શબ્દો:

**'પા**કો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે 'એ સર્વ ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું.' એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે.

> ‘મહાપુરુષો આપણને શીખવે છે કે આપણો માર્ગ ભગવાનનો છે, આધ્યાત્મિક માર્ગ છે. આપણા શાસ્ત્રોએ આપણને સાચી દિશા બતાવી છે. જેમ પ્લેનને પહેલેથી જ દિશા આપવામાં આવી હોય છે એ દિશા પર જ તે જાય છે. એમ આપણે મહાપુરુષોએ બતાવેલા માર્ગે જવું.’
>
> – પ્રમુખસ્વામી મહારાજ

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય – સાધુ અક્ષરવત્સલદાસ

૬. શતાબ્દી અનુભૂતિ - વિશ્વની અનોખી વાત્સલ્યગંગા

૭. શતાબ્દી સ્મૃતિ - ચરણ તો સ્વામિનારાયણ ભગવાનનાં જ પખાળાય...

૮. શતાબ્દી બોધકથા - બંધીતોડ બાવાની વાત...

૧૦. ગુણાતીત કિંકર પ્રમુખસ્વામી મહારાજ – સાધુ અક્ષરવત્સલદાસ

૧૮. બ્રહ્મભઠ્ઠીમાં ખીલેલું બ્રહ્મપુષ્પ: બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ – સાધુ વિવેકસાગરદાસ

૨૪. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૪. નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૩૬. અખિલ ભારતીય સત્સંગદીક્ષા સંપૂર્ણ શ્લોક મુખપાઠ સ્પર્ધા

૪૭. અભિનંદન

૪૮. અક્ષરવાસ

૫૦. યોગાસન


અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતાં જાય છે.’ (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮)

તેઓ ભગવાન સ્વામિનારાયણ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં તો ત્યાં સુધી કહે છે:

‘અનંત ધ્યાન-ધારણા કરતો હોય, ભૂત-ભવિષ્ય ને વર્તમાન કહેતો હોય, અંતરની વાત જાણતો હોય, અનંત જીવોની નાડી તાણતો હોય, અનંત પરાક્રમ કરતો હોય તોપણ જો દાસપણું ન હોય તો અંક વિનાના શૂન્ય જેવું છે.’ (૧૬/૩૯/૧-૩૭)

**એ**ક વખત મુક્તાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણની સ્વભાવિક પ્રકૃતિનું વર્ણન કરતાં કહ્યું હતું કે કોઈ સંતે કે હરિભક્તે આધ્યાત્મિક માર્ગે કેટલી પ્રગતિ કરી છે, તે તેના દાસત્વભાવ ઉપરથી શ્રીહરિ નક્કી કરતા. એટલું જ નહીં, મુક્તાનંદ સ્વામી આગળ કહે છે:

‘જેટલો દાસભાવ તેટલી તેની સાથે શ્રીહરિ પ્રીતિ રાખતા. તેનો ભક્તિભાવ જોઈ અંતર શુદ્ધ થાય, દોષો ટળે તેની ચાડ અંતર્યામીપણે રાખતા.’ (હ.ચ.સા: ૧૫/૫૯/૩૨-૩૬)

ભગવાન શ્રી સ્વામિનારાયણે શીખવેલા આ આધ્યાત્મિક રહસ્યને તેઓના સંતકવિ શિષ્યોએ વારંવાર પદોમાં ગૂંથી લીધું છે, અને વારંવાર દાસત્વ ભક્તિ જીવનમાં પ્રગટે તેવી પ્રાર્થનાઓ કરી છે.

એવી કેટલીક પંક્તિઓને મમળાવો:

**‘દાસ તમારા દાસનો રાખો નાથ હજૂર,**
**પ્રેમાનંદને વિનંતી સાંભળજો શ્યામ જરૂર...’**
**‘હે નાથ દાસ તમારા દાસનો,**
**મુજને રાખીને પાસ રે;**
**નાથ દર્શન દેજો નિરંતર,**
**મારે એટલી છે આશ રે...’**

પ્રેમાનંદ સ્વામીની જેમ મહાકવિ બ્રહ્માનંદ સ્વામી ગાય છે:

**‘દાસન કો મેં દાસ હૂં, હરિ કે સદા હજૂર,**
**બ્રહ્માનંદ કી વિનંતી, નિમખ ન રખિયો દૂર,**
**મેં ઢાઢી મહારાજ કો, હાજર હુકમ હજૂર...’**

તો એક સમયે ભગવાન સ્વામિનારાયણના ગુરુપદે રહેલા મુક્તાનંદ સ્વામી પણ તેમની સમક્ષ પ્રાર્થનાપૂર્વક ઉચ્ચારે છે:

**‘તન મન ધન મેં તમને અર્પ્યું,**
**લાવણમાં લોભાણી રે,**
**અક્ષરકંથ કરો હવે કરુણા,**
**જન પોતાના જાણી રે...**
**સુફળ મનોરથ કરો શામળા,**
**હું છું દાસી તમારી રે,**
**મુક્તાનંદની વિનંતી ધરજો,**
**ઉરમાં અક્ષર વિહારી રે...’**

ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલી એ દાસત્વ ભક્તિને રગે રગમાં ધારી હતી - અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ.

**સ્વ**યં અક્ષરબ્રહ્મ હોવા છતાં, સ્વયં અનેક ઐશ્વર્યોની વિરાટ શક્તિ ધરાવતા હોવા છતાં, સ્વયં ભગવાન સ્વામિનારાયણના અતિ કૃપાપાત્ર, લાડીલા હોવા છતાં, સામાન્ય ભક્તો કે સંતોનાં ગારાવાળાં જોડા-પગરખાં પોતાના માથા ઉપર મૂકીને ચાલવામાં એમને હૈયે હરખ હતો.

એમની વાતોમાં પણ એ દાસત્વ

ભક્તિનો રણકાર સંભળાય છે.

**બ્ર**હ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજમાં સૌને ભગવાન જેવાં ઐશ્વર્યોનું દર્શન થતું, પરંતુ તેઓએ દાસત્વ ભક્તિમાં ક્યારેય સમાધાન કર્યું નહોતું. તેમની અંતિમ બીમારીમાં સન ૧૯૫૧માં તેઓની ૮૬ વર્ષની ઉંમરે પૂર્વ આફ્રિકાથી આવેલા એક હરિભક્તે કહ્યું: 'સ્વામી, આપનાં ચરણારવિંદની પ્રસાદી આપો.' તેઓ શાસ્ત્રીજી મહારાજનાં ચરણારવિંદ કંકુવાળાં કરીને તેની છાપ પૂજવા ઇચ્છતા હતા. પરંતુ શાસ્ત્રીજી મહારાજે સિંહગર્જના કરીને કહ્યું: 'મારા પગ કાપીને લઈ જાઓ! બાકી ચરણારવિંદ તો શ્રીજીમહારાજનાં જ પૂજાય.'

આ હતી તેમની પર્વતપ્રાય અચળ દાસત્વ ભક્તિ.

**યો**ગીજી મહારાજ વારંવાર ઉચ્ચારતા: 'દાસપણું એ ભગવાનનો ગુણ છે. માટે એવા ગુણ લાવવા શીખવું. એવો ગુણ આવે તો દિવ્યભાવ વધતો જાય.' (યોગીવાણી: ૮૦)

તેઓ તો આધ્યાત્મિક માર્ગમાં મોટપની વ્યાખ્યા જ નિરાળી કરતા: 'અતિશય મોટપ પામ્યો એટલે શું? ગાદી-તકિયો મળ્યો ઈ? ના. દાસનો દાસ થઈ રહે તે.' (યોગીવાણી: ૨૩૩)

તેઓ તો સદા દાસ થઈને વર્ત્યા. ક્યારેક સહજભાવે બોલી ઊઠતા: 'મારી જયંતી ઊજવે તે મને ગમે નહીં. હું તો વાસણ ઊટકવામાં તૈયાર, ટોકણી ખમવામાં તૈયાર. મારે તો પહેલેથી જ સેવકધર્મ, ગુરુધર્મ નહીં. ગુરુ થવું ગમે જ નહીં.' (યોગીવાણી: ૨૬૭-૨૬૮)

**એ**કવાર મુંબઈ યુવકમંડળને સંબોધતાં યોગીજી મહારાજે કહ્યું હતું: 'અમારે વાસણ ઊટકવાની સેવા કરવી એ જ રુચિ છે. દાસના દાસ રહેવું છે. દાસત્વની મોટપ લેવી છે. એ મોટપ મેદાનમાં પડી છે, એ જ મોટપ લેવી છે.' (જીવનચરિત્ર, ૨/૧૯૪)

ભગવાન સ્વામિનારાયણની એ દાસત્વ ભક્તિનું આ સદીએ નીરખેલું એક અનોખું ઉદાહરણ હતું – બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. તેમની રગે રગમાં પ્રસરેલી દાસત્વ ભક્તિની ફોરમ લાખો લોકોએ અનુભવી છે. તેમની વાણીમાં કાયમ પડઘાતી, તેમની સદા પ્રિય પંક્તિઓ તેમના જીવનનું પ્રતિબિંબ હતી:

**'દાસના દાસ થઈને વળી રહે જે સત્સંગમાં,**
**ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.'**

બીજા શબ્દોમાં કહો તો તેઓ એક સાચા અર્થમાં ભગવાન

**સ્વા**મિનારાયણના 'ગુણાતીત કિંકર' બનીને જીવ્યા હતા. એટલે જ એમના જીવનમાં સ્વમહત્તા શૂન્ય હતી, અને ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મહત્તા, કે એક નાના શિશુની પણ મહત્તા રોમે રોમે રમતી હતી. 'પ્રકાશ'નો આ અંક તેમની એ દાસત્વ ભક્તિની સ્મૃતિ કરે છે. આપણે પણ યાચના કરીએ એ દાસત્વ ભક્તિની અને પ્રેમાનંદ સ્વામીની જેમ ગાઈએ: 'ઐસો વિચાર મેરો, હોઉં કિંકર ચરનન કો રી...' ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૪, એપ્રિલ, ૨૦૨૧**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ) : $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક અનુભૂતિઓ...

શતાબ્દી અનુભૂતિ

100 પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# પ્રમુખસ્વામી મહારાજઃ વિશ્વની અનોખી વાત્સલ્યગંગા



**સ્વામી શ્રી સત્યમિત્રાનંદગિરિજી**
(અધ્યક્ષ, સમન્વય પરિવાર, હરિદ્વાર)

જેમના સ્મરણથી પરમાત્મા તરફ આપણું મન વારંવાર વળી જાય છે, તે સાચા સંત છે. પ્રમુખસ્વામી મહારાજ એવા મહાપુરુષ છે. હું ગંગાતટ પર રહું છું. ગંગાને મા માનું છું. પરંતુ સાચું કહું છું કે કાતિલ શિયાળામાં ગંગાની એ લહેરો પાસે હું બહુ લાંબા સમય સુધી રહી શકું નહીં. વર્ષાઋતુમાં તો ગંગાના ઊછળતા તરંગોનો ડર લાગે છે. પરંતુ આ સમગ્ર વિશ્વ માટે એક એવી ગંગા પ્રગટ થઈ, જ્યાં કોઈ ક્યારેય નિરાશ ન થાય - એ ગંગા હતી પ્રમુખસ્વામી મહારાજની વાત્સલ્યગંગા. જે કોઈ જેવી ભાવનાથી તેમની પાસે ગયું, એમને એવી અનુભૂતિ થઈ.

ભારતમાતા મંદિરનું નિર્માણ અમે કરી રહ્યા હતા, ત્યારે મારા માટે એ ઘણો કઠિન સમય હતો. ઘણા લોકો વિઘ્ન નાખતા હતા. ત્યારે હું પ્રમુખસ્વામી મહારાજ પાસે બેસીને મારી વ્યથા વ્યક્ત કરતો અને તેઓ પોતાનો વરદ હસ્ત ઊંચો કરીને કહેતા હતાઃ સત્યમિત્રાનંદજી, ચિંતા ન કરો. ભારતમાતા મંદિર નિશ્ચિત્તરૂપે બનશે જ. આજે હું માનું છું કે મારી સફળતાનું શ્રેય સૌથી અધિક પ્રમુખસ્વામી મહારાજને જાય છે, જેમણે નિરંતર આત્મબળ, બુદ્ધિબળ, વકતૃત્વબળ અને સમાજના સંગઠનનું બળ આપ્યું. મેં જગતગુરુ પદ છોડ્યું, પરંતુ જગતગુરુ શંકરાચાર્યના આસન પર બેઠા વિના મેં એક મહાપુરુષની અંદર જગતગુરુત્વનું દર્શન કર્યું હતું. એ નામ છે - પ્રમુખસ્વામી મહારાજ. એમની પાસે દલિત આવે, બાળક આવે, મુસલમાન આવે. સૌને તેમનો પ્રેમ મળે. આવા મહાપુરુષનું સાંનિધ્ય પૂર્વજન્મનાં પુણ્યે જ મળે. આપણે બધા જ ભાગ્યશાળી છીએ કે આપણને પ્રમુખસ્વામી મહારાજની વાત્સલ્યગંગામાં સ્નાન કરવાનું મળ્યું. કઠિન ક્ષણોમાં જ્યારે જ્યારે આપે ધ્યાન કર્યું હશે ત્યારે આપને ચોક્કસ અનુભવ થયો હશે કે પ્રમુખસ્વામી મહારાજ આપની પાસે છે. ઘણા લોકો પૂછે છે કે લાખો લોકો સુધી પ્રમુખસ્વામી મહારાજ કેવી રીતે પહોંચી શકતા હતા? હું કહું છુંઃ પ્રમુખસ્વામી મહારાજ શાશ્વત સૂર્ય સમાન હતા. એમનાં કિરણો બધે જ પહોંચે અને પોતાનો પ્રભાવ ઉત્પન્ન કરે. તેઓ નિરંતર આનંદમાં રહેતા હતા. કારણ કે તેઓ પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપ હતા, પ્રગટ બ્રહ્મ હતા. હું તેમની વાત્સલ્યગંગામાં સ્નાન કરતો રહ્યો. સંસ્કૃતિને જીવિત રાખવા માટે તેમણે ૧૧૦૦થી વધુ મંદિરોનાં નિર્માણ કર્યાં. આદિ શંકરાચાર્ય, બુદ્ધ અને મહાવીર પછી માનવ-નિર્માણનું સૌથી મોટું કાર્ય કોઈએ કર્યું છે, તો તે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. (તા. ૮-૯-૨૦૧૬, દિલ્હી) ◆

શતાબ્દી સ્મૃતિ

100 પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# ચરણ તો સ્વામિનારાયણ ભગવાનનાં જ પખાળાય...


ગામો ગામ વિચરણ કરતા પ્રમુખસ્વામી મહારાજ ધારી પધાર્યા હતા. અહીં તા. ૨૨-૧૦-૧૯૭૫ના રોજ પ્રતિષ્ઠા નિમિત્તે યજ્ઞ અને નગરયાત્રાના કાર્યક્રમો યોજાયા હતા. આ જ પવિત્ર દિવસે ધારીના અજિતભાઈ નામના એક મુમુક્ષુએ પોતાની નવી દુકાનનું ઉદ્‌ઘાટન પણ ગોઠવી દીધું અને તેના ઉદ્‌ઘાટન માટે પ્રમુખસ્વામી મહારાજને નિમંત્રિત કર્યા. તેમની ભાવનાનો સ્વીકાર કરીને સ્વામીશ્રી નગરયાત્રા, યજ્ઞ અને પ્રાણપ્રતિષ્ઠાના કાર્યક્રમોની ભરમાર વચ્ચે પણ એ નાનકડી દુકાનના ઉદ્‌ઘાટનમાં પધાર્યા. અજિતભાઈ આજે હરખે હરખે સ્વામીશ્રીની એ પધરામણીને ચિરંતન બનાવવા ઈચ્છતા હતા. આથી સ્વામીશ્રી પધાર્યા એટલે તેમણે સ્વામીશ્રીનાં ચરણોમાં ઝૂકીને પલાળેલા કંકુની થાળી ધરી દીધી. એમ કે આ કંકુવાળી થાળીમાં આપનાં ચરણ મૂકીને કંકુપગલાં અમને આપો. પરંતુ ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની અતૂટ દાસત્વભક્તિના અખંડ ધારક સ્વામીશ્રી એવું કેવી રીતે થવા દે? સહેજ પણ મહોબતમાં આવ્યા સિવાય તેઓએ પોતાનાં ચરણારવિંદની કંકુછાપ આપવા માટે સ્પષ્ટ ના પાડી દીધી અને કહ્યું: 'આ ઠાકોરજીનાં ચરણારવિંદની પૂજા કરો. તેમાં બધું આવી ગયું.'

સ્વામીશ્રી પ્રત્યેના અગાધ ભક્તિભાવને કારણે આવું તો અનેકવાર બનતું. જાણે-અજાણે અનેક વાર તેઓનાં ચરણને પૂજવા-પખાળવા ભક્તોએ પ્રયાસ કરેલા, પરંતુ સ્વામીશ્રીએ પોતાનાં ચરણ પર કંકુ-ચંદનનો એક છાંટો કે જળનું એક ટીપું સુધ્ધાં પડવા દીધું નહોતું!!

સન ૧૯૭૬માં સ્વામીશ્રી મહારાષ્ટ્રમાં બડનેરા નગરમાં તા. ૮/૧૨ની સવારે પધરામણીઓમાં નીકળ્યા હતા. એવી એક પધરામણી દરમ્યાન મારવાડી વૈષ્ણવ સદ્‌ગૃહસ્થ દેવીપ્રસાદના ઘરે સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેમણે તો સ્વામીશ્રીનાં ચરણને પખાળવાની તૈયારીઓ કરી રાખી હતી. સ્વામીશ્રીનાં ચરણ મૂકવા માટે ચાંદીનો થાળ અને તેમાં ચરણ પખાળવા માટે પંચામૃતનું પાત્ર ધરીને ચરણ પખાળવા તેઓ તત્પર થયા, પણ સ્વામીશ્રીએ એકદમ ઘસીને ના પાડી દીધી. આ મારવાડી મહાનુભાવ માટે તો સાવ નવો જ અનુભવ હતો. અગાઉ તેમણે ઘણા મહાત્માઓનાં ચરણ પખાળ્યાં હતાં. તેથી તેઓએ કહ્યું: 'એમાં શું? થોડું ધોવા દો.'

ત્યારે સ્વામીશ્રીએ ખૂબ મક્કમતાથી કહ્યું: ''સહેજ પણ નહીં. અમે તો શ્રીજીમહારાજના દાસ છીએ. શ્રીજીમહારાજની આ મૂર્તિનાં ચરણ ધૂઓ.'

આમ કહી સ્વામીશ્રીએ તેઓનો ભક્તિભાવ ભગવાન તરફ વાળી આપ્યો. પણ તેઓની આ દાસત્વ ભક્તિ જોઈ દેવીપ્રસાદનું હૃદય તો સ્વામીશ્રી તરફ જ નમી પડ્યું હતું.



# શતાબ્દી બોધકથા

## બંધીતોડ બાવાની વાત...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની એક પ્રાસાદિક બોધકથા. પોપટ અને બંધી તોડ બાવાની આ બોધકથા તેઓ લડાવીને એવી રીતે રજૂ કરતા કે સૌ હસી હસીને બેવડ વળી જતા. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની બોધકથા અને બોધવાર્તાને આ વિભાગમાં માણતા રહીશું...


એક ગુરુ પોતાના શિષ્ય સાથે ગામોગામ વિચરતાં વિચરતાં એક ગામની બહાર જંગલમાં ઊતર્યા હતા. શિષ્ય ગામમાં ભિક્ષા માંગવા જાય. લોકો શિષ્યને જાત જાતના પ્રશ્નો પૂછે, શિષ્ય એ પ્રશ્નો ગુરુને પૂછીને બીજા દિવસે લોકોને જવાબ પહોંચાડે. લોકોને એના પ્રશ્નનું સમાધાન મળે અને રાજી થાય.

એક દિવસ એક શેઠને ત્યાં પાંજરામાં એક પોપટ હતો એને વાચા થઈ અને તેણે શિષ્યને કહ્યું: 'તારા ગુરુને મારો એક પ્રશ્ન પૂછજે કે આ બંધીમાંથી બહાર કેવી રીતે નીકળાય? હું આ પાંજરામાં પુરાયો છું, મારે બહાર નીકળવું છે, તો કેવી રીતે નીકળાય?'

શિષ્યે વાત સાંભળી. તેણે ગુરુને કહ્યું કે આજે કોઈ માણસનો પ્રશ્ન નથી. પણ એક પોપટનો પ્રશ્ન છે. ગુરુએ કહ્યું: 'પૂછ, શો પ્રશ્ન છે?'

શિષ્યે કહ્યું કે પોપટે પૂછાવ્યું છે કે હું આ પાંજરામાં બંધાઈ ગયો છું, તો પાંજરા બહાર નીકળાય કેવી રીતે? મારી બંધી તૂટે કઈ રીતે?

શિષ્યનો આ પ્રશ્ન સાંભળતાં જ ગુરુ પડ્યા ચત્તાપાટ! આંખો ભ્રમરમાં ચડી ગઈ. મોંમાં ફીણ આવી ગયું. એકદમ મરવા જેવા થઈ ગયા. જાણે શ્વાસ ચાલ્યો ગયા જેવું થઈ ગયું. શિષ્ય તો ગભરાઈ ગયો કે મેં ગુરુને આવો પ્રશ્ન ન કર્યો હોત તો સારું થાત. ગુરુને તો આ વાતથી ભયંકર



વસમું લાગી ગયું. તે તો ગુરુને બચાવવા મંડી પડ્યો. પ્રાર્થના-ધૂન કરવા માંડ્યો. બે કલાકે ગુરુને ઠીક થયું. જાણે શ્વાસ પાછો આવ્યો હોય તેમ જરા આંખ ખુલી.

શિષ્યને લાગ્યું કે હવે આપણે પોપટની વાત કાઢવી જ નથી. વળી પાછું કંઈક થઈ જાય તો? પછી તો ન ગુરુએ ચોખવટ કરી, ન શિષ્યે કરી.



બીજા દિવસે શિષ્ય પાછો ભિક્ષા માંગવા ગયો. રસ્તામાં પેલા શેઠનું ઘર આવ્યું. શેઠના પોપટે શિષ્યને જોયો એટલે પૂછ્યું કે મારા પ્રશ્નનો ઉત્તર ગુરુએ આપ્યો?

શિષ્યે કહ્યું: 'તારા ઉત્તરની વાત કરીશ નહીં. તારી વાતથી મારા ગુરુને એટલું બધું વસમું લાગ્યું કે તે મરતાં મરતાં બચ્યા છે. એટલે ગુરુને તો માણસની વાત પૂછવાની હોય, પંખીની વાત પૂછવાની ન હોય.'

પોપટે પૂછ્યું: 'પણ થયું શું? વાત તો કર!'

શિષ્યે વિસ્તારથી માંડીને વાત કરી. પછી કહ્યું: 'મને તો કંઈ ખબર જ પડી નહીં કે આવું કેમ થઈ ગયું!'



પોપટે કહ્યું: 'સારું, તને ભલે ખબર પડી નહીં, પણ મને તો ખબર પડી ગઈ. આપણે પાંજરામાંથી છૂટવું હોય, આ બંધી તોડવી હોય તો પહેલાં મરવું પડે. જો મરી જઈએ તો જ પાંજરામાંથી નીકળાય!'

પછી તો થોડી જ વારમાં પોપટ પાંખો ફફડાવીને પાંજરામાં તરફડવા મંડ્યો, ડોક નાંખી દીધી નીચે! આંખો થઈ ગઈ પહોળી! પગ થઈ ગયા ઊંચા! થોડીવારમાં પેલા શેઠનો નોકર પોપટને ખાવા આપવા માટે આવ્યો ત્યારે તેણે જોયું કે આજે પોપટભાઈને આવું થયું છે. આજ તો પોપટભાઈ ગયા લાગે છે. પોપટની આંખો ફરી ગયેલી, ચાંચ ઊંચી થઈ ગયેલી. એકે અંગ હલાવે નહીં. એટલે નોકરે પેલા શેઠને વાત કરી કે આજ પોપટ મરી ગયો લાગે છે.

શેઠે કહ્યું કે પોપટ મરી ગયો હોય તો કોઈને ખબર ન પડે એ રીતે કોથળામાં ઘાલીને સીમાડે મૂકી આવ. નહીં તો વળી લોકો ટીકા કરશે કે પોપટ મારી નાંખ્યો.

પછી તો શેઠે કહ્યું એમ, કોથળામાં પાંજરું નાખીને નોકર ઊપડ્યો ગામ બહાર. કોઈ નથી એમ જોઈ-તપાસીને તેણે પાંજરું કાઢ્યું, ખોલ્યું, અને પોપટને લઈને જ્યાં બહાર મૂક્યો ત્યાં તો પોપટ પાંખો ફફડાવીને ઊડતો ઊડતો ઝાડ ઉપર ચડી ગયો! એની બંધી છૂટી ગઈ!

પોપટ પેલા ગુરુનો સંકેત સમજી ગયો હતો કે બંધીમાંથી નીકળવું હોય તો પહેલાં મરણિયા થવું પડે!! પ્રાગજી ભગત ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વચને મરણિયા થયા હતા. મરણિયા થવું એટલે મરવાનું નથી, પરંતુ પોતાના મનનું મૂકીને, દેહના ભાવ મૂકીને ગુરુના વચનમાં વર્તવું. ગુણાતીતાનંદ સ્વામીની જેમ જીભ વળી એમ પ્રાગજી ભગતનો દેહ વળ્યો છે. આપણે એમની જેમ મરણિયા થઈએ ત્યારે મુક્તિને પામીએ.

ગુરુના વચને યાહોમ કરીને વર્તવું પડે, તો મુક્તિ સુલભ થઈ જાય. ◆





પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની વિરલ દાસત્વભક્તિથી છલકાતા

# ગુણાતીત કિંકર

# પ્રમુખસ્વામી મહારાજ

▪ સાધુ અક્ષરવત્સલદાસ

*પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું...*[૧]

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન, તેઓના પરમહંસ-શિષ્ય અને ગુજરાતી ભાષાના મહાન સંતકવિ સ્વામી મુક્તાનંદજીએ ગાયેલી આ પંક્તિ, અઢારમી સદીના ઘોર અંધકારને ઉલેચનાર ભગવાન સ્વામિનારાયણને ઉચિત અંજલિ અર્પે છે. તેઓ પોતાના અન્ય પદમાં કહે છેઃ

*સહજાનંદ સ્વામી રે, પોતે પરબ્રહ્મ છે રે,*
*સ્વામિનારાયણ જેનું નામ રે...*
*એકાંતિક ધર્મ રે, પ્રગટ કરી આપિયો રે,*
*કીધા વા'લે બ્રહ્મરૂપ નિજ દાસ,*
*મુક્તાનંદ કહે છે રે, જાઉં એને વારણે રે,*
*જેણે મુને આપિયો બેહદ વાસ રે...*[૨]

આવી એકલદોકલ પંક્તિ નહીં, પરંતુ આવાં હજારો પદો રચીને, ૩૦૦૦થી વધુ સંતશિષ્યો ૨૫-૩૦ વર્ષના ભગવાન સ્વામિનારાયણની હયાતીમાં જ તેમને પરબ્રહ્મ તરીકે આરાધે છે, અને તેમના અવતારી સ્વરૂપની ગાથા ગાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ. ભારતના આધ્યાત્મિક ઇતિહાસનું એક ઝળહળતું તેજસ્વી નામ. સનાતન ધર્મની વૈદિક પરંપરાના પ્રખર જ્યોતિર્ધર. સન ૧૭૮૧માં ત્રીજી એપ્રિલે, અયોધ્યા પાસે છપિયા ગામે ઉચ્ચ સરવરિયા બ્રાહ્મણ કુળમાં તેમનું પ્રાગટ્ય. બાળવયમાં જ તેમણે તીવ્ર બુદ્ધિમત્તા, વિદ્વત્તા અને દિવ્યતાનો અસાધારણ અનુભવ કરાવ્યો. માત્ર ૭ વર્ષની ઉંમરે વેદાદિક શાસ્ત્રોનું અધ્યયન કરીને માત્ર ૧૦ વર્ષની ઉંમરે કાશીમાં વિદ્વાનોની સભામાં પોતાનો મૌલિક આધ્યાત્મિક સિદ્ધાંત સ્થાપ્યો. ૧૧ જ વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કર્યો. માનસરોવરથી લઈને નેપાળમાં મુક્તિનાથ-પુલહાશ્રમ સુધી ઉત્તુંગ હિમશિખરોમાં કઠોર તપશ્ચર્યા કરી. પૂર્વનાં સુંદરવન જેવાં ઘોર જંગલોથી લઈને છેક કન્યાકુમારી સુધી ખુલ્લા પગે એકાકી વિચરણ કર્યું અને ભારતભરના પરિવ્રાજક બનીને છેલ્લે ગુજરાતમાં પ્રવેશ કર્યો. એ વખતે એમની ઉંમર માત્ર ઓગણીશ વર્ષની હતી અને ત્યારે ઇતિહાસની અઢારમી સદી વળાંક લઈ રહી હતી.

ઇતિહાસકારો જેને 'The darkest period of history' કહી વર્ણવે છે એ અઢારમી સદીના ઘોર અંધકારમાં રિબાતા લોકોની દુર્દશાએ, એમના કરુણામય હૃદયને કરુણાથી છલકાવી દીધું હતું.

એક સમયે વિશ્વની તમામ 'સંસ્કૃતિઓનું પારણું'[૩] બનનાર કે 'સમગ્ર માનવજાતની જનેતા'[૪] બનીને 'વિશ્વગુરુ'[૫] તરીકે પ્રતિષ્ઠા પામનાર ભારતવર્ષના ૧૮મી સદીના એ કાળને ઇતિહાસ કેવી રીતે નીરખે છે ?

'કેમ્બ્રિજ હિસ્ટરી ઑફ ગુજરાત'માં ઇતિહાસવિદ્ એચ. એચ. ડોડવેલ વર્ણવે છેઃ 'બધાં જ સ્તર પર વ્યાપેલો આવો સખત ત્રાસ ભારતમાં પૂર્વે ક્યારેય ન હતો. દેશી રાજ્યો અવ્યવસ્થિત હતાં. સમાજ વિસર્જનના આરે આવીને ઊભો

૧. કીર્તન મુક્તાવલિ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ, આવૃત્તિ દસમી (૧૯૯૮), પૃ. ૩૯૫.

૨. કીર્તન મુક્તાવલિ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ, આવૃત્તિ દસમી (૧૯૯૮), પૃ. ૩૨૬.

૩. Creuzer, Chamenlal, 'India Cradle of Cultures', Oxford & IBH Publishing Co. New Delhi, p. 35.

૪. 'India was the motherland of our race and Sanskrit the mother of Europe's languages. Mother India is in many ways the mother of us all.' – Will Durant

૫. Lin Yutang, 'Wisdom of India.'

હતો... બાકી રહ્યા હતા ફક્ત ઘાતકી જુલમ ને કંગાલિયત.'[૬]

તત્કાલીન ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મુંબઈ પ્રોવિન્સના ગવર્નર સર જ્હોન માલ્કમે એ વખતની અંધાધૂંધી, લોહિયાળ લડાઈઓ અને લૂંટફાટનું વિસ્તૃત બયાન આપ્યું છે. એ વખતની જંગલી લૂંટફાટનું તેમણે આપેલું એક ઉદાહરણ: આઠ લાખની મિલકતનો નાશ કરીને, કાઠિયાવાડનાં ૧૩૬ ગામોને લૂંટીને લૂંટારાઓ ચાલીસ હજાર પશુઓને હાંકી ગયા હતા.[૭]

શાસકીય દૃષ્ટિકોણથી નિહાળીએ તો મોગલ સલ્તનત ત્યારે અસ્ત પામી ચૂકી હતી. માત્ર વેપારના જ હેતુ સાથે આવેલી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ધીમે ધીમે 'કંપની સરકાર'નું સ્વરૂપ પકડીને સત્તાની જાળ બિછાવવા માંડી હતી. મુસલમાનો, મરાઠાઓ અને રાજપૂતોની પરસ્પરની મૂઠભેડોમાં બ્રિટિશ કંપની સરકાર પોતાનું સામ્રાજ્ય જમાવવાની વધુ ને વધુ તકો ઝડપતી જતી હતી. ગુજરાત-સૌરાષ્ટ્રમાં મરાઠા હકૂમત અને ગાયકવાડની હકૂમતોના ઝઘડા ચરમ સીમાએ હતા. સત્તાની સાઠમારીમાં સૌરાષ્ટ્રની રસવંતી ધરતી અનેક ટુકડાઓમાં વિભાજિત થઈ ગઈ હતી, સતત ચાલતાં રહેતાં લોહિયાળ યુદ્ધોની રણભૂમિ બની ચૂકી હતી. બે સાંઢિયાઓની લડતમાં ત્રીજાની ઘોર ખોદાય તેમ, સત્તાભૂખ્યાઓની જડ સત્તા-લાલસાનાં યુદ્ધોમાં નિર્દોષ પ્રજા વધુ ને વધુ પિસાતી જતી હતી.

બીજી તરફ, એ કાળે થયેલી ધાર્મિક ક્ષેત્રની દુર્ગતિ પણ ખૂબ હતાશા પ્રેરક હતી. ભોળી, અજ્ઞાની અને વહેમી ભારતીય પ્રજાને દબાવી દબાવીને કેટલાક ધર્મગુરુઓ-બાવાઓની જમાત પોતાની જંગલિયતને પોષતી હતી. વૈદિક ધર્મના તમામ આદર્શોને વિસારી દઈને મદ્ય, માંસ અને મૈથુનમાં જ એ કહેવાતા ધાર્મિકોનો ધર્મ સમાઈ જતો હતો. એ અરસામાં મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાંથી જ મહાજને ૬૦ મણ માંસ કઢાવ્યું હતું, જે તેણે પ્રીતિભોજન માટે તૈયાર કરાવ્યું હતું![૮] આ એક જ દૃષ્ટાંત તત્કાલીન સમાજના અધઃપતનને દર્શાવવા પૂરતું છે.

આવા અંધકારમય યુગમાં ભગવાન સ્વામિનારાયણનું આગમન કેટલું સામયિક, ઉચિત અને એ અંધકારને વિદારનારું બની રહ્યું હતું!

પ્રખર વિદ્વાન, ભારતના બંધારણના ઘડવૈયા અને મહાન રાજનીતિજ્ઞ કનૈયાલાલ મુનશી ભગવાન સ્વામિનારાયણના આગમનને આ રીતે નોંધે છેઃ ભગવાન સ્વામિનારાયણે 'પોતાના જીવન અને કાર્યથી ગુજરાતના સંસ્કારઘડતરમાં નવો પ્રકાશ પાથર્યો.'[૯]

ગુજરાતના સાક્ષર યશવંત શુક્લ લખે છે:[૧૦] 'જ્યાં અનિશ્ચિતતા હતી, અંધાધૂંધી હતી, અવ્યવસ્થા હતી, ત્યાં આવી તેમણે ૩૦ વર્ષ કાર્ય કર્યું... અને પોતે એક યુગસર્જક બની ગયા.'

અને કવીશ્વર ન્હાનાલાલના શબ્દોમાં કહીએ તો 'મહાપુરુષો સંસારને સંજીવની છાંટે છે. સ્વામિનારાયણે આપણા ગુજરાતના સંસારને સંજીવની છાંટી સજીવન કીધો હતો.' સ્વામિનારાયણે શું કર્યું ? એ ઇતિહાસ પ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો જ છે કે શ્રીજીમહારાજે ગુજરાતને સરયૂનીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો. નવ યુગના પ્રભાતના સ્વામિનારાયણ પ્રભાતસૂર્ય હતા.'[૧૧]

ગુજરાતના ક્રાંતિકારી લેખક ઈશ્વર પેટલીકરે તત્કાલીન સમાજ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં લખ્યું છેઃ '૪૯ વર્ષની ઉંમરે લીલા સંકેલી લેનાર શ્રી સ્વામિનારાયણે લાગલગાટ ૩૦ વર્ષ એ કાળનો સર્વક્ષેત્રનો અંધકાર ઉલેચાય તેટલો ઉલેચીને પ્રકાશ પાથરવા સતત ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પરિભ્રમણ કર્યે રાખ્યું હતું. આમ, શ્રી સ્વામિનારાયણે નવયુગના પ્રભાત-સૂર્યનો પ્રકાશ પાથરવાનું ગુજરાતમાં અવતાર-કાર્ય કર્યું છે. આધુનિક ગુજરાતના એ પહેલા જ્યોતિર્ધર.'[૧૨]

ભગવાન સ્વામિનારાયણની હયાતીમાં જ સન ૧૮૨૩માં લંડનથી પ્રકાશિત થયેલ 'એશિયાટિક જર્નલ'માં, શ્રીહરિએ કરેલાં આમૂલ પરિવર્તનોની નોંધ લેતાં લખ્યું છેઃ

'In his life time, the most intelligent people in

૬. H. H. Dodwell, 'Cambridge History of India' S. Chand and Co. New Delhi (1963), Vol. 5. pg. 376-377

૭. John Malcom, 'Minutes on Visiting Cutch' in 'Copies of Major Gen. Sir John Malcom', Gov. of Bombay 1823-1830. British Library Add. Ms. 22082 P. 155-8.

૮. ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ, 'ગુજરાતી સાહિત્ય સંમેલનનો અહેવાલ' – અધિવેશન બારમું, ધર્મ અને તત્ત્વજ્ઞાન વિભાગ, પૃ. ૩૬.

૯. કનૈયાલાલ માણેકલાલ મુન્શી, 'ગુજરાતની અસ્મિતા, પૃ. ૬૩.

૧૦. યશવંત શુક્લ, 'ઐતિહાસિક સંદર્ભમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રદાન', 'સ્વામિનારાયણ સંતસાહિત્ય', સં. રઘુવીર ચૌધરી, બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા (૧૯૮૧), અમદાવાદ, ૧૯૮૧, પૃ. ૧૨૫.

૧૧. ન્હાનાલાલ દલપતરામ કવિ, 'કવીશ્વર દલપતરામ' : કાવ્યદીક્ષા ભા. ૧, આવૃત્તિ ૧લી (૧૯૩૩).

૧૨. ઈશ્વર પેટલીકર, 'શ્રી સ્વામિનારાયણના કાળનો સમાજ સંદર્ભ', 'સ્વામિનારાયણ સંતસાહિત્ય', સં. રઘુવીર ચૌધરી, બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા (૧૯૮૧), અમદાવાદ, પૃ. ૧૨૨.

the province, while they regretted (as Hindus) the levelling nature of his system, acknowledged their belief that his preaching had produced great effect in improving the morals of the people.'[૧૩]

અર્થાત્ પ્રાંતના શ્રેષ્ઠ બુદ્ધિશાળી માણસો માને છે કે શ્રી સ્વામિનારાયણના ઉપદેશે લોકોની નૈતિકતાને સુધારવામાં ખૂબ મહાન અસર પાડી છે. અને રિપોર્ટર અંતે ઉમેરે છે કે 'My own intercourse with natives leads me to form the same opinion.'[૧૪] મતલબ કે મારો પોતાનો સ્થાનિક દેશવાસીઓ સાથેનો અનુભવ-વાર્તાલાપ પણ મને એ જ અભિપ્રાય બાંધવા પ્રેરે છે.'

એ અંધકારયુગમાં કલ્યાણનો શંખ ફૂંકનાર ભગવાન સ્વામિનારાયણે, માત્ર ત્રણ જ દસકામાં પોતાના કલ્યાણકાર્યનો જે અનરાધાર અમૃતમેહ વરસાવ્યો હતો, એના અનેક આયામોને આવરી લેતાં પ્રખર ગાંધીવાદી ચિંતક અને લેખક કિશોરલાલ મશરૂવાળા લખે છેઃ 'પોતાના પ્રકાશથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી તેમને ગુરુવચને ચૂરેચૂરા થઈ જાય તેવા સ્વવશ કરી મૂકનાર, અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર, લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જ્વલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર, શૂદ્રોને આચારશુદ્ધિ શીખવનાર, સાહિત્ય-સંગીત તથા કલાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમાધર્મના ઉપદેશક, શૌચ અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગના ચાલક, ભાગવત ધર્મના શિક્ષક તથા વ્યાસ સિદ્ધાંતના બોધક એવા સહજાનંદ સ્વામી હતા.'[૧૫]

એ સમયના પ્રખર ઈતિહાસવિદ્ અને પ્રસિદ્ધ બ્રિટિશ લેખક હેન્રી જ્યોર્જ બ્રિગ્સે ભગવાન સ્વામિનારાયણે આણેલી આમૂલ શાંતિના વાતાવરણને ગુજરાતમાં માણ્યું ત્યારે દંગ થઈ જતાં લખ્યું:

'While the present undisturbed state of the country compared to its condition previously will speak volumes for him.'

અર્થાત્ અગાઉની પરિસ્થિતિની સરખામણીએ, રાજ્યનું હાલનું શાંત વાતાવરણ ભગવાન સ્વામિનારાયણ માટે ગ્રંથોના ગ્રંથો રચશે.'[૧૬]

આવા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણને ઉચિત અંજલિ આપવાનું મહાન કાર્ય છેલ્લાં ૨૦૦ વર્ષમાં ગુણાતીત સત્પુરુષો અને અન્ય અનેક ભક્તો-ભાવિકોએ કર્યું છે. પરંતુ એ બધામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એક અજોડ અને અદ્વિતીય રહ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના એ દિવ્ય જીવન, તેમણે આપેલા વૈદિક સંદેશ અને સમાજમાં સદાચાર પ્રવર્તનના તેમના કાર્યને વિશ્વભરમાં પ્રસરાવવા માટે પ્રમુખસ્વામી મહારાજે પોતાનું સમસ્ત જીવન સમર્પિત કરી દીધું હતું. તેમણે કેવાં વિરાટ કાર્યોની એક અતૂટ શૃંખલા રચી દીધી! તેઓએ ભગવાન સ્વામિનારાયણના દ્વિશતાબ્દી મહોત્સવની પંચવર્ષીય શાનદાર ઉજવણી કરી સ્વામિનારાયણ નામનો ડંકો મારી દીધો, દિલ્હી કે ગાંધીનગરમાં સ્વામિનારાયણ અક્ષરધામ અને વિશ્વભરમાં ૧૨૦૦થી વધુ મંદિરોનાં સર્જન કરીને ભગવાન સ્વામિનારાયણને જગપ્રસિદ્ધ કર્યા, આઈમેક્સ ફિલ્મના નિર્માણ દ્વારા વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિ અને ભગવાન સ્વામિનારાયણનો સંદેશ ગુંજાવ્યો, એનિમેશન ફિલ્મ દ્વારા લાખો લોકોમાં સ્વામિનારાયણીય ગાથા પ્રસરાવી, વિપુલ સાહિત્ય સર્જન દ્વારા વિદ્વાનોથી લઈને આમ આદમી સુધી સ્વામિનારાયણીય ચરિત્રમાળા પહોંચાડી, ઠેર ઠેર સ્વામિનારાયણીય પ્રદર્શનો રચ્યાં, ભગવાન સ્વામિનારાયણના મૌલિક તત્ત્વજ્ઞાનને જગપ્રસિદ્ધ કરવા સ્વામિનારાયણ પ્રસ્થાનત્રયી ભાષ્યો અને વાદગ્રંથ રચાવ્યા, ઈંગ્લેન્ડ-અમેરિકાથી માંડીને અનેક દેશોમાં વિરાટપાયે સાંસ્કૃતિક મહોત્સવો યોજ્યા, કરોડો લોકોમાં વ્યસનમુક્તિ અને સદાચારનું આંદોલન જગાવ્યું, લોકસેવાનાં તમામ ક્ષેત્રોમાં ભગવાન સ્વામિનારાયણના પગલે પગલે ચાલીને અનન્ય સેવાકાર્યો કર્યાં, અને આવાં અનેક કાર્યો કરીને ભગવાન સ્વામિનારાયણનો જયઘોષ તેમજ સનાતન ધર્મ - ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ઘોષ કર્યો.

પરંતુ પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ હતી કે આ બધું કાર્ય તેમણે ભગવાન સ્વામિનારાયણના એક કિંકર કે દાસ કે ભક્ત તરીકે કર્યું. લાખો લોકોએ દિવ્ય અનુભવોને કારણે તેમને ક્યારેક ભાવાવેશમાં સાક્ષાત્ ભગવાન તરીકે

૧૩. Asiatic Journal, First Series, London, 1823, XV - p. 348-349.

૧૪. Ibid. p. 348-349.

૧૫. કિશોરલાલ ઘ. મશરૂવાળા, 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય', નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ (૧૯૪૦), પૃ. ૮૦.

૧૬. Henry George Briggs, 'Cities of Gujarashtra' (1849) p. 233.

સંબોધ્યા, ક્યારેક તેમના ચરણ ધોવાની માંગણી કરી, ક્યારેક તેમને ભગવાનના સ્થાને બેસાડવા આગ્રહ કર્યો, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય એ થવા ન દીધું. એમણે હંમેશાં પોતાની જાતને ભગવાન સ્વામિનારાયણના એક સેવક તરીકે જ ગણાવી. એટલું જ નહીં, તેઓ ખરા અર્થમાં પળેપળ એક સાચા સેવક, ખરા ભક્ત, અદના દાસ કે કિંકર બનીને જીવ્યા. ભગવાન સ્વામિનારાયણની ચલમૂર્તિ શ્રીહરિકૃષ્ણ મહારાજ એ જાણે એમનો પ્રાણ. એમને અર્પણ કર્યા વિનાની પુષ્પની પાંદડી કે જળનું ટીપુંય એમને ન ખપે. જીવનભરની અનેક સિદ્ધિઓનો યશ એમણે એક દાસ તરીકે ભગવાનનાં ચરણે અર્પણ કરી દીધો. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સનાં બહુમાનોથી માંડીને તેમને મળેલાં અનેક સન્માનો તેમણે ભગવાનને અર્પી દીધાં અને એ સન્માનના હકદાર પોતે નહીં, પણ ભગવાન છે - એમ હૃદયપૂર્વક માનતા રહ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્ય તિથિએ, ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની એમની એ અનન્ય દાસત્વ ભક્તિનું હૃદયમાં સ્મરણ થાય છે. અહીં એવા કેટલાક પ્રસંગોની સ્મૃતિઓ કરીને તેમના ચરણે પ્રણિપાત કરીએ...

● સન ૧૯૭૨ના ઉનાળાના અસહ્ય દિવસો હતા. મહીકાંઠાના બામણગામમાં પારાયણ ચાલી રહી હતી. પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સત્સંગ પારાયણ ચાલી રહી હતી. પારાયણ દરમ્યાન સવાર સવારમાં સ્વામીશ્રી પધરામણીએ જતા. એ વખતે સ્વામીશ્રી પધરામણીથી નીકળે અને ઉતારે પાછા આવે ત્યાં સુધી એક પણ ટીપું પાણી પીતા ન હતા. સ્વામીશ્રીના કંઠે પડતા શોષની દશાથી વ્યથિત થઈને એક વખત સેવક જ્ઞાનપ્રિયદાસ સ્વામી તેઓ માટે પાણી લઈને ગયા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું કે 'ઠાકોરજીને ધરાવ્યું?'

સેવકે ના પાડી. એટલે સ્વામીશ્રીએ પાણી ન જ લીધું. ઉતારે પધાર્યા અને ઠાકોરજીને ધરાવ્યા પછી તેઓએ પાણી અંગીકાર કર્યું.

● સન ૧૯૮૫ના ડિસેમ્બર મહિનાની વાત છે. પ્રમુખસ્વામી મહારાજે ઊજવેલા ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવમાં સામેલ થવા માટે તત્કાલીન ભારતીય રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંહ પધાર્યા હતા. રાષ્ટ્રપતિશ્રીનો પ્રોટોકલ ખૂબ કડક હતો. તે અરસામાં પંજાબમાં ચાલતી અશાંત પરિસ્થિતિને કારણે રાષ્ટ્રપતિની સલામતી વ્યવસ્થા ખૂબ જ કડક હતી. તેઓ પાણી પીવાના હોય તો તે બોટલનું પાણી લેબોરેટરીમાં ચેકિંગ માટે જાય અને સ્વાસ્થ્યને બિનહાનિકારક પુરવાર થાય તો જ આપી શકાય. આથી તેઓની મુલાકાત દરમ્યાન પીણું કે પાણી કંઈ ન આપવાનું નક્કી થયું હતું.

પરંતુ સ્વામીશ્રી સાથેની રાષ્ટ્રપતિશ્રીની મુલાકાત દરમ્યાન તેઓની સલામતીના એક જવાબદાર વ્યક્તિએ રાષ્ટ્રપતિશ્રી માટે નારિયેળના પાણીની વ્યવસ્થા કરવા કહ્યું. સંતોએ તાત્કાલિક સ્વામીશ્રી અને રાષ્ટ્રપતિશ્રી માટે બે ગ્લાસ તૈયાર કરી આપ્યા. એટલે એ સ્ટાફ સભ્યએ એક ગ્લાસમાંથી થોડું પાણી બીજા ગ્લાસમાં લઈને પી જઈને ટેસ્ટ કરી લીધું. ત્યારબાદ તેણે સ્વામીશ્રી અને રાષ્ટ્રપતિશ્રીને પાણી આપી દીધું.

પરંતુ સ્વામીશ્રીએ હાથમાં એ પ્યાલો લઈને ઠાકોરજી તરફ દૃષ્ટિ કરી. બાજુમાં ઠાકોરજી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી. સ્વામીશ્રીએ પાણી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને ધરાવ્યું. સેવક ઠાકોરજીને ધરાવવાનું ભૂલી ગયા હતા. પરંતુ સૌને આશ્ચર્ય તો ત્યારે થયું કે ઠાકોરજીને ધરાવેલા એ પ્રાસાદિક જળમાંથી સ્વામીશ્રી રાષ્ટ્રપતિના હાથમાં રહેલા પ્યાલામાં ઉમેરવા લાગ્યા. બધા જ સલામતી અધિકારીઓ સ્તબ્ધ થઈ ગયા! અંગત મદદનીશ ટેસ્ટ કરેલા પાણીમાં પરીક્ષણ કર્યા સિવાયનું પાણી ઉમેરાઈ ગયું! સંતોએ આ વિધિનો મર્મ સમજાવ્યો કે ઇષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજને ધરાવ્યા વિના સ્વામીશ્રી કંઈ પણ વસ્તુ ગ્રહણ કરતા નથી અને ભગવાનને ધરાવીને ભગવાનનો પ્રસાદ થોડો આપ્યો છે ત્યારે રાષ્ટ્રપતિશ્રી સ્વામીશ્રીની એ ભક્તિ જોઈને નમી પડ્યા. અને તેમણે હોંશે હોંશે પ્રાસાદિક પાણી પીધું.

● એકવાર સ્વામીશ્રી સવારે અલ્પાહાર કરી રહ્યા હતા. સેવક સંત ધાણી ફોડીને લાવ્યા અને સ્વામીશ્રીને ધાણી જમવા માટે આગ્રહ કરવા લાગ્યા. પરંતુ સ્વામીશ્રીએ ખૂબ મક્કમતાપૂર્વક કહ્યું, 'રહેવા દો. હરિકૃષ્ણ મહારાજ પોઢી ગયા, હવે ના જમાય.'

એ જ પ્રમાણે એક વખત રાતના સમયે સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. સ્વામીશ્રીને દાઢ પડી ગઈ હતી તેથી સેવકે સ્વામીશ્રી માટે જલદી જલદી શીરો બનાવ્યો. પણ સ્વામીશ્રી ન જમ્યા. 'કેમ? આપ શીરો જમોને!' સેવકે આગ્રહ કર્યો. ત્યારે સ્વામીશ્રી કહે, 'ઠાકોરજી પોઢી ગયા. એમને જમાડ્યા સિવાય ન જમાય. ઠાકોરજીને ધરાવ્યા વગર જમીએ તે ધૂળ જમવા બરાબર છે.'

● ઠાકોરજી આગળ તેમને કોઈ નમે તે સ્વામીશ્રી ચલાવી ન લે. ઠાકોરજી આગળ સ્વામીશ્રીના ફોટાઓ મૂકે તે પણ સ્વામીશ્રી ચલાવી ન લે. સન ૧૯૮૯ની ગુરુપૂર્ણિમાના ઉત્સવે પૂજારીએ ઠાકોરજીના સિંહાસનના શણગારમાં ઠેર



લાખો લોકો તેમને ભગવાનના સાક્ષાત્ સ્વરૂપ માનીને પૂજતા હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજ પળેપળ ભગવાન સ્વામિનારાયણના કિંકર, દાસ અને સેવક બનીને જ જીવ્યા. શ્રીહરિનાં ચરણોમાં ગુણાતીત દાસત્વભક્તિમાં મ્હોરી ઊઠેલા તેઓની એક છબિસ્મૃતિ...

ઠેર સ્વામીશ્રીની લેમિનેટેડ મૂર્તિઓ લગાવી હતી. સ્વામીશ્રી સવારે સ્નાન બાદ આરતી ઉતારવા પધાર્યા, ત્યારે આ દૃશ્ય જોયું અને નારાજ થઈ કહેવા લાગ્યાઃ 'અત્યારે ને અત્યારે આ બધું લઈ લો... અહીં આવા ડોળ હોતા હશે...?' આમ, પોતાની બધી છબિઓ તેમણે તાત્કાલિક ઉતરાવડાવી. પરંતુ થાંભલે ઊંચે બાંધેલી એક છબિ ધ્યાન બહાર રહી ગઈ. પડદા ખૂલ્યા, આરતી પ્રગટી ચૂકી, પરંતુ સ્વામીશ્રીની નજરે પેલી છબિ જોઈ. તેમણે તાત્કાલિક પડદા બંધ કરાવ્યા. પોતાની એ છબિ ઉતરાવી, પછી જ ઠાકોરજીની આરતી ઊતારી.

દર્શન કરીને તેઓ બહાર આવ્યા ત્યારે છેલ્લા ખંડની બહાર પૂજારીને બોલાવ્યા ને કહ્યુંઃ 'આજ પછી ક્યારેય આવો ડોળ ન કરવો, ભગવાનની મર્યાદા પહેલા સાચવવી, ભગવાન આગળ ભગવાન સિવાય બીજી વસ્તુ જ ન હોય. પ્રેમ હોય તો જીવમાં રાખવો. પ્રદર્શન ન કરવું. ગમે તેવો ચમરબંધી હોય ભગવાન આગળ એનો કોઈ હિસાબ નથી. આવી ભક્તિ ખોટી કહેવાય...'

● સન ૨૦૦૭માં સ્વામીશ્રીએ અમેરિકામાં અને કેનેડામાં રચેલાં ભવ્ય મંદિરોથી હિન્દુ સનાતન ધર્મનો ડંકો વાગ્યો હતો. ધુરંધરો આ મંદિરોના નિર્માણ બદલ સ્વામીશ્રીથી અભિભૂત થયા હતા. તેમાંના એક હતા - કેનેડાના પૂર્વ સોલિસિટર જનરલ અને સ્વામીશ્રીના ગુણાનુરાગી બોબ કપ્લાન. તેમણે સ્વામીશ્રીને આવા ભવ્ય કાર્ય બદલ બિરદાવ્યા ત્યારે બધો જ યશ ભગવાનના ચરણે અર્પણ કરી દેતાં સ્વામીશ્રી કહે, 'ભગવાનની કૃપા છે. એમના આશીર્વાદ છે. એટલે વિકાસ થાય છે.'

બોબ કપ્લાન કહે, 'એ તો બરાબર, પણ તમારા પ્રતાપથી આ બધું થાય છે.'

સ્વામીશ્રી કહે, 'ભગવાન પ્રેરણા આપે છે. આપણે તો ઈન્સ્ટ્રુમેન્ટ છીએ.'

● તા. ૧૩-૫-૨૦૦૭ના રોજ કેન્યાની રાજધાની નૈરોબીમાં સ્વામીશ્રીનાં દર્શને કેટલાક મહાનુભાવો આવ્યા

હતા. મોટા ભાગના દિલ્હી અક્ષરધામથી ખૂબ પરિચિત હતા. તેઓએ ખૂબ વખાણ કર્યાં. તેમાંના કેટલાક મહાનુભાવોએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યા. એમાંના એક શ્રીકાબરા સાહેબ કહે, 'આપનામાં એવી કઈ શક્તિ છે કે આપના મુખમાંથી એક શબ્દ નીકળે ને બધા કુરબાન થઈ જાય છે?'

સ્વામીશ્રી તરત જ કહે, 'કામ કરવાવાળા ભગવાન છે. એમની કૃપાથી જ બધું થાય છે અને ગુરુની કૃપાથી બધું થાય છે. જે કંઈ કરીએ છીએ એમાં કરવાવાળા ભગવાન જ છે. એમની પ્રેરણા વગર કશું જ થઈ શકતું નથી. એ જ એનું રહસ્ય છે.'

કાબરા સાહેબ કહેઃ 'જિંદગીમાં હવે આપ બીજું કયું વિશિષ્ટ કાર્ય કરવા માગો છો?'

સ્વામીશ્રી કહેઃ 'ભગવાન જે પ્રેરણા કરે એ કાર્ય અમે કરીએ છીએ. કારણ કે એમનાથી જ કાર્યો થાય છે. જે કંઈ કાર્ય થાય છે એમાં ભગવાનનું જ આયોજન હોય છે.

● તા. ૫ જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ સ્વામીશ્રીનાં દર્શને સુરતના જાણીતા ઉદ્યોગપતિ શ્રી કોટડિયા આવ્યા હતા. સ્વામીશ્રીએ દિલ્હીમાં સર્જેલા ભવ્ય અક્ષરધામની વાત કરીને તેઓ સ્વામીશ્રીને બિરદાવા મંડ્યા. એટલે તેઓને અટકાવતા સ્વામીશ્રી કહેઃ 'જે કંઈ થયું છે એ ભગવાન સ્વામિનારાયણની ઇચ્છાથી થયું છે. તેમની મરજી વગર સૂકું પાંદડું પણ હાલતું નથી. જોગીબાપાનો સંકલ્પ હતો. આપણે ગમે એટલું કરીએ પણ એમની પ્રેરણા અને શક્તિ વગર કાંઈ થતું નથી. ભગવાનને કર્તા રાખીએ તો આપણને શાંતિ રહે. જો હું કરું છું એમ માનીને કરવા જઈએ તો હેઠા પડાય.'

● તા. ૨૧-૯-૨૦૦૩ના રોજ સ્વામીશ્રી સારંગપુરમાં બિરાજતા હતા. તે સમયે સહારા ટી.વી.ના એક સંવાદદાતા અજિતકુમાર શ્રીવાસ્તવ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓનો પરિચય મેળવ્યા બાદ સ્વામીશ્રીએ તેઓને ભગવાન સ્વામિનારાયણનું જીવન, કાર્ય, સંસ્થાની વિસ્તારપૂર્વક વાતો કરી.

છેલ્લે સાથેના સંતો કહેવા લાગ્યાઃ 'સ્વામીશ્રીએ બધી વાતો કરી પણ હકીકતે બી.એ.પી.એસ. સંસ્થાની તમામ બાબતોના પ્રાણ તેઓ છે. તેઓની પ્રેરણા અને માર્ગદર્શનથી સંસ્થાનું આંતરરાષ્ટ્રીય કાર્ય થાય છે. અમે સંત થયા તે પણ એમનાં પ્રેમ અને પ્રેરણાથી. એટલે કાર્ય તો તેઓ જ કરે છે.'

તરત જ સ્વામીશ્રી કહેઃ 'કર્તા તો શ્રીજીમહારાજ છે. એમની આજ્ઞા, આદેશ પ્રમાણે આપણે સેવા-ભક્તિ કરીએ છીએ. બાકી અનંત કોટિ બ્રહ્માંડના કર્તા એ છે. કોઈપણને નિમિત્ત બનાવીને કાર્ય કરે છે. જો આપણે માની લઈએ કે હું કરું છું તો અહમ્ આવી જાય. માણસને જરાક આવડત આવે તો અહમ્ આવી જાય. એટલા માટે ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે સેવક થઈને કામ કરો.'

● તા. ૧૮-૨-૨૦૦૯ના રોજ દિલ્હીમાં અક્ષરધામનાં દર્શનથી ખૂબ પ્રભાવિત થયેલા ભારતીય સુપ્રિમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટીસ શ્રી લાહોટી સાહેબે પ્રમુખસ્વામી મહારાજને હૃદયપૂર્વક બિરદાવ્યા ત્યારે તેનો યશ લેવાને બદલે સ્વામીશ્રીએ કહ્યું, 'भगवान शक्ति देते हैं, उससे काम होता है। उसके बिना एक तीनका भी नहीं हिल सकता। मैंने किया, मैं करता हूँ ऐसा मानने से दुःख आता है, लेकिन भगवान ने किया ऐसा मानने से शांति रहती है। जो कुछ करते हैं वो भगवान ही करते हैं। हमारा जो कुछ है वो उसके हाथों में है, ऐसी भावना रखने से शांति होती है।'

ભગવાન પ્રત્યેની સ્વામીશ્રીની આ અચલ દાસત્વ ભક્તિથી તેઓ વિશેષ પ્રભાવિત થયા.

● તા. ૨૦-૭-૧૯૮૫નો દિવસ ઇંગ્લેન્ડના જ ઇતિહાસમાં જ નહીં, પરંતુ ભારતના આધ્યાત્મિક ઇતિહાસમાં એક અદ્વિતીય પૃષ્ઠ સમાન હતો. ભારતીય અધ્યાત્મના મૂર્તિમાન સ્વરૂપ સમાન પ્રમુખસ્વામી મહારાજને આ દિવસે લંડનના ક્યુ.પી.આર. સ્ટેડિયમમાં એક અભૂતપૂર્વ સમારોહમાં સુવર્ણ-સન્માનથી બિરદાવાયા હતા. આ દિવસે આ ભવ્ય સન્માન બાદ પ્રમુખસ્વામી મહારાજની નમ્રતાસભર વાણીમાં આજના સન્માનનો પ્રતિભાવ આપવાને બદલે ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની તેમની પારાવાર પરાભક્તિ છલકતી હતી. હકડેઠઠ ભરાયેલા સ્ટેડિયમમાં સૌ પ્રમુખસ્વામી મહારાજના ઉદ્ગારો સાંભળવા તત્પર હતા. તેઓએ કહ્યું: 'પ્રથમ તો પરબ્રહ્મ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણને વંદન, જેમણે મને આ શરીર આપ્યું. પછી મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેમના આશીર્વાદ મને મળ્યા. જેમણે મને સ્વીકાર્યો તેમની કૃપા ને આશીર્વાદ છે તો તમારી સામે ઊભો છું. તેમને લાખો વંદન. તેમની કૃપા ન હોત તો હું આ સ્થાને ઊભો ન હોત (ગળગળા થઈ ગયા) તેમણે આશીર્વાદ ને સેવા કરવાની તક આપી. તે મારાં અહોભાગ્ય. મારી શક્તિ બહારની વાત, પણ મને શક્તિ આપી. એથી હું સેવા કરી શક્યો. ભારતના સંતો, પંડિતોના આશીર્વાદ. આપ સહુના સહકાર વિના આ કાર્ય ન થાય... ભગવાનની કૃપા મરજી વગર કાંઈ કાર્ય થતું નથી. હું જ કરી શકું તે મિથ્યા છે. સર્વકર્તા પરમાત્મા છે. ભગવાનની મરજી વગર સૂકું પાંદડું પણ હાલતું નથી.

ભગવાનની કૃપા વગર આપણે કોઈને કાંઈ કરવા - કહેવા - પામવા સમર્થ નથી. ભગવાનની શક્તિથી સર્જન - પાલન - સંહાર થાય છે. ભગવાન કારણ છે, જગત કાર્ય છે. આ મહિમા સમજીએ તો અહં જતું રહેશે. ભગવાનની શક્તિ વગર શેકેલો પાપડ પણ ભાંગે નહીં.'

સ્વામીશ્રીની આ દાસત્વ ભક્તિએ સૌનાં હૃદયને ભીંજવી દીધાં.

● તા. ૧૧-૯-૨૦૦૬ના રોજ પ્રમુખસ્વામી મહારાજ દિલ્હીમાં બિરાજતા હતા. રાષ્ટ્રપતિ શ્રી ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ તેઓનાં દર્શન-આશીર્વાદ મેળવવા આવ્યા હતા. કલામ સાહેબે ભક્તિભાવપૂર્વક સ્વામીશ્રીની અપાર પ્રશંસા કરતાં તેમને સો વર્ષ સુધી પૃથ્વી પર બિરાજવા પ્રાર્થના કરી હતી. તેઓની વિદાય બાદ એ સંદર્ભમાં સંતોએ સ્વામીશ્રીને કહ્યું: 'રાષ્ટ્રપતિએ આપને સો વર્ષ જીવવાનું કહ્યું છે એટલે આપ સો વર્ષ સુધી સૌને દર્શન આપતા રહેજો.'

સ્વામીશ્રીએ કહ્યું: 'એ બધું મહારાજની ઇચ્છાની વસ્તુ છે. ભગવાન કામ કરે છે. આમાં આપણું કંઈ બળ છે નહીં. ભગવાનનું બળ હોય તો કામ થાય એવું છે. અનંત બ્રહ્માંડનું સંચાલન, પોષણ કે રક્ષણ એ કરે છે.'

યજ્ઞેશદાસ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના વચનામૃતનાં વચનોને યાદ કરીને કહ્યું: 'ગઢડા પ્રથમના ૨૭મા વચનામૃત પ્રમાણે આપના દ્વારા ભગવાન એ જ રીતે કાર્ય કરી રહ્યા છે.'

સ્વામીશ્રી કહે: ''એ આપણામાં હોય તો જ કામ થાય છે ને! ભાવના એ જ છે, પરંતુ બોલવામાં અવળસવળ ના કરી દેવું. 'તમે ભગવાન છો, તમે ભગવાન છો' એમ કહેતાં ફરો તો મારી ઠોકીને કોઈ બહાર કાઢે. ભગવાન તો એક શ્રીજીમહારાજ છે. આપણે તો તેમના દાસ છીએ, એ સમજી રાખવું.''

● તા. ૨૬-૧૨-૨૦૦૨ના રોજ પ્રમુખસ્વામી મહારાજ વડોદરામાં અટલાદરા ખાતે ઠાકોરજીનાં દર્શન કરીને પગથિયાં ઊતરી રહ્યા હતા, ત્યારે બે હરિભક્તો - જગમાલ પિઠિયા અને નવીનભાઈ સોની બુલંદ અવાજે છડી પોકારવા લાગ્યા: 'અક્ષરધામના અધિપતિ પધારી રહ્યા છે...'

તે જ ક્ષણે બૂમ પાડીને તેમને રોકતાં સ્વામીશ્રી કહે: 'એ...ય.... મહાજન....! અક્ષરધામના અધિપતિ એક સહજાનંદ સ્વામી છે. બોલવામાં વિવેક રાખો. અક્ષરધામના અધિપતિના ધારક કે સેવક છે - એમ કહો.'

● તા. ૨-૨-૨૦૦૨ના રોજ પ્રમુખસ્વામી મહારાજ સિડનીમાં બિરાજમાન હતા. રાત્રે ૯-૦૦ વાગે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સ્વામિનારાયણ પ્રકાશના ફેબ્રુઆરી અંકનું આજથી વાંચન શરૂ થયું. પ્રથમ પાનાનું લખાણ વંચાયું: 'જગતને સકલ શાસ્ત્રના સારસમા સ્વામિનારાયણ મંત્ર દ્વારા, સ્વામીરૂપ થઈને પરબ્રહ્મ નારાયણની શુદ્ધ ઉપાસનાનો કલ્યાણમાર્ગ આપનાર પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રીહરિને સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દીએ કોટી કોટી વંદન...!

સ્વામીશ્રીએ સામે બેઠેલા યુવકોને પૂછ્યું: 'સમજાયું? શું આવ્યું?' એમ કહીને ફરી ઉપરોક્ત લખાણ વંચાવ્યું. પછી સૌને સંબોધતાં સ્વામીશ્રી કહે: 'આપણા ભગવાન શ્રીજીમહારાજ એક જ. આપણી પરંપરા છે તેમાં સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી એક જ. એ જેવું થવા કોઈ સમર્થ નથી. એમના જે ભક્ત ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે. આપણે એ રૂપ થવાનું છે ને ભગવાનની ભક્તિ કરવાની છે. પછી કોઈ કહે કે જોગીજી મહારાજ ભગવાન થાય છે ને શાસ્ત્રીજી મહારાજ ભગવાન થયા છે એ વસ્તુ છે જ નહીં. દાસ, સેવકની જ વાત છે. ભગવાન તો શ્રીજીમહારાજ જ છે. જો શાસ્ત્રીજી મહારાજ ભગવાન થયા હોય તો પોતાનું જ ભજન કરાવ્યું હોત ને! પણ એમ નથી. માટે આપણે બોલવા-ચાલવામાં આ ખાસ ધ્યાન રાખવાનું કે આ તો ભગવાન સાક્ષાત્ શ્રીજીમહારાજ જ છે એવી વાત ન કરવી. ભગવાન શ્રીજીમહારાજના ધારક સંત છે એમ મર્યાદા રાખવી.'

● તા. ૯-૭-૧૯૮૮ના રોજ પ્રમુખસ્વામી મહારાજ એટલાન્ટામાં એક જાહેર સભામાં જવા પોતાના ઉતારેથી બહાર નીકળી રહ્યા હતા. એ જ સમયે એક ભાવિક ઇન્દ્રજિતસિંહ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ એક મોટેલ બાંધવાના હતા. તેના ભૂમિપૂજન માટે કપડામાં માટી બાંધીને લાવ્યા હતા. તેમની ઇચ્છા હતી કે આ માટી પર સ્વામીશ્રી ચરણ મૂકે એટલે ભૂમિ પ્રસાદીની થઈ જાય.

તેઓ કપડું પહોળું કરીને માટી પાથરી બેઠા અને સ્વામીશ્રીને તેના પર પગલાં કરવા વિનંતી કરી. તરત જ સ્વામીશ્રીએ સાથેના સંતને એ માટી પર ઠાકોરજીનાં ચરણ પધરાવવા કહ્યું ને પોતે કોઈનો ટેકો લીધા વગર ઝડપથી માટી પાસે નીચે બેસી ગયા. પછી જાતે હાથમાં ઠાકોરજીને લઈને માટી પર ચલાવ્યા! ચરણમાં ધૂળનો સ્પર્શ કરાવ્યો ને ઘણીવાર તેના પર વિરાજિત કર્યા. પુષ્પની પાંદડી મૂકી પ્રાર્થના કરી, ઇન્દ્રજિતસિંહને કાર્ય ફતેહ થાય તે માટે આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રીની આ દાસત્વભક્તિથી (**અનુસંધાન પૃ. ૪૬ પર**)

# બ્રહ્મભઠ્ઠીમાં ખીલેલું બ્રહ્મપુષ્પ :

## બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ



પૂર્વકથા:

*જગતમાં આધ્યાત્મિક ઈતિહાસમાં સાધનાઓ અનેક છે અને સાધકો પણ અનેક છે. તેની પણ ગાથાઓ અનેક છે. પરંતુ એ અગણિત ગાથાઓમાં એક સર્વોત્તમ ઉદાહરણ પૂરું પાડનાર હતા - બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ.*

*ભગતજી મહારાજની સાધના હતી - ગુરુઆજ્ઞા.*

*અને એ ગુણાતીતયજ્ઞ એટલે કે બ્રહ્મયજ્ઞની ફલશ્રુતિ હતી - ગુરુકૃપાથી પરબ્રહ્મનો સાક્ષાત્કાર.*

*ગુરુઆજ્ઞા રૂપી બ્રહ્મભઠ્ઠીમાં એક બ્રહ્મપુષ્પ રૂપે ખીલી ઊઠેલા ભગતજી મહારાજે શ્રેષ્ઠ સાધક શિષ્યના રોલ મોડલ તરીકે એક અનોખો રાહ ચીંધ્યો છે.*

*એક આદર્શ શિષ્ય તરીકેની ભગતજીની એ વિરલ સાધનાની કેટલીક વાત પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની લેખશ્રેણીમાં સન ૨૦૧૬માં માણી હતી. 'સ્વામિનારાયણ પ્રકાશ'ના ઑગસ્ટ, ૨૦૧૬ના અંકમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની અજોડ સાધનાની વાતોનો પૂર્વાર્ધ સમજ્યા બાદ, એક દીર્ઘ અંતરાલ બાદ પુનઃ તેનો જ દોર આ લેખમાં સંધાય છે.*

*વિક્રમ સંવત ૧૯૧૭માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ નવયુવાન ભગતજી મહારાજની સેવાથી પ્રસન્ન થઈને તેમને કહ્યું હતું: 'તમે જે માગશો તે હું આપીશ.' વળી, વણમાગ્યું તેમણે એમ પણ કહ્યું હતું: 'તું ઘરે જા, બાર મહિનામાં તને ૬૦,૦૦૦ રૂપિયા મળશે અને તે વડે તું સંસારમાં રહીને સાધુનો યોગ કરી આનંદ કરજે.' પરંતુ ભગતજી તો પોતાના લક્ષ્યમાં કટિબદ્ધ હતા. તેથી પ્રલોભનોમાં લેવાયા સિવાય તેમણે ત્રણ આધ્યાત્મિક વરદાન માંગ્યાં: તમારું જ્ઞાન આપો, તમારું ઘર એટલે કે અક્ષરધામ દેખાડો અને મારો જીવ એવો સત્સંગી કરો કે સ્વામિનારાયણ ભગવાન એક અણુ જેટલા પણ છેટા ન રહે.*

*આધુનિક નચિકેતા જેવા ભગતજીની આ પ્રાર્થનાથી વધુ પ્રસન્ન થઈને સ્વામીએ કહ્યું કે 'મરણિયો થાય તો આ જ્ઞાન મળે' ભગતજીએ મરણિયા થવાની તત્પરતા દર્શાવી એટલે*

*સ્વામીએ તેમને ત્રણેય વરદાન સિદ્ધ કરાવવાનો કોલ આપ્યો. ત્યારપછી ભગતજીએ સતત ૩ વર્ષ દેહની પરવાહ છોડીને ગુરુ ગુણાતીતની આજ્ઞા-અનુવૃત્તિનું પાલન કર્યું, ગુરુવચને સાધુનો કસબ જાણ્યો અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં શરીરના ભાવોથી પર થઈને ગુણાતીતમય બની ગયા. ત્યારપછીની વાત અહીં આગળ જાણીએ...*

■ સાધુ વિવેકસાગરદાસ

એક સુભાષિતમાં કહ્યું છેઃ

'तप्तं तप्तं पुनरपि पुनः कांचनं कान्तवर्णम् ॥'

'સોનાને જેમ વધુ તપાવો તેમ તે વધુ ચળકે છે.'

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનું તેજ તાવણીમાં વિશેષ ચમકી રહ્યું હતું.

એ તાવણી હતી – ગુણાતીતની તાવણી.

ગુરુ-આજ્ઞા અને ગુરુવચનમાં વર્તવાની તાવણી.

ભલભલા સાધકો જ્યાં હિંમત હારી જાય, એવી એ ગુણાતીત તાવણીમાં તો ભગતજી મહારાજ જેવા સાચા શૂરવીર સાધકનું જ કામ. એવી બ્રહ્મભઠ્ઠીમાં ભગતજી મહારાજ જેવું બ્રહ્મપુષ્પ જ ખીલી શકે.

આવા કૃતનિશ્ચયી સાધકને બિરદાવતાં મુક્તાનંદ સ્વામી કહે છે :

*અડગ સંગ્રામને સમે ઊભા રહે, અર્પવા શીશ આનંદ મનમાં;*
*ચાકરી સુફળ કરવા તણે કારણે, વિકસ્યું વદન ઉમંગ તનમાં;*
*શૂર સંગ્રામને દેખતા નવ ડગે, દેખતા નવ ડગે,*
*ડગે તેને સ્વપ્ને સુખ ન હોયે....*

વિખ્યાત અમેરિકન કવિ હેન્રી વડ્ર્સવર્થ લોંગફેલોએ સત્ય કહ્યું છેઃ

"Heights by great men, reached and kept,
not by a sudden flight,
but when their companions slept,
were toiling upwards in the night."

નિશાન એકાએક લેવાતું નથી, પણ કાયરો જ્યારે સૂઈ રહે છે, ત્યારે નિશાન લેવા મથતા શૂરવીરો રાત-દિવસ નિશાન તરફ કૂચ કરતા હોય છે.

ભગતજી પોતાનું એ આધ્યાત્મિક નિશાન લેવા માટે ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આપેલા કોલ મુજબ મરણિયા થઈને સમર્પિત થઈ ગયા હતા.

બકરીને દોહવી સહેલી પણ સાચા ગુણાતીત ગુરુને રાજી કરવા તે તો સિંહણને દોહવા જેવું કઠણ કામ છે. ભગવાનરૂપી મોજ લેવા નીકળેલા શિષ્યને ગુરુ પ્રથમ તો આકરી કસણીમાં લે છે. તેમાં પાર પડે પછી જ ગુરુ તેને અક્ષરધામ રૂપી નિશાન લેવાની રીત બતાવે છે.

એક શિષ્ય ગુરુની કસણીથી કંટાળ્યો હતો. એક વાર ગુરુએ તેને માટલી લઈ નદીએ પાણી ભરવા મોકલ્યો. શિષ્યે વિચાર્યું કે આ સારો લાગ મળ્યો છે. નદીથી બારોબાર ભાગી જવું. તે માટલી નદીકિનારે મૂકી ભાગવા જતો હતો, ત્યાં તેણે અવાજ સાંભળ્યોઃ 'ઊભો રહે, ઊભો રહે.'

તેને થયું કે 'કોણ તેને ઊભા રહેવાનું કહે છે?' ત્યાં તેણે જોયું કે માટલી બોલતી હતી! તે ઊભો રહી ગયો.

માટલીએ કહ્યુંઃ 'બસ, ગુરુની આટલી કસણીમાં થાકી ગયો? તો સાંભળ મારી કથની.'

'હું પૂર્વે મારા ભાંડુ સાથે વગડામાં આનંદથી રહેતી હતી. ત્યાં એક કુંભાર આવ્યો. તેણે 'कुद्दालेन विदारीता वसुमती' કોદાળીથી મને મારા ભાંડુઓથી વિખૂટી કરી 'पश्चात् खरारोहणम्।' પછી મને ગધેડા પર ચડાવી, ઘેર લાવીને, ડફણાં મારી મારીને મારી કેડો તોડી નાખી. પછી પાણી છાંટીને 'यत्पापीष्टकुलालपादहननम्।' તે પાપી કુંભારે મને પગથી ખૂંદી નાખી. પછી મારો પીંડો વાળીને મને ચાકડે ચડાવીને 'दण्डेन चक्रभ्रमम्' દંડાથી ચાકડો ફેરવ્યો. મારું તો માથું ફરી ગયું. પછી મારો આવો ઘાટ ઘડીને 'रज्वा छेदनम्' દોરીથી કાપીને મને ચાકડેથી ઉતારી. મને જરા હાશ થઈ ત્યાં તો 'ताडनम्' અંદર ગોલીટો રાખીને મારા આખા શરીર ઉપર ખૂબ ટપલાં માર્યાં. પછી તો મને ધગધગતા નિભાડામાં નાંખી 'दहनम्' કર્યું. મને એવી તપાવી, એવી તપાવી કે મારો તો રંગ જ બદલાઈ ગયો. આ બધું 'यन्मेऽपि सह्यं मया' મેં મૂંગે મોઢે સહન કર્યું. છેલ્લે મને ફરી પાછી ગધેડા ઉપર ઝોલામાં ભરીને બજારમાં વેચવા લઈ ગયો. ત્યાં પણ 'ग्रामस्त्रीकरटङ्कणं बहु कृतम्' ગામની બાઈઓએ 'હું કાચી છું કે પાકી' તેની ખાત્રી કરવા સારુ મારા ઉપર ઘણા ટકોરા માર્યા. 'तन्मेऽपि दुःखं महत्' મને ખૂબ દુઃખ થયું. છેવટે તારા ગુરુએ મને પસંદ કરી ને હું ગુરુની માટલી બની ગઈ ને તારા જેવા બ્રહ્મચારીના મસ્તકે બેસવાનું મને સૌભાગ્ય મળ્યું. આ સૌભાગ્ય પ્રાપ્ત કરતાં પહેલાં મારી જેવી કસણી

થઈ છે, તેવી તો તારી હજુ ક્યાં કસણી થઈ છે?'

માટલીની કથા સાંભળીને શિષ્યમાં બળ આવી ગયું. પછી માટલીને નમસ્કાર કરી, તેને માથે ચડાવીને, બ્રહ્મઘાટ પામવા પાછો આશ્રમમાં ગુરુ પાસે આવી ગયો.

ગુરુવચને આવી રીતે વર્તતા શિષ્યો માટે મુક્તાનંદ સ્વામી યથાર્થ કહે છેઃ

*'વચન પ્રમાણે તેની પેઠે વર્તતા, એક પગભર ઊભા જ સૂકે.'*

પ્રમુખસ્વામી મહારાજના અમૃત મહોત્સવે મુંબઈમાં પધારેલા હવાઈ ટાપુના શિવમંદિરના મહંત પૂજ્ય શિવાય સુબ્રહ્મણ્યમજીએ સભામાં સાધનાની ગુરુચાવી બતાવતાં 'Obey your Guru, Obey your Guru, Obey your Guru' તમારા ગુરુના વચનમાં વર્તો, એમ ત્રણ વખત કહ્યું હતું.

જૂનાગઢ મંદિરમાં નવી હવેલીના બાંધકામ વખતે તપ, ત્યાગ, વૈરાગ્ય અને આત્મનિષ્ઠાથી સાડા ત્રણ વર્ષ ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિએ મન, કર્મ અને વચને સેવા કરી, ગુરુવચને તનના ચૂરેચૂરા કરીને, તેમનો રાજીપો મેળવી, છતીદેહે પરબ્રહ્મની મોજ માણનાર બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તની બ્રહ્મસાધનાનો જોટો આધ્યાત્મિક ક્ષેત્રે જડે તેવો નથી.

કઠણ કસોટીઓમાંથી પસાર થયેલા શિષ્ય ઉપર ગુરુનો રાજીપો ઊતરે છે ને ગુરુ તેને મોહનું સૈન્ય જીતવાના ઉપાયો બતાવે છે. શિષ્યને પણ બળ રહે છે કે 'ગુરુ મારી સાથે છે. એટલે તેમની સહાય ને કૃપાથી હું જંગ જરૂર જીતી જઈશ જ.'

એટલે જ મુક્તાનંદ સ્વામી હિંમત બંધાવતાં કહે છેઃ

*'તે ગુરુદેવ તો તાહરી કોર છે...'*

જો કે ગુણાતીતાનંદ સ્વામી તો ભગતજીની કોરે હોવા છતાં કસોટીમાં પણ કસર છોડતા નહોતા.

ગઢપુરના પાર્ષદ માના ભગત આમ તો ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે છાનો દ્વેષભાવ ધરાવતા હતા, પરંતુ તેમ છતાં સ્વામીની દિવ્યતાનો પણ તેમને પરિચય હતો. આથી તેઓ એક વખત જૂનાગઢ આવ્યા હતા ત્યારે તન તોડીને સેવા કરતા પ્રાગજી ભક્તને જોઈને ગુણાતીતાનંદ સ્વામીને કહેવા



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની સેવા-ભક્તિ-આજ્ઞાપાલન વગેરે સાધનાથી પ્રસન્ન થઈને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ તેમને માગવાનું કહ્યું ત્યારે ભગતજીએ ત્રણ વરદાનો માંગ્યાં હતાં. જગત-સુખને બદલે ભગતજીએ માંગેલાં એ આધ્યાત્મિક વરદાનનો અદ્‌ભુત વાર્તાલાપ પ્રસિદ્ધ કાવ્ય-કીર્તનમાં ગૂંથી લેવામાં આવ્યો છે. અહીં એ કીર્તનને મમળાવીએ અને ભગતજીની ધ્યેય-દૃઢતાને વધાવીએ...

**ગુણાતીતાનંદ સ્વામી :**

*માગો માગો ભગતજી આજ, જે જે માગો તે દઈએ,*
*તમે બહુ સેવાના કરનાર, તમ પર રાજી અમે છઈએ....માગો.ટેક*

**સાખી :** *સાધુ થઈ શું આપશે, એમ ધારશો મનમાં નહિ,*
*શ્રીજી અમારું માનશે, નવ રાખશો સંશય કંઈ,*
*મળશે જગનો સુખભંડાર, એવું અભય વચન કહીએ....માગો. ૧*

**ભગતજી મહારાજ :**

**સાખી :** *સંસારનું જે ક્ષણિક સુખ, તે સુખ છે શા કામનું,*
*રાજી થયા હો તો ગુરુજી, જ્ઞાન દ્યો ગુરુ આપનું,*
*મારો જીવ સત્સંગી થાય, પ્રભુની સમીપમાં રહીએ....માગો. ૨*

**સાખી :** *તમ શરણમાં આવ્યો ગુરુજી, આપો મુજ મન માનતું,*
*બીજી કશી આશા નથી, એક સુખ દ્યો ઘનશ્યામનું,*
*તમે ગુરુ ક્યાંના છો વસનાર, તમારું ઘર ક્યાં ત્યાં જઈએ....માગો. ૩*

**ગુણાતીતાનંદ સ્વામી :**

**સાખી :** *દેહની પરવા તજી ઘરબાર છોડી અહીં રહો,*
*અમ રાજીપો તો છે અનેરો, વચન એ ચિત્તમાં ધરો,*
*તમારો બળિયો જીવ ગણાય, આવું માગ્યું નહિ કોઈએ....માગો. ૪*

**સાખી :** *તપ, ત્યાગ ને વૈરાગ્યથી, નિવૃત્તિધર્મને આચરો,*
*આ સાધુમાં જીવ જોડીને, તન મન થકી સેવા કરો,*
*ત્યારે સિદ્ધદશાને પમાય, તમે જે માગ્યું તે દઈએ....માગો. ૫*

લાગ્યાઃ ''સ્વામી! આ પ્રાગજી બીચારો ઘરબાર છોડીને તમારી પાસે ધ્યાન શીખવા રહ્યો છે; ત્યારે તમે તો એને ધ્યાનમાં બેસારતા નથી અને ઊલટા સેવા કરાવો છો અને ઉપવાસ કરાવીને ઠૂસ કાઢી નાખો છો.''

સ્વામી પણ પોતાના અપરિમિત પ્રભાવની કંઈક ઝાંખી આ માના ભગતને થાય તે માટે બોલ્યાઃ ''હું તો પથરા ઊંચકાવીશ ને ભગવાન આપીશ. સાઠ હજાર વર્ષના તપે જે નથી થતું તે અહીં એક પળમાં થાય છે. આ સાધુનાં વચન પ્રમાણેની સેવામાં ધ્યાન તો શું પણ બ્રહ્માકારે સ્થિતિ જ થવા માંડે છે. આ તો મંદિર કહેવાય, તે બેસી ન રહેવાય અને અહીંની સેવા એ ભગવાનની સેવા – નિવૃત્તિ ધર્મ ગણાય. જેને ગરજ હોય તે રહે. પ્રાગજીને ગરજ હોય તો તે રહે અને નહીં તો રસ્તો મોકળો પડ્યો છે.''

ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની એવી કૃપા ભગતજી મહારાજ પર ઊતરી હતી. એટલે ભગતજીને તેમણે સાધુનો કસબ શિખવાડ્યો હતો. અને સ્વામીની કૃપાથી ભગતજી તે પૂર્ણપણે શીખી ગયા હતા. સ્વામીએ શીખવેલો સાધુનો એ કસબ એટલે માન-સન્માનમાં એકતા. હાથીની અંબાડીએ બેસાડીને સન્માન થાય કે કોઈ મસ્તક પર ધૂળ નાંખે તેમાં સમભાવ. નેત્ર, જિહ્વા વગેરે ઇન્દ્રિયો પરનો વિજય. તલવાર અને મ્યાન નોખાં ખખડે તેમ દેહ અને આત્મા નોખાં ખખડે. ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય. ત્રણેય અવસ્થામાં ભગવાનનું ભજન.

સ્વામીની કૃપાથી ભગતજી મહારાજે એ સિદ્ધ કરી લીધું હતું. અહોરાત્ર સેવા કરતાં ભગતજી મહારાજ હવે ક્રિયા અને ભજનની જુગલબંધી શીખી ગયા હતા. ક્રિયામાં ભગવાનનો યોગ એમણે સાધી લીધો હતો. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં કહ્યું છેઃ 'ભજન કરતાં કરતાં ક્રિયા કરે...' ભગતજી ભજન કરતાં કરતાં ક્રિયા કરતા હતા એટલે ભગવદ્ ગીતામાં કહેલ 'યોગઃ કર્મસુ કૌશલમ્' - કર્મમાં યોગ એમણે ત્રણેય અવસ્થામાં સિદ્ધ કરી લીધો હતો.

હવે છેલ્લો ગઢ તોડવાનો હતો. એ હતો – બ્રહ્મ-પરબ્રહ્મના સાક્ષાત્કારનો.

સંવત ૧૯૨૦ના ચોમાસાના દિવસો આવ્યા. હવે સ્વામીને એમ જ થઈ ગયું કે પ્રાગજીને ક્યારે સુખ આપીએ?

એક દિવસ ભગતજીને એકાંતમાં બોલાવીને સ્વામીએ કહ્યુંઃ ''પ્રાગજી! હવે તો નિવૃત્તિથી ભજનમાં બેસે તો મહારાજનું સુખ આપીએ.''

તે સાંભળી ભગતજી હર્ષ-પુલકિત થઈ ગયા.

પછી તો નવી ધર્મશાળામાં લઘુના ખાડા પાસેના ઓરડામાં સ્વામીએ તેમને ધ્યાનમાં બેસાર્યા. નવ દિવસ અખંડ ધ્યાનમાં બેસાર્યા પછી દસમે દિવસે સ્વામી ઓરડામાં આવ્યા અને ધ્યાનસ્થ પ્રાગજી ભક્તને પૂછ્યુંઃ ''પ્રાગજી! અંતરમાં કંઈ દેખાય છે?''

ત્યારે ભગતજીએ હાથ જોડી કહ્યુંઃ ''હા, મહારાજ! સાધુ દેખાય છે અને ભજન કરું છું.''

ત્યારે સ્વામી કહેઃ ''સાધુ દેખાય છે તો બધું દેખાશે. આજે સાવધાન થઈને બેસજે.'' એમ કહી સ્વામી ઓરડો બંધ કરી બહાર ગયા.

પછી તે જ દિવસે રાત્રિના અગિયાર પછી ધ્યાન કરતાં ભગતજીને તેજનો સમૂહ દેખાયો, જેમાંથી અખંડ અવિનાશી સુખના ફુવારા નીકળ્યા અને અધો-ઊર્ધ્વ અને ચારેકોરે પ્રમાણે રહિત તે સચ્ચિદાનંદ તેજમાં સ્વામિનારાયણ ભગવાનની અતિશય સૌમ્ય અને મનોહર મૂર્તિનાં દર્શન થયાં. મહારાજ નાના પ્રકારની લીલા અને વિલાસ કરતા હતા. ભગતજીને હર્ષનાં અશ્રુ ચાલ્યાં અને ગદ્ગદિત થઈ રોમાંચિત ગાત્ર થઈ ગયાં. કંઠ રૂંધાઈ ગયો. એકી નજરે મહારાજની મૂર્તિનાં દર્શન કર્યાં જ કરે. પોતાને અહો! અહો! ધન્યભાગ્ય માને.

એ પ્રમાણે શ્રીજીમહારાજે અખંડ અલૌકિક સુખના સમુદ્રમાં ભગતજીને લીન કરી દીધા. પરમ આનંદ અને શાંતિ થઈ ગઈ. ભગતજીએ અતિ ગદ્ગદ કંઠે, સ્તુતિ કરી : 'હે મહારાજ! મને તો આપે ન્યાલ કરી નાખ્યો અને બહુ જ સુખ, આનંદ, ઐશ્વર્યનો અનુભવ કરાવ્યો. આવા અઢળક ઢળ્યા તેનું શું કારણ હશે? મોટા મોટા ઋષિમુનિઓ કેવાં કેવાં સાધન કરે છે અને પૂર્વના ભક્તોએ કેવાં કેવાં સાધન કર્યાં છે અને કેવાં કેવાં કષ્ટો વેઠ્યાં છે, તેના શતાંશ ભાગનું પણ મેં વેઠ્યું નથી, સાધન કર્યું નથી; તો પણ અતિ દુર્લભ, અમાપ, અનંત અપાર એવું જે સુખ અક્ષરમુક્તોને ધામમાં છે તે મને આપ્યું છે.''

ભગતજીની સ્તુતિ સાંભળીને મહારાજ મંદ મંદ હસતાં હસતાં બોલ્યાઃ ''ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપથી જ આ સર્વ સુખ તને મળ્યું છે.''

એમ કહી અંતર્ધાન થઈ ગયા કે તરત જ સ્વામી ત્યાં આવ્યા અને બૂમ મારી કહ્યુંઃ ''પ્રાગજી! ઉઘાડ.''

ત્યારે ભગતજીએ બારણું ઉઘાડ્યું. સ્વામી અંદર આવી બોલ્યાઃ ''કેમ આનંદ થયો કે નહીં?''

ત્યારે પોતે પગે પડીને બોલ્યાઃ ''મહારાજ! બહુ આનંદ થયો. તમે તો મને ન્યાલ કરી દીધો.'' એમ કહી સ્વામીનાં ચરણ પકડી બહુ જ સ્તુતિ કરી.

પછી સ્વામીએ હાથ ઝાલી ઊભા કર્યા અને મળ્યા.

પછી ભગતજીએ સ્વામીને પૂછ્યું: ''સ્વામી! મહારાજ તો જરિયાની કસુંબલ વસ્ત્ર પહેરતા અને આ તો દિવ્ય ભગવાં વસ્ત્ર દેખાયાં તેનું શું કારણ હશે?''

ત્યારે સ્વામી બોલ્યા: ''તારે સાધુને વિષે હેત છે તેથી સાધુરૂપે ભગવાન દેખાયા.'' એમ કહી દૃષ્ટિ કરી કહ્યું: ''હવે અંતરમાં જો. કેવા દેખાય છે?''

ત્યારે ભગતજી તો અતિ આનંદિત થઈ ગયા અને કહ્યું: ''હવે તો તેજસ્વી, દિવ્ય, મુગટ, અલંકાર અને સોનેરી વસ્ત્ર સહિત દેખાય છે.''

એ રીતે સ્વામીએ અતિકૃપાના ફળરૂપે ભગતજીને સ્થિતિ કરાવી દીધી. ભગતજી પણ સ્વામીનો આવો દિવ્ય પ્રતાપ જોઈને બોલ્યા: ''સ્વામી! મહારાજને મેં પૂછ્યું: 'આટલા બધા અઢળક ઢળ્યા તેનું શું કારણ?' ત્યારે મહારાજે કહ્યું: 'તેં સ્વામીને વશ કર્યા છે અને હું સ્વામીને વશ છું. તે સ્વામીની મરજીથી આજથી તારે વશ છું અને તને આવો અલૌકિક પ્રતાપ અને સુખ આપું છું.''

આવી રીતે મન-કર્મ-વચને સ્વામીને રાજી કર્યા તેથી તેમને સત્તરની સાલમાં આપેલ કોલ સ્વામીએ વિક્રમ સંવત ૧૯૨૦ના ચોમાસામાં પૂરો કર્યો અને અક્ષરબ્રહ્મ સાથે સ્થિતિ કરાવી, અનુભવજ્ઞાન સિદ્ધ કરાવી, એકાંતિક ધર્મ પમાડ્યો અને અક્ષરપુરુષોત્તમના સ્વરૂપનો અપરોક્ષ અનુભવ કરાવ્યો.

ભગતજીની આવી ગુણાતીત સ્થિતિની સૌને પ્રતીતિ કરાવવા એક વખત સ્વામીએ સદ્. બાલમુકુન્દદાસને કહ્યું કે ''પ્રાગજી ભગતને બોલાવી લાવો.''

બાલમુકુન્દદાસ સ્વામી ભગતજીના આસને ગયા, પરંતુ ભગતજી સૂઈ ગયા હતા. તેથી તેમણે બે-ત્રણ વખત કહ્યું: ''પ્રાગજી ભગત! ઊઠો, સ્વામી બોલાવે છે.'' પરંતુ ભગતજી જાગ્યા નહીં.

એટલે સ્વામી પાસે આવીને કહ્યું: ''પ્રાગજી ભગત તો સૂઈ ગયા છે અને ઊઠતા નથી.''

એટલે સ્વામીએ પૂછ્યું: ''તમે તેમને ઉઠાડવા માટે શું કહ્યું હતું?''

એટલે બાલમુકુન્દદાસ સ્વામીએ કહ્યું: ''મેં બે ચાર વખત 'પ્રાગજી ભગત, પ્રાગજી ભગત' એ પ્રમાણે કહ્યું હતું.''

એ સાંભળી સ્વામી હસ્યા અને ફરી કહ્યું: ''હવે જઈને કહો કે ગુણાતીત ઊઠો.''

એ પ્રમાણે બાલમુકુન્દદાસ સ્વામીએ ભગતજી પાસે જઈને કહ્યું એટલે ભગતજી તરત જ ઊઠ્યા અને સ્વામી પાસે આવ્યા. એટલે સ્વામીએ કહ્યું: ''પ્રાગજી ભગત હવે પ્રાગજી નથી રહ્યા. એ તો ગુણાતીત થઈ ગયા છે. એટલે તમે એને 'પ્રાગજી પ્રાગજી' કહો, તે કેમ સાંભળે?''

આમ, ત્રણેય અવસ્થામાં ભગતજી ગુરુ ગુણાતીતમય બની ગયા હતા.


એક વખત ગણોદના દરબાર અભેસિંહજી અને બીજા ગરાસિયાઓ ગુણાતીતાનંદ સ્વામી પાસે આવીને બેઠેલા ત્યારે સ્વામી અંતરના ઉમળકાથી બોલી ઊઠ્યા હતા: 'દરબાર! મને એક આશ્ચર્ય થયું છે કે કેળે તો કેળાં પાકે પણ આજ તો થોરે કેળાં પાકે તે શું? ચોકમાં પેલો ચૂનો કાલવે છે તે છે તો દરજીનો છોકરો, પણ મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખીને, મોટા મોટા યોગીઓને પણ દુર્લભ એવો દૃઢ યોગાભ્યાસ સિદ્ધ કરીને, મન-ઇન્દ્રિયો વશ કર્યાં છે, અને ત્રણે અવસ્થામાં અખંડ ભજન કરે છે.''

તે સાંભળી દરબાર બોલ્યા: ''સ્વામી! આપના પ્રતાપથી બધુંય થાય. આપની એણે અત્યંત સેવા કરી છે તેનું ફળ તેને મળ્યું છે.''

ત્યારે સ્વામી કહે: ''અત્યાર સુધી તો એણે પુરુષપ્રયત્ન કર્યો છે, અને અમારી સેવા અને રાજીપાનું ફળ તો હજુ હવે મળશે. એણે સાડા ત્રણ વર્ષ સુધી દેહને લગાર પણ ગણ્યો નથી અને કોઈ સાધારણ મુમુક્ષુથી ન થઈ શકે એવાં દુષ્કર સાધનો તેણે કર્યાં છે. એ તો અનાદિનો જ ભક્ત છે અને તેથી જ અમારી અનુવૃત્તિ બહુ રાખી શક્યો છે, પરંતુ કોઈ પ્રાકૃત ભક્તથી એવું બને નહીં.'' એમ કહી ભગતજીને બોલાવી રાજી થઈને મળ્યા.


પ્રાગજી ભક્ત સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો રાજીપો પામી ગયા. બીજા શબ્દોમાં કહો તો, સિંહણને દોહી લીધી. સાધના

“



ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની કૃપા ભગતજી પર ઊતરી હતી. એટલે ભગતજી સાધુનો કસબ પૂર્ણપણે શીખી ગયા હતા. સ્વામીએ શીખવેલો સાધુનો કસબ એટલે માન-સન્માનમાં એકતા. ઇન્દ્રિયો પરનો વિજય. દેહ અને આત્મા નોખાં ખખડે. ત્રણેય અવસ્થામાં ભગવાનનું ભજન.

”



> ભગતજી માટે આપણે એક શબ્દ કહી શકીએ: ‘બ્રહ્મભઠ્ઠીમાં ખીલેલું બ્રહ્મપુષ્પ.’ આ બ્રહ્મપુષ્પ જીવનભર કરમાયું નથી. એની નજાકતતા, એની પ્રફુલ્લિતતા, અને સૌરભ એવી ને એવી જ રહી છે. ભયંકર અપમાન કે સન્માનમાં, ગમે તે પરિસ્થિતિમાં તેઓ સદા ખીલેલા રહેતા. હંમેશાં પ્રફુલ્લિત રહેતા.

એટલે માત્ર ડુંગળી-લસણ ન ખાવાં કે નાનાં-મોટાં વ્રત-તપ કરવાં તે નથી. સાધના તો ભગતજી મહારાજની જેમ હૈયું તોડી નાખે ત્યારે થાય છે. જૂનાગઢમાં બીજા ૨૦૦ સાધુઓ હતા, પરંતુ તે રહી ગયા અને ભગતજી પામી ગયા.

*જો સોવત હૈ વો ખોવત હૈ,*
*જો જાગત હૈ વો પાવત હૈ,*
*ઊઠ જાગ મુસાફિર, ભોર ભઈ...*

ભગતજી મહારાજ જાગતા હતા. તો એ પામી ગયા.

એક અદ્‌ભુત વાત બની ગઈ. આનું નામ કહેવાય સ્વામિનારાયણીય સાધના. બસ, સાડા ત્રણ વર્ષમાં જગતભરના સાધકો માટે એક અદ્વિતીય રોલમોડલ બની ગયા ભગતજી મહારાજ.

આમ છતાં, એ જમાનામાં તેમના વિષે જાતિભાવ પરઠનારા કેટલાક દ્વેષીઓના કહેવાથી, એક દિવસ ભાડેર, ગણોદ, જાળિયા વગેરેના હરિભક્તોએ સ્વામી પાસે આવીને કહ્યું: ‘‘સ્વામી! તમે આ શું કર્યું? કોઈ બ્રાહ્મણ, બ્રહ્મચારી, સાધુ આદિ પ્રતિષ્ઠાવાળાને ઐશ્વર્ય આપવાનું મૂકીને આ દરજીને અપાર ઐશ્વર્ય આપ્યું!’’

ત્યારે સ્વામી હસીને બોલ્યા: ‘‘એણે મારી મન, કર્મ, વચને સેવા કરી અને દેહને ન ગણ્યું, તેથી હું રાજી થઈ ગયો છું. હાથછૂટી બલા જેવું થઈ ગયું છે.’’

તે સાંભળી તે સર્વેએ સ્વામીને કહ્યું: ‘‘સ્વામી! તેનું તો હવે કંઈ નહીં, પણ જેમ મહારાજે શેખજી અને રવજીને ઐશ્વર્ય આપ્યું હતું અને તે પાછું ખેંચી લીધું, તેમ તમે હવે તે પાછું ખેંચી લ્યો.’’

ત્યારે સ્વામી બોલ્યા: ‘‘આ કાંઈ થોંટબોટિયું નથી કે એમ લઈ લેવાય. ખરા રાજીપાનું છે, આ તો પાતાળે પાયા નાખ્યા છે. તે પાછું ખેંચી લેવાય તેમ નથી... જેટલી બ્રહ્મવિદ્યા આ પ્રાગજીને શિખવાડી છે, તે તમામ તેણે મારી પાસે લાગટ ત્રણ વરસ રહીને સિદ્ધ કરી છે. તેથી તે જાય તેવી નથી. અને બ્રહ્મવિદ્યામાં તે અજિત અને સર્વોપરી છે. વળી, આવી પરાવિદ્યા જેને આપતાં આવડતું હશે તેને પાત્ર પણ ઘડતાં આવડતું હશે. માટે તમારે કંઈ ચિંતા રાખવી નહીં. ભગવાન કે મોટા સાધુ તો જાત, વર્ણ કે આશ્રમ કંઈ જોતા નથી. એ તો જે પોતાને મન-કર્મ-વચને સેવે, તેને પોતે રાજી થઈને પોતા જેવો કરે છે.’’

હા, સ્વામીએ પાત્ર ઘડી દીધું અને તેમાં બ્રહ્મરસ રેડી દીધો.

એટલા માટે ભગતજી માટે આપણે એક શબ્દ કહી શકીએ: ‘બ્રહ્મભઠ્ઠીમાં ખીલેલું બ્રહ્મપુષ્પ - ભગતજી.’ આ બ્રહ્મપુષ્પ જીવનભર કરમાયું નથી. એની નજાકતતા, એની પ્રફુલ્લિતતા, અને સૌરભ એવી ને એવી જ રહી છે. ભગતજીનું ખૂબ જ અપમાન થયું છે, સુખ-દુ:ખ પણ આવ્યું છે, ઝેર પણ આપવામાં આવ્યું છે, વિમુખ કરવામાં આવ્યા છે, એમનું છેલ્લે વિક્રમ સંવત ૧૯૫૩ની સાલમાં જૂનાગઢમાં સન્માન પણ થયેલું છે. પણ ગમે તે પરિસ્થિતિમાં તેઓ સદા ખીલેલા રહેતા. હંમેશાં પ્રફુલ્લિત રહેતા.

કારણ એટલું જ હતું કે તેમણે જીવનની સાર્થકતા પામી લીધી હતી. સુખ-સુવિધાઓ છોડીને, મરણિયા થઈને, ગુરુવચને બ્રહ્મભઠ્ઠીમાં ઝંપલાવી દીધું હતું.

પ્રખ્યાત અમેરિકન લેખક અને પ્રોફેસર જ્હોન ઓગસ્ટસ શેડનું પ્રસિદ્ધ વાક્ય યાદ આવે છે: A ship in harbor is safe, but that is not what ships are built for.

કિનારે નાંગરેલું વહાણ સલામત છે, પણ વહાણ એ માટે નથી બન્યું. તેને તો મરણિયા થઈને મધદરિયે ઘૂમવા માટે બનાવવામાં આવ્યું છે.

તેમ જીવનનો હેતુ પણ ભગતજીની જેમ મરણિયા થઈને આવી બ્રાહ્મીસ્થિતિ પામવાનો છે, તેને ભૌતિક સુખ-સુવિધાના કિનારે રાખી મૂકવાનો નથી.

ભગતજીને જે ગુણાતીત ગુરુ મળેલા એ જ ગુણાતીત ગુરુ વર્તમાન સમયે આપણને મહંત સ્વામી મહારાજ રૂપે પ્રાપ્ત થયા છે. ગુરુ તો ગુણાતીત છે, પણ બાકી એટલું જ રહ્યું કે આપણે ભગતજી મહારાજ જેવા થવાનું. મહંત સ્વામી મહારાજને અનુવૃત્તિ, આત્મબુદ્ધિ, મહિમા, સેવા અને નિર્દોષબુદ્ધિથી સેવીને આપણે પણ થઈએ ભગતજી જેવા. આપણે પણ બ્રહ્મભઠ્ઠીમાં બ્રહ્મપુષ્પ થઈને ખીલી જઈએ.

(લેખમાળા પૂર્ણ) ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## નેનપુરમાં કૃપાવર્ષા વરસાવતા પૂજ્ય મહંત સ્વામી મહારાજ...

છેલ્લા એક વર્ષ કરતાં વધારે સમયથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નેનપુર ખાતે વિરાજી દિવ્ય અધ્યાત્મલાભ આપી રહ્યા છે. અહીં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શાંતિવનનો ખૂણે ખૂણો સ્વામીશ્રીની પદરજથી પાવન થઈ ચૂક્યો છે. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું કાર્ય કરવાનું સ્વામીશ્રીનું તાન ૮૮ વર્ષની જૈફ વયે પણ યુવાનને શરમાવે તેવું છે. તેમનાં આશીર્વચનોમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનનો રણકાર સંભળાય છે. સંપ-સુહૃદભાવ-એકતાનો સંદેશ દૃઢાવીને સ્વામીશ્રી સૌને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની નિષ્ઠા દૃઢ કરાવી રહ્યા છે. સત્સંગના મહિમાનો વિચાર, ભગવાન અને સંતની પ્રાપ્તિના વિચારની સાથે સાથે ભગવાન અને સંતની આજ્ઞામાં દૃઢતાપૂર્વક અને પ્રામાણિકપણે વર્તવા પર ભાર મૂકતા મહિમામૂર્તિ સ્વામીશ્રીનું વ્યક્તિત્વ અજોડ અને અદ્વિતીય છે. સમયાંતરે દેશ-પરદેશના હરિભક્તોને વેબકાસ્ટિંગના માધ્યમથી પ્રગટ ગુરુહરિનાં દર્શન થતાં સૌ કોઈ ગુરુહરિને પ્રત્યક્ષ મળ્યાની અનુભૂતિ કરે છે. ગત ફેબ્રુઆરી માસમાં સ્વામીશ્રીએ વિવિધ ઉત્સવ-પ્રસંગોએ આપેલા દિવ્ય સત્સંગલાભનું અને સંતો-ભક્તો સાથે થયેલી આધ્યાત્મિક ગોષ્ઠીઓમાં સ્વામીશ્રીનાં અંતરેથી નીકળેલાં અમૃતબિંદુઓનું અહીં આચમન કરીએ...

● તા. ૮-૨-૨૦૨૧ના રોજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની અંતર્ધાનતિથિ હતી. આ નિમિત્તે સ્વામીશ્રીની સમગ્ર પૂજા દરમ્યાન પૂજ્ય સદ્‌ગુરુ સંતોએ પોતપોતાનાં કેન્દ્રોમાંથી યોગીજી મહારાજનાં મહિમા-કીર્તનોનું ગાન કર્યું હતું અને અંતે સ્વામીશ્રીએ *'યોગી દ્યો દર્શન અમને'* કીર્તન મીઠી હલકે ગાઈ સૌને વિશિષ્ટ સ્મૃતિ પ્રદાન કરી હતી.

● તા. ૧૨-૨-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ ખંભાત ક્ષેત્રના વાડોલા ગામના બી.એ.પી.એસ. મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠિત થનાર અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

● તા. ૧૩-૨-૨૦૨૧ના રોજ તિથિ પ્રમાણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો પાર્ષદી દીક્ષાદિન પણ હતો. સ્વામીશ્રીને પાર્ષદી દીક્ષા ગ્રહણ કર્યાને આજે ૬૪ વર્ષ પૂર્ણ થયાં હતાં. આ પ્રસંગે સ્વામીશ્રીએ 'દીક્ષાસ્મૃતિ' કરી હતી.

● નવસારી ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને એક વર્ષ પૂર્ણ થયું, સાથે સાથે નવસારી મંદિરની પ્રાણપ્રતિષ્ઠાના દિને જ સ્વામીશ્રીએ સત્સંગદીક્ષા ગ્રંથના લેખનનો ત્યાંથી આરંભ કર્યો હતો તેને પણ એક વર્ષ પૂર્ણ થતું હતું. આથી, તેની સ્મૃતિરૂપે નવસારી મંદિરમાં ગજપીઠિકા ઉપર સત્સંગદીક્ષા ગ્રંથના ૩૧૫ શ્લોકોની તકતીઓ લગાવવામાં આવનાર છે. તેના ભાગરૂપે તા. ૧૪-૨-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ પ્રારંભિક તકતી અને પ્રથમ શ્લોકનું પૂજન તથા અનાવરણ કર્યું હતું.

નવસારી મંદિર તરફથી બીજું સુંદર આયોજન હતું - સત્સંગદીક્ષા ગ્રંથની તુલાનું. સ્વામીશ્રીએ આ વખતે બ્રહ્મવિદ્યાના પાઠોમાં એક પાઠ લખ્યો હતોઃ 'સત્સંગદીક્ષા શાસ્ત્રની હજારો તુલા કરીએ તો પણ ઓછી છે.' તે વચનોને ઝીલતાં નવસારીમાં તુલા થવાની હતી. તેનો શુભારંભ નેનપુરમાં સ્વામીશ્રીના હસ્તે થયો. તુલાના એક પલ્લામાં સત્સંગદીક્ષા શાસ્ત્ર મૂકવામાં આવ્યું અને સામેના પલ્લામાં દ્રવ્યો મૂકી શાસ્ત્રની તુલા કરી હતી. પૂજન તથા તુલાના સમયે સતત ગુંજી રહેલા સત્સંગદીક્ષાના શ્લોકોએ વાતાવરણને દિવ્યતાથી ભરી દીધું હતું.

● વસંતપંચમીના શુભ દિને, 'અખિલ ભારતીય સંપૂર્ણ શ્લોક મુખપાઠ સ્પર્ધા-૨૦૨૧' સંપન્ન થઈ હતી. તેમાં ભાગ લેનાર સ્પર્ધકો માટેની વિશિષ્ટ સભા ૧૮ ફેબ્રુઆરીના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાઈ હતી. અમદાવાદથી પ્રસારિત થયેલી આ સભામાં સ્પર્ધકોએ સ્વામીશ્રી સમક્ષ ઓનલાઈન મુખપાઠ રજૂ કર્યા હતા. વિપરીત પરિસ્થિતિઓમાં પણ પ્રચંડ પુરુષાર્થ કરી મુખપાઠ કરનાર તમામ સ્પર્ધકો પર સ્વામીશ્રીએ રાજીપાભર્યા આશીર્વાદ વરસાવ્યા હતા.

એ જ રીતે ૨૦મી ફેબ્રુઆરીના રોજ 'અખિલ ભારતીય સંપૂર્ણ શ્લોક મુખપાઠ સ્પર્ધા-૨૦૨૧'ના વિજેતાઓ માટેનો ઓનલાઈન સન્માન સમારંભ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયો હતો. સ્વામીશ્રીએ સ્પર્ધકોને એનાયત થનારાં પારિતોષિકો અને સ્મૃતિ ભેટો પ્રસાદીભૂત કરી હતી. તેમાં ખાસ સ્વહસ્તે લખેલો અભિનંદન-પત્ર પણ હતો. સ્વામીશ્રીએ તેમાં સ્વહસ્તે આશીર્વાદ તો લખી જ આપ્યા હતા, પરંતુ અત્યારે 'મહારાજ-સ્વામીનો રાજીપો' લખેલો સિક્કો પણ મારી આપ્યો હતો. અને અંતમાં સ્વામીશ્રીએ બળભર્યાં અને પ્રેરણારૂપ આશિષવચનો કહ્યાં હતાં.

● તા. ૧૮-૨-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીના હસ્તે 'એવા શાસ્ત્રીજી મહારાજને અમારાં લાખો વંદન હો...' ચિત્રાત્મક ગાથાનું પાંચમું પુષ્પ ઉદ્‌ઘાટિત થયું હતું.

● તા. ૧૯-૨-૨૦૨૧થી સારંગપુર ખાતે 'યુવા તાલીમ કેન્દ્ર'ના ૨૨મા સત્રનો પ્રારંભ થઈ રહ્યો હતો. અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ કરાવતાં સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરી સત્રનો મંગલ પ્રારંભ કર્યો હતો. અને સાથે સાથે સ્વામીશ્રીએ તાલીમાર્થી યુવકોને બળભર્યાં આશિષવચનો પાઠવ્યાં હતાં.

● તા. ૨૧-૨-૨૦૨૧ના રોજ યુ.કે. - યુરોપ ખાતે એક દિવસીય વર્ચ્યુઅલ વસંત શિબિર યોજાઈ હતી. સ્વામીશ્રીએ નેનપુર ખાતે દીપપ્રાગટ્ય કરી શિબિરનો પ્રારંભ કર્યો હતો. સાથે શિબિરમાં જોડાનાર તમામ શિબિરાર્થીઓનાં નામ પર પુષ્પ-પાંદડીઓ વરસાવી આશીર્વાદ અર્પ્યા હતા.

● સત્સંગદીક્ષા ગ્રંથનો સંપૂર્ણ મુખપાઠ કરનાર ૧૩૦૦ જેટલા સ્પર્ધક -યુવકોને સ્વામીશ્રીએ જુદા જુદા દિવસોએ વીડિયો કૉલ દ્વારા દર્શન-આશિષ આપી તેમના પર અનહદ કૃપા વરસાવી હતી. સત્સંગદીક્ષા મુખપાઠ સ્પર્ધાના આયોજનમાં સહાયરૂપ બનનાર હરિભક્તો-યુવકોને સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પી કૃતાર્થ કર્યા હતા.

સ્વામીશ્રીની આ કૃપાથી સર્વે મુખપાઠ કરનાર યુવાનો ધન્ય થઈ ગયા હતા.



# પૌરાણિક નગરી નાસિક ખાતે નિર્માણાધીન નૂતન બી.એ.પી.એસ. મંદિરનો પ્રથમ સ્તંભરોપણ વિધિ

ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુપરંપરાની પદરજથી પાવન થયેલી મહારાષ્ટ્રની તીર્થનગરી નાસિકમાં નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર આકાર પામી રહ્યું છે.

મંદિરના પ્રથમ સોપાનરૂપે તા. ૨૪-૧-૨૦૧૧ના રોજ મુંબઈ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા શિલાઓનો વેદોક્ત-પૂજનવિધિ થયો હતો. આ અવસરે પ્રમુખસ્વામી મહારાજે આશીર્વચનમાં જણાવ્યું હતું કે 'નાસિક ઉત્તમ તીરથ છે. શાસ્ત્રોમાં એનો મહિમા છે. પૂર્ણ કુંભમેળો થાય છે. શ્રીજીમહારાજની દૃષ્ટિ પડી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો માટે એનો મહિમા વિશેષ છે. ત્યાં સારામાં સારું મંદિર થશે ને બધાને લાભ થશે.' ત્યારપછી તા. ૧૧-૧૧-૨૦૧૭ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે આ શિલાઓનો વિધિપૂર્વક સ્થાપનવિધિ થયો હતો.

દ્વિતીય સોપાનરૂપે તા. ૨૧-૨-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આ મંદિરનો પ્રથમ સ્તંભરોપણવિધિ યોજાયો હતો. નેનપુર ખાતે બિરાજમાન સ્વામીશ્રી ઓન-લાઈન માધ્યમથી સ્તંભરોપણ વિધિમાં જોડાયા હતા. પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું હતું. તેને સમાંતરપણે નાસિક ખાતે ઉપસ્થિત વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ સ્વામીશ્રી વતી જબરેશ્વર મહારાજ તથા સ્તંભનું પૂજન કર્યું હતું. ત્યારબાદ સ્વામીશ્રીએ પોતાના બંને હસ્ત લંબાવી સ્તંભને દિવ્ય સ્પર્શ કર્યો. એ જ રીતે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ નાસિકમાં પ્રત્યક્ષપણે સ્તંભને સ્પર્શ કરીને સ્તંભનું સ્થાપન કર્યું હતું. અહીં ઉપસ્થિત સૌએ જયજયકારોથી આ ક્ષણને વધાવી હતી.

આ અવસરે સ્વામીશ્રીએ આશીર્વર્ષા કરતાં જણાવ્યું: ''કોઠારી સ્વામી(ભક્તિપ્રિય સ્વામી)નો મહાસંકલ્પ છે, એમનો અથાગ પુરુષપ્રયત્ન છે એટલે મંદિર જલદી પૂરું થશે. અને બધા હરિભક્તો પણ બળિયા છે. તે બધા હરિભક્તોના દેશકાળ ખૂબ સારા થશે અને જલદી જલદી મંદિર પૂરું કરી દેશે.''

અંતમાં સ્વામીશ્રી વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ શ્રીફળ વધેર્યું હતું. અભયસ્વરૂપદાસ સ્વામીએ સૌ વતી સ્વામીશ્રીનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

આમ, નાસિકમાં સ્તંભરોપણ વિધિ સંપન્ન થયો.




## વસંતપંચમીના પાવન પર્વે યોજાયો

# સત્સંગદીક્ષા હોમાત્મક પાઠ અને સ્વામીશ્રીની ઐતિહાસિક તુલાવિધિ

તા. ૧૬-૨-૨૦૨૧, વસંત-પંચમીના પાવન પર્વે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા લિખિત ‘સત્સંગદીક્ષા ગ્રંથ’ને એક વર્ષ પૂર્ણ થતાં તેની સ્મૃતિમાં એક મંગલ અવસર યોજાયો હતો. આ પ્રસંગે પૂનામાં ‘વિશ્વશાંતિ સ્વામિનારાયણ મહાયાગ; સત્સંગદીક્ષા હોમાત્મક પાઠ’ યોજાયો હતો. યજ્ઞમાં ૨૫૦ કરતાં વધુ યજમાનો ઉપસ્થિત રહ્યા હતા. તિરુપતિના વિદ્વાનોએ વૈદિક મંત્રોના જાપ સાથે વિધિ કરાવ્યો હતો. તેને સમાંતરપણે નેનપુરમાં યજ્ઞવિધિ ચાલતો હતો. સ્વામીશ્રીએ યજ્ઞવિધિને અનુસરતાં પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. ત્યારબાદ સૌ વતી આત્મસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીનું પૂજન કર્યું હતું. વિધિને આગળ ધપાવતાં વિદ્વાનોએ વૈદિક શૈલીમાં સત્સંગદીક્ષા શાસ્ત્રના પ્રથમ અને અંતિમ ૧૧ શ્લોકોનું ગાન કર્યું તે દરમ્યાન સ્વામીશ્રીએ યજ્ઞનારાયણને આહુતિઓ અર્પી હતી.

આ અવસરે સ્વામીશ્રીએ આર્ષવાણી ઉચ્ચારતાં કહ્યું: ‘‘આ ગ્રંથ શ્રીજીમહારાજના સંકલ્પથી, ગુરુ-પરંપરાના આદેશોથી લખાયો છે. આ ગ્રંથમાં બધું જ છે. તેની હજારો તુલાઓ કરીએ તોય ઓછું છે. કેમ કે, આ ગ્રંથમાં શ્રીજીમહારાજની વાણી છે. શ્રીજીમહારાજના મનમાં જે આજ્ઞા, ઉપાસના અને સિદ્ધાંતો હતા તે આ ગ્રંથમાં લખાયા છે. પરમશુદ્ધિ થઈ છે. બીજા બધા ગ્રંથો લખાશે, પણ આમાં બધું આવી ગયું છે.’’


આજે સારંગપુરથી ઓનલાઇન પ્રસારિત થયેલી ‘યજ્ઞપુરુષ જયંતી’ની પ્રાતઃસભામાં સંતો અને વરિષ્ઠ સંતોએ ક્રમાનુસાર શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો અને ગુણો વર્ણવ્યા હતા. સભામાં શાસ્ત્રીજી મહારાજના ગુણગાનની સાથે બીજું એક અભૂતપૂર્વ આયોજન હતું – સત્સંગદીક્ષા શાસ્ત્રની તુલાનું.

આ અવસરે નેનપુર ખાતે સભામંડપના ઉપમંચ પર વિશાળ તુલા અને સ્વામીશ્રીએ લખેલ બ્રહ્મવિદ્યાનું વાક્ય: ‘સત્સંગદીક્ષા શાસ્ત્રની હજારો તુલા કરીએ તો પણ ઓછી છે’ વિશાળ અક્ષરોમાં શોભી રહ્યું હતું. સ્વામીશ્રીના આસનની પાર્શ્વભૂમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓ દર્શનદાન દઈ રહી હતી.

આજની તુલાવિધિની પૂર્વભૂમિકા આપતાં નારાયણમુનિદાસ સ્વામીએ જણાવ્યું: ‘સ્વામીશ્રીએ લખેલા બ્રહ્મવિદ્યાના પાઠ પરથી સેવકોને વિચાર આવ્યો કે આપણે પણ આ શાસ્ત્રની તુલામાં જોડાઈએ. વિશેષ ભક્તિ થાય તે માટે સમય કાઢીને

હાથથી આ ગ્રંથનું લેખન કરીએ. આ વિચારને સાર્થક કરતાં નેનપુર સ્થિત સંતો, સાધકો અને હરિભક્તોએ ગ્રંથનું લેખનકાર્ય શરૂ કર્યું. લેખનયજ્ઞમાં કુલ ૭૮ સંતો-ભક્તોએ ભાગ લીધો. જેમાં સફાઈ કરનાર, મિસ્ત્રી કામ કરનારથી લઈને આત્મસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતો જોડાયા. ઉંમરની દૃષ્ટિએ ૨૧ વર્ષથી લઈને ૭૧ વર્ષ સુધીના તમામે લેખનકાર્ય કર્યું. કુલ ૪૧૫ ગ્રંથો લખાયા. જેના કુલ ૧૩૨૮૦ પાનાં થયાં! એક ગ્રંથ લખવાનો સરેરાશ સમય ૪ કલાક ગણીએ તો કુલ ૧૬૬૦ કલાક લેખનકાર્ય થયું. અને વિશેષમાં, કૃણાલ જોષી નામના હરિભક્તે તો ચીકુડીનાં પાંદડાં પર આખો ગ્રંથ લખ્યો! પણ વિશેષ અને મહત્ત્વની વાત એ હતી કે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે ખૂબ જ પુરુષાર્થ કરીને, ૮૭ વર્ષે આ ગ્રંથ લખીને ભેટ આપ્યો!' સૌએ અહોભાવથી આ વાતને વધાવી.

ત્યારબાદ તુલાવિધિનો પ્રારંભ થયો. ગુરુહરિ મહંત સ્વામી મહારાજને તુલામાં વિરાજવા વિનંતી કરી, પરંતુ સ્વામીશ્રીએ સૌ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજને તુલામાં પધરાવવા કહ્યું. તે રીતે સ્વામીશ્રીના આસન પર સૌ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવવામાં આવ્યા. ત્યારપછી સ્વામીશ્રી સૌની ભક્તિ સ્વીકારતાં આસન પર વિરાજ્યા. સૌ વતી આત્મ-સ્વરૂપદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુરુ-પરંપરા અને સ્વામીશ્રીનું પૂજન કરી હારતોરા કર્યા. ત્યારબાદ સંસ્થાના તમામ સંતો-પાર્ષદો-સાધકો વતી નેનપુર ખાતે ઉપસ્થિત સંતો ને સાધકોએ ગ્રંથથી ગુરુહરિની તુલા કરી. સ્વામીશ્રી સૌના




ભાવ-ભક્તિથી તોળાઈ ગયા! ત્યારપછી આરતી અને ગુરુવંદના સાથે મંત્રપુષ્પાંજલિ થઈ. સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ પૂર્ણ કરનાર સંત-પાર્ષદ-સાધક પર સ્વામીશ્રીની ખૂબ કૃપા વરસી. ઘણા સંતોએ વિશેષ તપ, વ્રત અને નિયમો પાળતાં મુખપાઠ પૂર્ણ કર્યો હતો. આજ દિવસ સુધીમાં કુલ ૨૬૪ સંતો-સાધકો—પાર્ષદોએ આ ગ્રંથનો મુખપાઠ પૂર્ણ કરી દીધો હતો.

અંતમાં સૌના ભક્તિભાવને બિરદાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ થયો એ મહારાજ-સ્વામીનો પ્રવેશ થયો. આ બધો દિવ્ય યુગ! બધું અલૌકિક કાર્ય થઈ રહ્યું છે. ખરેખર બધાને લાખ લાખ દંડવત કરીએ તો પણ ઓછાં છે. બધાએ જે પ્રકારે પુરુષાર્થ કર્યો છે તેની મહત્તા છે. ન'હોતી દીઠી ન'હોતી સાંભળી એવું થયું છે. 'તારી એક એક પળ જાય લાખની...' એ પંક્તિ સાચી ઠરી છે. અને બધાએ આનંદથી, પોતાની પ્રેરણાથી અને શ્રદ્ધાથી મુખપાઠ કર્યો છે. આ સાક્ષાત્ શ્રીજીમહારાજની વાણી છે, જે મહારાજને કરવું હતું, તેઓના અને ગુરુપરંપરાના મનમાં હતું તે સત્સંગદીક્ષા ગ્રંથમાં પૂરું થયું, તેની સમાપ્તિ થઈ. જેને (મુખપાઠ) બાકી છે તેને બળ મળે, આળસી ન જાય ને પૂરું કરે એ પ્રાર્થના.''

સારંગપુરના સંતોએ *'ગુણાતીત કા ડંકા આલમ મેં...'* કીર્તનગાન કર્યું. તેના તાલે સ્વામીશ્રીએ ઘંટનાદ કરી સૌમાં પોતાનો સ્વર ઉમેર્યો હતો.


આજે પૂનાની જેમ ભરૂચ અને ભાવનગર ખાતે પણ હોમાત્મક યજ્ઞ થયો હતો.

પૂના ખાતે આજે સમગ્ર દિવસ દરમ્યાન સત્સંગદીક્ષા શાસ્ત્ર પર વિદ્વાનોની પ્રથમ સંગોષ્ઠિ યોજાઈ હતી, જેમાં પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી સહિત અન્ય ઘણા વિદ્વાનોએ ભાગ લીધો હતો.

વળી, આજે તિથિ પ્રમાણે નવસારી મંદિરનો પ્રથમ પાટોત્સવ હતો. સ્વામીશ્રીએ સવારે ઓનલાઇન માધ્યમ દ્વારા મૂર્તિઓ પર અભિષેક કર્યો હતો. આજના શુભ દિવસે ગુરુહરિ પ્રમુખ-સ્વામી મહારાજના જીવનચરિત્રના ચતુર્થ ભાગની ઓડિયો બુક સ્વામીશ્રીના હસ્તે ઉદ્ઘાટિત થઈ હતી.

# પ્રસંગ-પરિમલ...

**નેનપુર ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિત્ય વિચરણ-નોંધમાંથી કેટલાક પ્રેરક પ્રસંગોના દિવ્ય પરિમલને માણીએ...**



**તા. ૩-૧-૨૦૨૧, નેનપુર**

સ્વામીશ્રી ભોજન બાદ રોજ થોડું ચાલે છે. આજે ચાલતાં ચાલતાં સ્વતઃ કહેવા લાગ્યાઃ ''ઐશ્વર્યનું એવું છે કે - પૂર્વે પતન થયું હોય એ જાણતા હોય, બધું જાણતા હોય પણ તોય કેટલાકને ઐશ્વર્યની ઇચ્છા રહ્યા કરે.''

વિનયપ્રિયદાસ સ્વામી કહેઃ ''ઐશ્વર્યની વાત તો બાજુમાં રહી, સત્તા આવે તોય ઠેકાણું નથી રહેતું.''

ગુરુમનનદાસ સ્વામી કહેઃ ''સત્તા અને આવડત.''

હસી પડતાં સ્વામીશ્રી કહેઃ ''બરાબર! સાચી વાત છે...''

પછી ઊંડી મીમાંસા કરતાં કહેઃ ''ઐશ્વર્યની ઇચ્છામાં ઊંડે ઊંડે અહમ્ રહ્યો છે. પણ મહારાજે કહ્યું : 'સમર્થ પુરુષ હોય એ દાસપણું રાખે.' સામર્થ્ય હોય તો આઘું પાછું થાય જ, કારણ કે એની અંદર અહમ્ રહ્યો છે ને!... ને મહારાજ કહેઃ 'માન બધું કામ બગાડી નાંખે છે...' જેમાં માન પડ્યું એ કામ બગડે જ.''

આત્મસ્વરૂપદાસ સ્વામી કહેઃ ''એક વાર યોગીબાપાને પૂછવામાં આવ્યું કે 'તમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ સમાધિ કરાવતા તેમ આપ સમાધિ કરાવો છો?' યોગીબાપા કહેઃ 'એવું ઐશ્વર્ય અમારા ગુરુમાં હતું. અમારામાં સેવક થવાનું ઐશ્વર્ય આવ્યું છે.' ...તેઓએ વ્યાખ્યા કરી કે કયું ઐશ્વર્ય લેવા જેવું છે? તો સેવક થવાનું.''

સ્વામીશ્રી કહેઃ ''અને પ્રમુખસ્વામી મહારાજને પૂછવામાં આવ્યું કે 'તમને શું થવું ગમે?' 'સેવક!' સ્વામીબાપા ફટાક દઈને બોલ્યા.''

આત્મસ્વરૂપ સ્વામી કહેઃ ''અને મેં આપને પૂછ્યું હતું કે 'આપની ઓળખાણ શું આપવાની?' તો આપ એક જ શબ્દ બોલ્યા હતા - 'દાસાનુદાસ!' શાસ્ત્રીજી મહારાજ કહેતા 'હું અક્ષરપુરુષોત્તમનો બળદિયો છું' ...કોઈને 'બળદિયો' કહેવામાં આવે તો કેવું લાગી આવે! પણ શાસ્ત્રીજી મહારાજ તેમાં ગૌરવ અનુભવતા કે 'હું અક્ષરપુરુષોત્તમનો બળદિયો છું.''

સ્વામીશ્રી અહોભાવથી કહેઃ ''શાસ્ત્રીજી મહારાજનાં આ ચાર ઐશ્વર્ય (મહાવાક્યો) તો ખરેખર અજોડ છે.

વળી, ઐશ્વર્યની જ વાત આગળ

ધપાવતાં કહેઃ 'એકાંતિક ભાવે ભક્તિ, એકાંતિક ભાવે સેવા, એકાંતિક ભાવે આહ્નિક થાય એ અગત્યનું છે. એટલે પોતાનું મનગમતું સંપૂર્ણ મૂકી દેવાનું, તો એકાંતિકને માર્ગે ચલાય. ખરું સામર્થ્ય એ જ છે કે તમે એકાંતિક થાવ. બીજું બધું સામર્થ્ય ખોટું. (સ્વામીશ્રીએ હાથ ઘસીને કહ્યું.) અને તમે એકાંતિક થાવ તે શ્રીજીમહારાજને અતિશય ગમે છે. એના માટે જ શ્રીજીમહારાજ આવ્યા છે - એકાંતિક ધર્મ પળાવવા માટે, એકાંતિકી ભક્તિ કરાવવા માટે.''

આમ, સ્વામીશ્રીએ ઐશ્વર્યની અશ્રુતપૂર્વ અને અદ્‌ભુત મીમાંસા કરી.

●

**તા. ૪-૧-૨૦૨૧, નેનપુર**

એક હરિભક્તનો સંદેશ સ્વામીશ્રી સમક્ષ વંચાયોઃ ''જય સ્વામિનારાયણ સ્વામી. મારો દીકરો બાવીસ વરસનો છે. તેનો કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ લગભગ પૂર્ણ થવા આવ્યો છે. તે કિશોર મંડળનો કાર્યકર છે. ઘણી સેવાઓમાં તે ઉત્સાહથી ભાગ લે છે. પણ તે ડુંગળી-લસણ ખાય છે. મેં અને મારાં પત્નીએ ડુંગળી અને લસણનો દસ વરસથી ત્યાગ કર્યો છે. દીકરો પણ ઘરે તો નથી ખાતો, પણ કોઈ સગા કે મિત્રને ઘરે જાય કે પછી કોઈક વાર બહાર જાય ત્યારે ખાઈ લે છે. હું તેને સમજાવું છું, પણ તે સંયમ નથી રાખી શકતો. તો આપ એની સાથે વાત કરી શકો?''

સ્વામીશ્રીએ તે કિશોરને ઉદ્દેશીને સંદેશ આપતાં કહ્યું : ''શ્રીજીમહારાજની આજ્ઞા પાળવી. શ્રીજીમહારાજ તો પરના પર છે એટલે એમની આજ્ઞા પાળવી જ. શ્રીજીમહારાજની આજ્ઞા પાળવી એ અબજો રૂપિયા છે અને આવું આજ્ઞા બહારનું ખાવું તે માઈનસ બે-પાંચ રૂપિયા! અને આજ્ઞા પાળો તે શ્રીજીમહારાજને ગમે છે. તો આપણે તે આજ્ઞા સારી રીતે પાળવી.''

એક યુવકને ઉદ્દેશીને પાઠવાયેલો આ સંદેશ સૌ માટે અને તમામ નિયમ-ધર્મની દૃઢતા માટે એટલો જ ઉપયોગી હતો.

●

**તા. ૭-૧-૨૦૨૧, નેનપુર**

આજે સેવક-સંતોએ એક ગોષ્ઠિ કરી. જેમાં મુખ્ય વિષય હતો 'સ્વામીશ્રીની કરકસરની રુચિ'. આ ગોષ્ઠિમાં સ્વામીશ્રીના કેટલાક જાણીતા અને ઘણા અજાણ્યા પ્રસંગો ઉલ્લેખાયા હતા. તે અહીં પ્રસ્તુત છેઃ

● સ્વામીશ્રી વૉશબેસીનમાં કોગળા કરવા પધાર્યા હોય તો બે કોગળા વચ્ચે પણ નળ બંધ કરાવે. જેથી જરૂર પૂરતું જ પાણી વપરાય.

● બ્રશ કરતી વખતે પાણી લોટામાં રાખે જેથી પાણી ઓછું બગડે.

● શિયાળામાં પાઈપમાંનું પાણી ઠંડું થઈ ગયું હોય તે જવા દઈએ પછી ગરમ પાણી આવે. તેથી વૉશબેસીનમાં પાણી થોડું જવા દેવું પડે, તે સ્વામીશ્રીને ન ગમે. તેથી ગરમ પાણી જગમાં ભરાવી રાખવાનું શરૂ કર્યું.

● નળ બધા એકદમ બરાબર બંધ થાય તેની સ્વામીશ્રી તકેદારી રાખે અને રખાવે. જો ભૂલ થઈ હોય તો સેવકને થોડું કહે પણ ખરા.

● નાનું ટિશ્યૂ હોય તો તેના પણ ચાર ટુકડા કરાવે. જરૂર પૂરતું જ વાપરે. વધારે આપીએ તો પાછું મુકાવે.

● રૂમમાં બેઠા હોય અને સૂર્યપ્રકાશથી કામ ચાલતું હોય તો સ્વામીશ્રી લાઈટો ચાલુ કરવા ન દે... વધારાની લાઈટો તરત જ બંધ કરાવે.

● પત્રલેખન કરવા બેઠા હોય ને બે-ત્રણ લીટી જ લખવાની બાકી હોય તો સ્વામીશ્રી નવો કાગળ ન લે, હાંસિયામાં લખે.

ખરેખર આશ્ચર્ય છે ને 'એક બાજુ સ્વામીશ્રીની આજ્ઞાથી સમગ્ર વિશ્વમાં વિરાટ પાયે લોકસેવાઓ અને સહાયતાઓ થાય છે! તાજું જ ઉદાહરણ છે - કોરોના રાહતકાર્ય, પરંતુ બીજી બાજુ તેઓ પાણીનું એક ટીપું પણ બગડવા દેતા નથી!

●

**તા. ૧૬-૧-૨૦૨૧, નેનપુર**

આત્મસ્વરૂપ સ્વામી હરિભક્તોની કેટલીક સમસ્યાઓ સ્વામીશ્રી સમક્ષ રજૂ કરી તેમના માટે માર્ગદર્શન મેળવી રહ્યા હતા. તેમાં એક હરિભક્તની વાત કરતાં કહેઃ ''આ હરિભક્તની ઉંમર ૬૫ વર્ષની થઈ છે. તેમને આ ઉંમરે નવો ધંધો શરૂ કરવાની ઇચ્છા છે તો શું કરે?''

સ્વામીશ્રી તે હરિભક્તને સારી રીતે ઓળખતા હતા. તેમને સાચી દિશા દર્શાવતાં ભાર દઈને કહેઃ ''બસ, હવે ભજન કરો... કેમ કે, આ દેહ ભજન માટે જ છે, નિષ્ઠા માટે છે. તમે બીજી બધી સેવા તો કરો છો, એ બરાબર છે, પણ હવે concentrated ભજન કરો.''

●

**તા. ૧૮-૧-૨૦૨૧, નેનપુર**

એક પરિવારને ફોન જોડવામાં આવ્યો. આ પરિવાર ખૂબ જ સંનિષ્ઠ સત્સંગી પરિવાર છે. પણ છેલ્લા કેટલાક સમયથી પરિવારના સભ્યો વચ્ચે કેટલીક આંતરિક બાબતે મતભેદ હતા. અને તેના લીધે સ્વાભાવિક રીતે મનભેદ પણ હતા. આજે તે બધા જ સંપી ગયા હતા. સ્વામીશ્રી

આ સાંભળીને ખૂબ જ રાજી થયા. અને તેમને આશીર્વાદ આપતાં કહેવા લાગ્યા: ''બહુ સારું કાર્ય કર્યું. મહારાજ-સ્વામી અને ગુણાતીત ગુરુપરંપરા અને બધા ખૂબ રાજી થયા છે. અને અમે પણ રાજી થયા છીએ.''

આ સાંભળતાં તે હરિભક્તો ગળગળા થઈ ગયા. આભાર માનતાં કહે: ''બધું જ સારું થયું છે.''

સ્વામીશ્રી કહે: ''હા જી હા, ભગવાન છે એટલે બધું જ સારું થવાનું. બધામાં ભગવાને પ્રવેશ કર્યો અને બધું એકદમ સારું થઈ ગયું. હવે ભવિષ્યમાં આવો ને આવો સંપ રાખજો. બધા બળમાં રહેજો. મહારાજ-સ્વામી આપણા પક્ષમાં છે. અને આપણે એમને આપણા પક્ષમાં રાખવા. આવી બધી સદ્‌બુદ્ધિ જાગે તો તેઓ આપણા પક્ષમાં રહે. ખૂબ આનંદ થયો છે. તો બધા આવી રીતે સંપીને રહેજો અને સંપથી બધું જ કામ થશે.''

શ્રીજીમહારાજ અને આપણી આખીય ગુરુપરંપરા સંપથી વધુમાં વધુ પ્રસન્ન થાય છે. તેના આજે પ્રત્યક્ષ દર્શન સાંપડ્યાં.

●

**તા. ૧૯-૧-૨૦૨૧, નેનપુર**

ભોજનની પૂર્ણાહુતિ થાય તેની થોડીક મિનિટો પહેલાં સ્વામીશ્રી છાશ સાથે દવા ગ્રહણ કરતા હતા, ડૉક્ટર તરીકેની સેવામાં જોડાયેલા વેદનયનદાસ સ્વામી રોજ સમયે સમયે દવાઓ આપી જતા હતા. પરંતુ આજે તે તેઓ ઉપસ્થિત ન હતા અને આ બાજુ સ્વામીશ્રીને દવા લેવાનો સમય થઈ ગયો... વિનયપ્રિયદાસ સ્વામી 'શું કરવું?' તે વેદનયનદાસ સ્વામીને પૂછવા ગયા. તે આવે ત્યાં સુધી રાહ જોવાની હતી. તો સ્વામીશ્રી બંને હાથની આંગળીઓ એકમેકમાં નાંખી, આંખો બંધ કરી ધ્યાનમાં/સ્મૃતિમાં ઊતરી ગયા. એક-બે મિનિટમાં ઉત્તર આવી ગયો કે ''બેગમાં એક બૉક્સ છે તેમાં અત્યારે આપવાની દવાઓ પણ છે. તેમાંથી આપી દો.'' સ્વામીશ્રીએ ધ્યાનમાંથી બહાર આવીને શેષ ભોજન પૂર્ણ કર્યું.

સેવકે પૂછ્યું: ''આપ ધ્યાન કરતા હતા?''

''હા, યોગીબાપાનું.''

નવરાશના સમયમાં સ્વામીશ્રીને સૌથી વધુ ગમે છે - ગુરુ અને તેઓનાં સ્મૃતિ-ધ્યાન.

●

**તા. ૨૫-૧-૨૦૨૧, નેનપુર**

એક વિદ્યાર્થીએ સ્વામીશ્રીનું માર્ગદર્શન લેવા સંતોને ફોન કર્યો હતો. આત્મસ્વરૂપદાસ સ્વામીએ એની વાત કરતાં કહ્યું: ''સ્વામી! તે આમ તો હોશિયાર છે, પણ તેને પરીક્ષાની બીક લાગે છે. તો આશીર્વાદ આપો કે તે બીક જતી રહે.''

સ્વામીશ્રી શરૂઆતથી જ ભાવમાં આવીને કહે: ''આપણે અક્ષર છીએ, બીક શાની? ખાલી કહેવાનું નહીં, ખરેખર મનમાં ધારીએ કે 'હું અક્ષર જ છું.', તો પછી બીક-વીક બધી ઊડી જાય.''

સર્વ પ્રકારની બીક ક્ષણમાં ભસ્મીભૂત કરવાનો ઉપાય પ્રગટ 'અક્ષરે' દર્શાવી દીધો.

●

સ્વામીશ્રીને આરામનો સમય થયો હતો. પલંગ પર આરામ માટે ઓઢવાનું વસ્ત્ર પણ હાથમાં લઈ લીધું હતું. પણ અચાનક તે ઓઢણું હટાવી ઊભા થવા લાગ્યા, શય્યાની સમાંતર ચાલવા લાગ્યા. સૌને થયું 'થોડું ભ્રમણ કરવું હશે...' પણ બધી જ ધારણાઓ ખોટી પડી. ત્યાં આજે મુખપાઠ પૂર્ણ કરનાર એક સંત ઊભા હતા. સ્વામીશ્રીનો રાજીપો એટલો ઊભરાઈ આવ્યો હતો કે તેઓએ સામેથી બે હાથ ફેલાવી તે સંતને આશ્લેષમાં લીધા. તેમને ભેટ્યા! તે સંતની સ્થિતિ 'જેમ ગૂંગે ગોળ ખાધો...' જેવી થઈ. આનંદ સમાતો નહોતો. શબ્દો પણ જડતા નહોતા. અંતરમાંથી એક જ ભાવ ઊઠતો હતો કે 'આટલા નાના પુરુષાર્થનું આટલું મોટું ફળ!!'

સત્સંગદીક્ષાનો મુખપાઠ કરનાર પ્રત્યેક પર સ્વામીશ્રીનો આટલો જ રાજીપો છે. તેવા પ્રત્યેક સંત-બાળક -યુવકને જોઈને તેઓના અંતરમાં આવો જ ઉમળકો આવે છે.

●

**તા. ૨૭-૧-૨૦૨૧, નેનપુર**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જીવન-પ્રસંગોમાં અને ઉપદેશોમાં આવતી કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતોમાંથી પ્રગટેલી જિજ્ઞાસાઓને આજે સંતો એવા ગુણાતીત સત્પુરુષ સ્વામીશ્રી સમક્ષ રજૂ કરવાના હતા. પ્રગટ ગુણાતીતના મુખે આધ્યાત્મિક સ્પષ્ટતાઓ મેળવવાની હતી... એક પછી એક પ્રશ્નો રજૂ થતા ગયા અને સ્વામીશ્રી સચોટ ઉત્તરો આપતા ગયા. તે પ્રશ્નોત્તરીના ચૂંટેલા અંશો, સારરૂપે :

પ્રશ્નઃ ''ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાંથી એવું જણાય છે કે આજ્ઞાપાલનમાં તારતમ્ય કહ્યું છે. 'આજ્ઞાનો વિચાર કરવો' એવું પણ મળે છે. અને 'આજ્ઞામાં વિચાર ન કરવો' એવું પણ મળે છે. તો કઈ જગ્યાએ વિચાર કરવો અને કઈ જગ્યાએ ન કરવો?''

સ્વામીશ્રી કહે: ''એક તો ભગવાન

અને ગુરુની ગૌણતા આવતી હોય તે આજ્ઞા ના પાળવી. બીજું બ્રહ્મચર્ય. શ્રીજીમહારાજે કહ્યું છેઃ 'તેનો ભંગ થતો હોય તો ગુરુની આજ્ઞા પણ ન પાળવી.' ...અને આપણો પોતાનો અહંભાવ પ્રગટ થતો હોય એવી આજ્ઞા ન પાળવી.''

પ્રશ્નઃ ''સ્વામીની વાતોમાં રાજીપાનાં અલગ અલગ સ્થાનો બતાવ્યાં છે. તો અત્યારે વર્તમાનકાળે આપનો રાજીપો શામાં છે?''

સ્વામીશ્રી તરત જ કહેઃ ''એક જ - મહારાજ-સ્વામીની નિષ્ઠા કરવી અને કરાવવી. એમાં જ રાજીપો છે. સ્વામિનારાયણ ભગવાનના વખતમાં પણ મૂળ વાત તો આ જ હતી - નિષ્ઠા કરવી અને કરાવવી.''

પ્રશ્નઃ ''સ્વામીની વાતોમાં કારખાનાં કરવાની રીતમાં એટલે કે પ્રવૃત્તિઓ કરવાની કહ્યું છે કે - જેમ સાવજ ત્રણ તળપું નાંખે તેમ કારખાનાં કરવાં. પણ આપણી સંસ્થાનો વિકાસ અને સત્સંગ ખૂબ વધી રહ્યા છે. તો તે પ્રમાણે નિરંતર કારખાનાં ચાલે છે એવું કહી શકાય. તો ગુણાતીતાનંદ સ્વામીનો તે વાતમાં શું અભિપ્રાય છે?''

સ્વામીશ્રી કહેઃ ''હા, ભજન કરતાં કરતાં ક્રિયા કરવી. આપણે ક્રિયામય થઈ જઈએ તો ભગવાનને રાખવાના રહી જાય. માટે ભજન કરતાં કરતાં ક્રિયા કરવી એટલે કોઈ બાધ જ ન આવે. કેમ કે, તેમાં બેય કામ થાય - ક્રિયા પણ થાય અને ભજન પણ થાય. મૂળ તો ભજન કરવાનું છે.''

પ્રશ્નઃ ''ભજન એટલે મુખપાઠ બોલ્યા કરીએ, કીર્તનો ગાયા કરીએ એ ભજન?''

સ્વામીશ્રી કહેઃ ''ના ના. ભજન એટલે સત્પુરુષની મરજી જાણીને તેમની આજ્ઞા પ્રમાણે બધું કરવું, એ ભજન છે. તેઓ બેસાડી રાખે કે 'બેસી રહો' એમ કહે અને તે કરીએ તોય તે ભજન જ છે. એટલે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે કરવું એ ભજન જ છે.''

પછી વધુ સ્પષ્ટતા કરતાં સ્વામીશ્રી કહેઃ ''હા... સ્થૂળ રીતે માળા કરવી, પ્રદક્ષિણા કરવી એ જ ભજન છે એમ નહીં. પણ તે પણ આજ્ઞાથી કરે તો બરાબર. મહારાજની આજ્ઞા એ બધી છે જ, એટલે એ કરવું, પણ તે પણ ખાલી ખાલી નહીં. ખાલી દંડવત, ખાલી પ્રદક્ષિણા નહીં. ભગવાન એમાં આવવા જોઈએ. મધ્યમાં ભગવાન હોવા જોઈએ. નહીં તો દંભ આવી જાય. ને દંભ તો મહારાજને ગમતો જ



નથી. એવું કરવાવાળો ફંટાઈ જાય.''

પ્રશ્નઃ ''ભગવાન મધ્યમાં હોય એટલે શું સ્વામી?''

સ્વામીશ્રી કહેઃ ''એટલે વિચારમાં ભગવાન હોય. બીજી ક્રિયા તો થવાની જ છે. ક્રિયા ભગવાનને ધારીને પણ થાય ને એમનેમ પણ થાય. ભગવાન મધ્યમાં એટલે તીવ્રપણે 'ભગવાન હૃદયમાં રાખવા છે, ભગવાનનો રાજીપો લેવો છે.' એવું મનમાં હોવું જોઈએ. તો બરાબર.''

આત્મસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું : ''સ્વામી, આપે આ જ બાબતમાં એક વાર કહ્યું હતું કે - બધામાં દિવ્યભાવ રાખીને ક્રિયા કરવી.''

સ્વામીશ્રી કહેઃ ''હા, દિવ્યભાવમાં તો બધું આવી જાય. આપણે પરચાની વાત થાય ત્યારે દિવ્યભાવ રહે પણ પછી ફસકું... પણ અખંડ દિવ્યભાવ રાખવો, એ જ કરવાનું છે.''

પ્રશ્નઃ ''સ્વામીની વાતમાં આવે છે કે 'અડધોઅડધ કથાવાર્તાનો જોગ રાખશે તેનું જ સારું રહેશે.' તો તે કેવી રીતે સમજવું?''

સ્વામીશ્રી કહેઃ ''આમાંય ભજન કરતાં કરતાં ક્રિયા કરવી. બધી ક્રિયામાં ભગવાનનું કર્તાપણું સમજીને કરવી, એ ભક્તિ કહેવાય. ભગવાનનો મહિમા જાણીને બધું કરે તો એ ચોવીસ કલાક જ (ભજન/કથા) થઈ જાય. પણ ખાવા-પીવા-સૂવા વગેરેમાં સમય જાય માટે સ્વામીએ (અડધોઅડધ) કહ્યું. ભગવાનને પડતા મૂકીને કાંઈ ન કરવું. બધી ક્રિયામાં ભગવાનને સંભારીને કાર્ય કરવું, એ અડધોઅડધ કથાવાર્તાનો જોગ.''

પ્રશ્નઃ ''સ્વામીની વાતમાં લખ્યું છે કે 'બે સારા સાધુ ને ત્રણ સારા સત્સંગી સાથે જીવ બાંધવો તો સત્સંગમાંથી ના

પડાય.' પણ આવું કરવા જઈએ તો સત્પુરુષ ગૌણ થઈ જવાની શક્યતા રહે છે. તો પછી તેવાની સાથે કેવી રીતે જીવ જોડવો, જેથી તે વ્યક્તિમાં બંધન ન થઈ જાય. તે પ્રધાન ન થઈ જાય?''

સ્વામીશ્રી કહેઃ ''એટલે તેમનામાં લીન ન થવું, પણ મૂંઝવણ-દ્વિધા થાય તો એમને પૂછવું, એ રીતે જીવ જોડવો, કારણ કે સત્પુરુષ તો ક્યાંય હોય. માટે અધ્યાત્મ માર્ગે આગળ વધવા એમની સલાહ લેવી, પૂછવું. એ રીતે જીવ જોડવાની વાત છે.''

પ્રશ્નઃ ''ગુણાતીતાનંદ સ્વામી દેવાનંદ સ્વામીની સેવામાં રોકાયા અને તેમણે રાજી થઈને સંગીત શિખવાડવાની વાત કરી, પણ ગુણાતીતાનંદ સ્વામીએ વિનમ્રતાથી ગાનવિદ્યા શીખવાની ના પાડી અને ભજનને મુખ્ય રાખ્યું. જ્યારે અમારે તો સંગીત વગેરે શીખવાનું થાય છે. તો તે અંગે શું સમજવું?''

સ્વામીશ્રી કહેઃ ''એક તો આજ્ઞા. આજ્ઞાથી કરીએ એટલે બંધન ન થાય. અને આજ્ઞા પણ ઓર્ડિનરી (= સામાન્ય) પાળવાની નહીં. જેમ બધામાં આગળ ને આગળ વધીએ છીએ... જેમ, પહેલાં ઘરોમાં ચૂલા હતા. પછી ગૅસ આવ્યા... એ રીતે આજ્ઞા પાળવામાં વિકાસ પામવું, અટકી ન રહેવું. પોતાની ક્રિયા વિકસાવવી ને એમાં જાણપણું તો રાખવું કે - ક્રિયા પ્રધાન ન થઈ જાય. અને ભગવાન ને સંત ગૌણ ન થઈ જાય.''

પ્રશ્નઃ ''સ્વામીની વાતમાં એક વાત આવે છે કે - ભગવાને સુખ આપ્યું હોય, અને મહિમા સમજાયો હોય તે સોળ આનીએ એક આની કહેવું. સામે એવું પણ કહ્યું છે કે - ભગવાન અને સંતના મહિમાની વાતો નિરંતર કરવી ને સાંભળવી, તો મહિમા કહેવામાં શું જાણપણું રાખવું?''

સ્વામીશ્રી કહેઃ ''આપણું પ્રધાનપણું આવી જાય ને સંત ગૌણ થઈ જાય એવી રીતે ન કહેવું... શરૂઆતમાં સારી રીતે કહીએ પણ બેચાર જણ મહત્તા આપે પછી ડાઈવર્ટ થઈ જવાય ને દંભ ઉપર જતું રહેવાય. માટે એક આની કહેવાનું કહ્યું. ને એમાંય મહારાજ-સ્વામી ગૌણ ન થાય તે ખાસ ધ્યાન રાખવું. જાણપણું ન હોય તો આપણો અહમ્ પોષાય. માટે અંતર્દૃષ્ટિ સતત રાખવી. મહારાજ-સ્વામીની ગૌણતા ન આવે અને આપણામાં અહમ્ મમત્વ ન વિકસે.''

પ્રશ્નઃ ''કામરોળના દાજીભાઈ ગુણાતીતાનંદ સ્વામીના યોગમાં આવ્યા. નિષ્કપટ થયા. પાંચ માળા ફેરવી ને નિષ્કામી થઈ ગયા. હવે એ તો સત્સંગી પણ નહોતા... તો અમે આપની સામે દૃષ્ટિ રાખીને માળા ફેરવીએ તો આવું ફળ મળે કે ન મળે?''

સ્વામીશ્રી કહેઃ ''મનમાં બીજું ચાલતું હોય ને માળા ફરતી હોય એમાં બરકત ન આવે. દાજીભાઈ એકતાર થઈ ગયા હતા. બીજા બધા સંકલ્પ હતા જ નહીં. સ્વામીનો તેમને એટલો વિશ્વાસ આવી ગયો હતો, એટલે આ બધું કામ થઈ ગયું.''

સંતોએ ખૂબ ખૂબ આભાર માન્યો. સ્વામીશ્રીએ સંશયનાં વાદળો છિન્નભિન્ન કરી નાખ્યાં હતાં. સાધનામાર્ગ સુપ્રકાશિત કરી આપ્યો હતો.

●

**તા. ૩૧-૧-૨૦૨૧, નેનપુર**

જાગ્રત થઈ ગુરુહરિએ સ્નાન કર્યું. તે પછી અચાનક જ, કોઈ સંદર્ભ વગર કહેવા લાગ્યા 'અક્ષર એવો હું પુરુષોત્તમનો દાસ છું... અને દાસનો દાસનો દાસ છું.'

''કેમ?'' ખૂબ આશ્ચર્ય સાથે ઉત્તમયોગીદાસ સ્વામીએ પૂછ્યું.

સ્વામીશ્રી કહેઃ ''કેમ? દાસ થવામાં કેટલો માલ, કેટલી મજા છે!? બાપ થવામાં બધું ખોઈ નાખે... દાસ!''

સ્વામીશ્રી આ 'દાસ!' શબ્દ એકદમ મજાથી અને મહિમાથી બોલ્યા.

ઉત્તમયોગીદાસ સ્વામીએ પૂછ્યું : ''એટલે સ્વામી, 'દાસ'માં શું થવાનું?''

સ્વામીશ્રી કહેઃ ''બધા મારા ઉપર...''

ઉત્તમયોગીદાસ સ્વામીએ પૂછ્યું : ''બધા મારા ઉપર છે એમ?''

''હા...''

ઉત્તમયોગીદાસ સ્વામીએ કહ્યુંઃ ''તો પછી આપણી કોઈ કિંમત જ ન રહે.''

''અરે, ભગવાન છે કિંમત કરનાર.'' સ્વામીશ્રી તરત જ એકદમ ભાવથી બોલી ઊઠ્યા.

''એમ?'' એવા ભાવ ઉત્તમયોગીદાસ સ્વામીના મુખેથી નીકળી પડ્યા.

સ્વામીશ્રી કહેઃ ''હા... ભગવાન કહે છે 'માન હોય તેને હું પગે લાગતો નથી. અને જે દાસ થાય એ સર્વોપરી છે.' તો પછી જોઈએ શું?''

સ્વામીશ્રીએ દાસત્વભાવની ચરમસીમા દર્શાવી દીધી.

આમ, સ્વામીશ્રીના સાંનિધ્યમાં નિત્ય આધ્યાત્મિક ગોષ્ઠિઓનાં મોજાં ઊછળતાં રહે છે.

●

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# માણેકપોર, ભગવાનપુરા અને ભાઈલાકુઈ ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો


માણેકપોર


ભગવાનપુરા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે દક્ષિણ ગુજરાતનાં અનેક ગામડાંઓમાં વિચરણ કરીને, હરિભક્તો પર સંસ્કારવર્ષા કરીને સત્સંગની હરિયાળી પાથરી છે. તેના પરિપાક રૂપે આજે અનેક ગામડાંઓમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો નિર્માણ પામી રહ્યાં છે. ફેબ્રુઆરી, ૨૦૨૦માં સાંકરી વિસ્તારનાં માણેકપોર અને ભગવાનપુરા ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો રચાયાં હતાં. કોરોના મહામારીને કારણે 'સ્વામિનારાયણ પ્રકાશ' પ્રકાશિત થતું ન હોઈ તેના અહેવાલો પ્રકાશિત થઈ શક્યા નહોતા. આથી, તેની સંક્ષિપ્ત વિગત અહીં પ્રસ્તુત છે.

## માણેકપોર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા

માણેકપોર ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પ્રથમ વખત તા. ૪-૧-૧૯૭૬ના રોજ પધરામણી કરી હતી. ત્યારે અગ્રણી ગામજનોએ તેઓનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. સ્વામીશ્રીએ તે વખતે ગામમાં નિર્માણ પામી રહેલા શ્રી રાધાકૃષ્ણ દેવના મંદિરમાં પધારીને સૌ ગ્રામજનોને આશીર્વાદ આપ્યા હતા. સ્વામીશ્રીની પ્રેરણાથી અહીં સન ૧૯૮૫માં સંયુક્ત સત્સંગસભા અને બાળસભાની શરૂઆત થઈ. શરૂઆતમાં આજુબાજુનાં ગામોમાંથી કાર્યકરો અહીં આવીને સત્સંગલાભ આપતા હતા. ધીમે ધીમે ગામમાં શ્રી ભરતભાઈ સત્યદેવભાઈ પટેલની નિષ્ઠાસભર સેવાથી સત્સંગની અભિવૃદ્ધિ થઈ. અવારનવાર પારાયણ અને સભા પ્રસંગે સાંકરી મંદિરથી નિયમિત સંતો પધારતા. મહંત સ્વામી મહારાજ તા. ૨૩-૩-૨૦૦૯ના રોજ આ ગામમાં પધાર્યા હતા. સત્સંગપ્રવૃત્તિને વિશેષ વેગ આપવા મંદિર અનિવાર્ય જણાયું અને પ્રમુખસ્વામી મહારાજે પત્ર દ્વારા આશીર્વાદ પાઠવ્યા. ડેન્માર્ક સ્થાયી થયેલા શ્રી રાકેશભાઈ પટેલે પારાયણ યોજીને મંદિર નિર્માણ માટે સારી મહેનત કરી. શ્રી ભાવેશભાઈ ચીમનસિંહ ચાવડાએ ભક્તિભાવપૂર્વક ભૂમિદાન કરતાં તા. ૧૭-૪-૨૦૧૯ના રોજ મંદિર નિર્માણની શરૂઆત થઈ. શ્રી રાકેશભાઈ પટેલ, ધર્મેશભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, કનકસિંહ ચાવડા, અમીષ ચાવડા, લક્ષ્મીબહેન પટેલ, જિતેન્દ્રસિંહ વાંસિયા, યતિનભાઈ પટેલ, દિવ્યેશભાઈ પટેલ, પ્રવીણસિંહ એરથાણા વગેરે હરિભક્તોની સેવા પણ પ્રશસ્ય રહી. સૌના સહયોગથી નૂતન મંદિરનું નિર્માણ થયું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૫-૨-૨૦૨૦ની માંગલિક સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં ૨૨૫ ગામજનોએ જોડાઈને આહુતિ અર્પણ કરી હતી. તે જ દિવસે બપોરે શોભાયાત્રાનું સુંદર આયોજન થયું હતું. વિવિધ શણગારેલ રથોમાં બિરાજેલી મૂર્તિઓએ ગામજનો પર દૃષ્ટિ કરી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મુંબઈ અને સાંકરીમાં પ્રતિષ્ઠિત કરેલી અહીંની મૂર્તિઓનો સ્થાપનવિધિ

તા. ૧૬-૨-૨૦૨૦ના રોજ સવારે પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ પ્રેરક વચનો પાઠવીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

### ભગવાનપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા

દક્ષિણ ગુજરાતના મહુવા તાલુકાના ભગવાનપુરા ગામે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૨૧-૬-૧૯૭૯ના રોજ પધરામણી કરી હતી. તેઓની પ્રેરણાથી સન ૧૯૮૫માં પાંચ હરિભક્તથી અહીં સંયુક્ત સત્સંગમંડળની શરૂઆત થઈ. મંડળ સંચાલકશ્રી ઠાકોરભાઈ પટેલ અને હરિભક્તો વિશેષ સેવારત થતાં ગામમાં સત્સંગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા માંડ્યો. સંયુક્તસભાની જેમ બાળસભા, યુવકસભા, મહિલાસભા જેવી અન્ય પ્રવૃત્તિઓનો પણ ક્રમશઃ વિકાસ થતાં સત્સંગે ગતિ પકડી. સ્વામીશ્રીના આશીર્વાદથી યુવકોને સત્સંગનો વિશેષ રંગ લાગતાં કેટલાક યુવાનો સંસ્થામાં ત્યાગાશ્રમી સેવા માટે જોડાયા છે અને કેટલાક યુવકો યુવાતાલીમ કેન્દ્રમાંથી તાલીમ પામ્યા. ઉત્સાહી બાળકો અને યુવકો સાંકરી વિસ્તારમાં ઉજવાતા દરેક ઉત્સવમાં ભક્તિનૃત્ય-સંવાદની સેવામાં હોંશેહોંશે જોડાઈ જાય છે. આમ, સૌની ભક્તિને વિશેષ પોષણ આપવા માટે મંદિરની જરૂરિયાત જણાઈ.

સન ૨૦૧૬માં પાલીબહેન ભાણાભાઈ પટેલે મંદિર નિર્માણ માટે ભૂમિદાન કર્યું. તેઓના ભાઈ નગીનભાઈએ પણ નોંધપાત્ર સહયોગ આપ્યો. સન ૨૦૧૮માં મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ. શ્રી મોહનભાઈ ઢોડિયા, સુરેશભાઈ પડશાલા, નગીનભાઈ (મલાવી), જયંતીભાઈ, ધીરુભાઈ, નીતિનભાઈ, હરગોવિંદભાઈ, ચંપકભાઈ(લંડન), કાન્તુભાઈ(ન્યુઝીલેન્ડ), અમૃતભાઈ(અમેરિકા), શાંતુભાઈ, રતિલાલભાઈ, કાન્તુભાઈ, રણજિતસિંહ ગરાસિયા, ધર્મેશભાઈ પટેલ(ઝેરવાવરા), ઠાકોરભાઈ પટેલ તથા ગુણસવેલ મંડળ વગેરેના સહયોગથી અને સંતોના સતત માર્ગદર્શન હેઠળ મંદિર નિર્માણ પામ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૪-૨-૨૦૨૦ના રોજ સાંજે કીર્તનભક્તિ યોજાઈ હતી. બીજા દિવસે સવારે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૬૫૦થી વધુ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને આહુતિ અર્પણ કરી. સાંજે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં નગરયાત્રા યોજાઈ, જેમાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. સાંકરીમાં તા. ૨૩-૨-૨૦૧૯ના રોજ સવારે મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી અને સંતોએ કર્યો હતો. ભગવાનપુરા ખાતે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ વિરાજમાન થતા આજે આ ગામનું નામ વધુ ઉચિત બન્યું હતું. સાંકરી મંદિરના કોઠારી પુણ્યદર્શનદાસ સ્વામી તેમજ ધ્યાનજીવનદાસ સ્વામી અને મંગલભૂષણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોની અથાક સેવાથી આ બંને ગામોમાં ઉત્સવ સફળ બન્યો હતો.

### ભાઈલાકુઈ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી, ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ભાઈલાકુઈ ગામમાં બી.એ.પી.એસ. સત્સંગ મંડળની શરૂઆત સન ૧૯૯૨થી થઈ હતી. અગ્રણી હરિભક્ત શ્રી ખોડાભાઈ પટેલના ઉત્સાહથી ગામમાં સત્સંગની અભિવૃદ્ધિ થઈ. તેઓ ગામના યુવાનોને ઉત્સવ-મહોત્સવોની સેવામાં જોડતા ગયા ને સત્સંગની અભિવૃદ્ધિ થતી રહી. ધીમે ધીમે મંદિરની જરૂરિયાત જણાતાં શ્રી રામાભાઈ પરમારે મંદિર માટે ભૂમિ અર્પણ કરી. આ ભૂમિ પર તા. ૧૮-૧-૨૦૧૮ના રોજ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મંદિરનો ખાતવિધિ યોજાયો. અમદાવાદ સ્થિત શ્રી જિજ્ઞેશભાઈ હરિપ્રસાદ મહેતાની વિશેષ સેવાથી નિર્માણકાર્ય આરંભાયું. શ્રી સંજયભાઈ પટેલ પણ સેવામાં જોડાઈ ગયા. ખંતીલા અને ઉત્સાહી હરિભક્તો જરૂરિયાત પ્રમાણે શ્રમયજ્ઞમાં પણ જોડાયા. આમ, સૌની ભક્તિના ફળસ્વરૂપે કલાત્મક મંદિર આકાર પામ્યું. અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૯ થી ૧૪ ડિસેમ્બર સુધી છ દિવસીય ભક્તિમય કાર્યક્રમ ઊજવાયો. પંચમ દિને શ્રી સ્વામિનારાયણ વૈદિક યજ્ઞ માટે યજ્ઞશાળાને આખરી ઓપ અપાતો હતો ત્યાં જ મોટા ફોરે વરસાદ શરૂ થયો. ચિંતાગ્રસ્ત સંતો-હરિભક્તો સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા લાગ્યા ને જાણે ભગવાને પ્રાર્થના સાંભળી. ૩ થી ૪ કિ.મી.ના અંતરે આવેલા આસપાસનાં બધાં જ ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો અને ભાઈલાકુઈ પર જાણે ભગવાને છત્ર ધરી દીધું. આ ઐશ્વર્ય દર્શનથી ગ્રામજનોને ખૂબ જ ભાવ થયો. ૮૦૦ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ લીધો અને સુખરૂપે યજ્ઞ પૂર્ણ થયો. બપોરે ૪:૦૦ વાગ્યે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને દેવસ્વરૂપોની શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી.

બોચાસણ ખાતે મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૪-૧૨-૨૦૧૯ના રોજ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. અહીં વિચરણ કરતાં દિગંતકીર્તિદાસ સ્વામીના આયોજન હેઠળ સૌના સહિયારા પુરુષાર્થે આ ઉત્સવને શોભાવ્યો હતો. ◆




# અખિલ ભારતીય સત્સંગદીક્ષા સંપૂર્ણ શ્લોક મુખપાઠ સ્પર્ધા યોજાઈ, જેમાં ૧૦,૦૦૦થી વધુ યુવક-યુવતી, બાળ-બાલિકાઓએ માર્યો ડંકો...

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત આજ્ઞા-ઉપાસનાના સિદ્ધાંતોનું અમૃત એટલે સત્સંગદીક્ષા ગ્રંથ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે લખાયેલા આ શાસ્ત્રનાં ચોમેર વધામણાં થઈ રહ્યાં છે. હજારો આબાલવૃદ્ધ હરિભક્તો ગાગરમાં સાગર સમાન આ શાસ્ત્રને કંઠસ્થ કરીને હૃદયસ્થ કરી રહ્યા છે. આધુનિકયુગની અજંપાભરી દોડમાં ડગલે ને પગલે પ્રકાશ પાથરતું આ શાસ્ત્ર હજારો દેશ-વિદેશનાં બાળકો-બાલિકાઓ, કિશોરો-કિશોરીઓ, યુવાનો-યુવતીઓમાં પણ એટલું જ આદરણીય બન્યું છે. તેની સાક્ષી પૂરતો એક વિશિષ્ટ અવસર એટલે - બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આયોજિત અખિલ ભારતીય સત્સંગદીક્ષા સંપૂર્ણ શ્લોક મુખપાઠ સ્પર્ધા.

આ સ્પર્ધા બે વિભાગમાં યોજાઈ. એક બાળ-બાલિકા વિભાગમાં તો બીજી યુવક-યુવતી વિભાગમાં.

અહીં પ્રથમ યુવક-યુવતી વિભાગની આ સ્પર્ધાની એક ઝલક મેળવીએ.

## યુવક-યુવતી વિભાગ

થોડા મહિનાઓ પહેલાં તા. ૧૬-૧૦-૨૦૨૦ના રોજ પ્રથમવાર સત્સંગદીક્ષા સંપૂર્ણ શ્લોક મુખપાઠ સ્પર્ધામાં અખિલ ભારતીય સ્તરે વિજેતા થનાર ૩૦૦ સ્પર્ધકોનો સન્માન સમારોહ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ઓનલાઈન વર્ચ્યુઅલ રીતે યોજાયો હતો. તે સમારોહમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા કે, 'અત્યારે તો તમે ૩૦૦ છો, પણ તમારા ઘણા ફોલોઅર્સ થશે અને ૧૦૦૦, ૨૦૦૦ થશે...' સ્વામીશ્રીની આ આર્ષવાણીમાંથી દ્વિતીય સ્પર્ધાનો આરંભ થયો.

પ્રથમ મુખપાઠ સ્પર્ધામાં જે યુવક-યુવતીઓ તક ચૂકી ગયાં હતાં અથવા કોઈ કારણસર આ સ્પર્ધામાં ભાગ લઈ શક્યાં ન હતાં તે સર્વે આ સ્પર્ધામાં ભાગ લેવા કટિબદ્ધ થયાં. તા. ૨૬-૧૦-૨૦૨૦થી સંપૂર્ણ શ્લોક મુખપાઠ દ્વિતીય સ્પર્ધાની નોંધણીનો પ્રારંભ થયો. ચાર દિવસ બાદ સ્વામીશ્રીએ સ્વહસ્તે સત્સંગસમાજને લખી આપ્યું કે '૨૦૦૦ કરવા છે...' સ્વામીશ્રીએ સંકલ્પ કરતાં જ કુલ ૮૮૪૫ યુવક-યુવતીઓએ ઉત્સાહભેર સંપૂર્ણ મુખપાઠ કરવા માટે પોતાનું નામ નોંધાવીને શ્લોકો કંઠસ્થ કરવાનો ભગીરથ પ્રયત્ન આદરી દીધો.

કોરોનાની મહામારીને કારણે આ સ્પર્ધા ઓનલાઈન વૉટ્સએપ વીડિયોકોલ દ્વારા ક્ષેત્ર અનુસાર ત્રણ તબક્કામાં ૧૪ અને ૩૧ જાન્યુઆરી તથા ૭ ફેબ્રુઆરીના રોજ

યોજાઈ હતી. અંતે જેમના ૩૧૫ શ્લોકો સાચા પડ્યા હોય તેવાં ૩,૧૦૮ યુવક-યુવતી સ્પર્ધકો અખિલ ભારતીય સ્પર્ધા માટે પસંદગી પામ્યાં.

આ ઉત્તીર્ણ સ્પર્ધકોની 'અખિલ ભારતીય સંપૂર્ણ શ્લોક મુખપાઠ સ્પર્ધા' જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં ત્રણ તબક્કામાં યોજાઈ. ૧૬ દિવસ ચાલેલી આ સ્પર્ધામાં ૭૨ નિર્ણાયકોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ૩૧૦૮ સ્પર્ધકોમાંથી ૨૩૩૬ સંપૂર્ણ મુખપાઠ શ્રેણી, ૪૧ વિશિષ્ટ યોગ્યતા શ્રેણી, ૩૩ વિશેષ યોગ્યતા શ્રેણી એમ કુલ ૨૪૧૦ જેટલા સ્પર્ધકો વિજેતા બન્યા હતા. આમ, સ્વામીશ્રીએ 'સંકલ્પ-૨૦૦૦'નો કર્યો હતો તે સંકલ્પને યુવક-યુવતીઓએ સવાયો સાકાર કર્યો હતો.

આ તમામ વિજેતા સ્પર્ધકોનો ઓનલાઇન સન્માન સમારોહ તા. ૧૮ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ બે સત્રોમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં ઊજવાયો.

આ સમારોહની શાનદાર ઉજવણી માટે નેનપુર ખાતેના સભામંડપમાં સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું. મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પ્રથમ ઓનલાઇન સત્ર તા. ૧૮-૨-૨૦૨૧ના રોજ સાંજે ૬-૩૦ વાગ્યે યોજાયું. વડોદરાના યુવકોની ધૂન-પ્રાર્થના બાદ આત્મસ્વરૂપદાસ સ્વામીએ સત્સંગદીક્ષાના મહિમાની સુંદર છણાવટ કરી. યુવકોએ સત્સંગદીક્ષાના શ્લોકોનું સુમધુર કંઠે ગાન કર્યું. તે દરમ્યાન સ્વામીશ્રીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુરુપરંપરાનું ભક્તિભાવપૂર્વક પૂજન કર્યું. ત્યારબાદ સંતોએ સ્વામીશ્રીનું પૂજન કરીને કલાત્મક હાર વડે વધાવ્યા.

સમારોહની શરૂઆતમાં ક્ષેત્રિય તથા અખિલ ભારતીય સ્પર્ધાની અલ્પ ઝલક, સ્પર્ધકોએ કરેલા પુરુષાર્થ પૈકી કેટલાક યુવકોના પ્રેરક પ્રસંગો, નિર્ણાયક સંતોને સ્પર્ધા દરમ્યાન થયેલા અનુભવો વીડિયોના માધ્યમ દ્વારા પ્રસ્તુત થયા. ત્યારબાદ સ્વામીશ્રીએ યુવકોનો મુખપાઠ લીધો. તેઓ સમક્ષ ૭ ક્ષેત્રના યુવકો ઉપસ્થિત હતા. સ્વામીશ્રી કોઈપણ એક યુવકને ટેબલ પર મૂકેલા ક્ષેત્રના નામનું બોર્ડ ઊંચું કરીને પસંદ કરતા. ત્યારબાદ ડાબી બાજુ શ્લોકના નંબર લખેલ ચક્રને ફેરવતા. તેમાં જે શ્લોકનો નંબર આવે, તે નંબરથી લઈને સળંગ પાંચ શ્લોકોનો મુખપાઠ સ્પર્ધકે બોલવાનો રહેતો. દરેક સ્પર્ધકનો મુખપાઠ સંપૂર્ણ સાચો હોવાથી સ્વામીશ્રીએ ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ આપ્યા. અંતમાં, સ્વામીશ્રીએ આશીર્વાદમાં મુખપાઠ દરમ્યાન યુવકોએ દાખવેલી અનન્ય શ્રદ્ધાને ખૂબ જ બિરદાવી. આમ, પ્રથમ સત્રની પૂર્ણાહુતિ થઈ.

તા. ૨૦-૨-૨૦૨૧ના રોજ દ્વિતીય ઓનલાઇન સત્રનો પ્રારંભ થયો. સ્વામીશ્રી ૬:૫૦ વાગે પધાર્યા તે પૂર્વે વલ્લભવિદ્યાનગર છાત્રાલયના યુવકોએ ધૂન-પ્રાર્થના સુમધુર કંઠે રજૂ કર્યાં. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ તમામ સ્પર્ધકોને પ્રેરક ઉદ્બોધન કર્યું.

ત્યારબાદ સ્પર્ધકોએ મુખપાઠની પ્રસ્તુતિ શ્લોકના એક-એક ચરણ બોલીને, શ્લોકના નંબર મુજબ, શ્લોકના વિષય મુજબ, ત્વરાયુક્ત વગેરે વિવિધ શૈલીમાં રજૂઆતો કરી. મહંત સ્વામી મહારાજે પૂર્વે પાઠવેલ એક પત્રમાં જણાવ્યું હતું કે 'બધા ધડાકેબંધ બોલતા હોય તેમ થવું જોઈએ.' ખરેખર! યુવકોએ સ્વામીશ્રીના આ વચનને સંપૂર્ણ સત્ય કરીને પ્રેરક રજૂઆત કરી. ત્યારબાદ યુવકોએ આ મુખપાઠ સ્પર્ધાની તૈયારી દરમ્યાન પોતાને થયેલા સુખદ અનુભવોની પ્રસ્તુતિ કરી. શ્રદ્ધા-પુરુષાર્થ યુક્ત આ યુવાઓની ભક્તિથી આજે સ્વામીશ્રી ખૂબ જ પ્રસન્ન હતા. હવે પછીની જે ક્ષણ હતી તે સત્પુરુષના રાજીપાની ચરમસીમા રૂપ હતી.

સમારોહના પ્રથમ સત્રમાં સ્વામીશ્રીએ સ્પર્ધકોના મુખપાઠની તૈયારી માટેના પ્રેરક પ્રસંગો સાંભળ્યા ત્યારે તેમનું હૈયું ગદ્ગદિત થઈ ગયું અને તેમણે સંકલ્પ કર્યો કે મારે આ તમામ સ્પર્ધકોને વધાવવા છે. એટલે આજે મધ્યાહ્ને તેઓશ્રી નેનપુરમાં શાંતિવનના ઉદ્યાનમાં પધાર્યા, જાતે ગુલાબનાં પુષ્પો ચૂંટ્યાં અને પછી ત્યાં જ બેસીને એક ભરાવદાર ગુલાબનો હાર તૈયાર કર્યો. તેને અત્યારે ઠાકોરજીની પ્રસાદીનો કરીને લાવવામાં આવ્યો. સ્વામીશ્રીએ ઉત્સાહપૂર્વક પોતાની અપાર પ્રસન્નતાના સ્વરૂપે તે હારને ઊંચો કરીને સામે ઉપસ્થિત સ્પર્ધકોને પહેરાવ્યો. સ્વામીશ્રીની આવી કરુણા-મમતાનાં દર્શન કરીને યુવાઓનો સમુદાય ગદ્ગદિત થઈ ગયો. ખરેખર! નો'તી દીઠી નો'તી સાંભળી એવી ગુરુ-શિષ્યની પ્રેમભક્તિનાં અનોખાં દર્શન સૌને થયાં.

સત્સંગદીક્ષાના ૧૧મા શ્લોક મુજબ સ્વામીશ્રીએ ચિત્ર દોરીને સુંદર સારભૂત બોધ આપ્યોઃ આજ્ઞા અને ઉપાસના અક્ષરધામમાં જવાની બે પાંખો છે. ત્યારબાદ સ્વામીશ્રીએ વિજેતાઓનાં પારિતોષિકો, પ્રમાણપત્રો, સત્સંગદીક્ષા ગ્રંથ, સ્મૃતિછબિ, પ્રત્યેક સ્પર્ધકને પ્રાપ્ત થનાર પ્રસાદબૉક્સ તથા સ્નેહસૂત્રને પ્રસાદીભૂત કરીને, ખૂબ વાત્સલ્યપૂર્વક તેઓની નામાવલિ પર અભય હસ્ત પ્રસરાવીને સૌને ધન્ય કર્યા.










ત્યારબાદ સૌએ હૃદયની પ્રાર્થનાઓની ગંગા વહાવી. સ્વામીશ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને કરકમળોમાં ગ્રહણ કરીને બેઠા હતા. સામે સ્પર્ધકોએ અંતરથી પ્રાર્થના કરી. યજ્ઞપ્રિયદાસ સ્વામીએ પણ તમામ સ્પર્ધકો વતી પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ તેની પરિપૂર્તિના આશીર્વાદ અર્પીને સ્પર્ધકોની શ્રદ્ધા-ભક્તિને ખૂબ બિરદાવી.

ત્યારબાદ સ્વામીશ્રી સમક્ષ સાક્ષાત્ સ્થાન અક્ષરદેરીની મૂળ જ્યોત લાવવામાં આવી અને સ્વામીશ્રીએ દીપશલાકા વડે તેમાંથી જ્યોત પ્રગટાવીને દીપ પ્રગટાવ્યા. સ્પર્ધકોએ પણ ઘરે દીપ પ્રગટાવ્યા અને ત્યારબાદ અક્ષરપુરુષોત્તમના જ્ઞાનની જ્યોત સમગ્ર વિશ્વમાં પ્રસરાવવાના શુભ સંકલ્પ સાથે સૌ સ્વામીશ્રી સંગે આરતીમાં જોડાયા. આરતી-અર્ઘ્ય બાદ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ કરીને સત્સંગદીક્ષાના પ્રવર્તનના ઉદ્‌ઘોષ માટે સ્વામીશ્રીએ હાથમાં ધ્વજ લહેરાવીને સૌને કટિબદ્ધ થવા હાકલ કરી. સ્પર્ધકો પણ ધ્વજ ફરકાવીને અક્ષરપુરુષોત્તમના ગાનને ગગનગામી કરવા કૃતનિશ્ચયી થયા.

સમારોહની પૂર્ણાહુતિ વેળાએ પ્રવક્તા સૌનો આભાર વ્યક્ત કરતા હતા ત્યારે સ્વામીશ્રીએ તેઓને અધવચ્ચે અટકાવીને કહ્યું કે, ‘તમામ સંતો, પાર્ષદો, સાધકો આ સ્પર્ધકોને પાંચ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને અભિવાદન કરે.’ આથી, સ્વામીશ્રીની સાથે રહેલા તમામ સેવક સંતોએ તેમજ તમામ મંદિરોમાં આ સમારોહને નિહાળી રહેલા એક હજારથી વધુ સંતોએ પણ સ્ક્રીન પર દેખાઈ રહેલા એ હજારો યુવાનોને દંડવત્‌પ્રણામ કરીને તેમનું અભિવાદન કર્યું. આવું દિવ્ય, અલૌકિક દૃશ્ય જોઈ સૌ નતમસ્તક બની ગયા. આમ, અલૌકિક સ્મૃતિઓ અને અનન્ય રાજીપો વરસાવીને સ્વામીશ્રીએ મંચ પરથી વિદાય લીધી. ત્યારબાદ તમામ વિજેતાઓની નામાવલિ રજૂ થતાં સૌએ તાળીનાદથી વિજેતાઓને વધાવ્યા. અંતે જયનાદો દ્વારા આ સન્માન સમારોહની પૂર્ણાહુતિ થઈ.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા આયોજિત આ મુખપાઠ સ્પર્ધામાં તમામ ક્ષેત્રોના સંતનિર્દેશક સંતો તથા કાર્યકરોનો પુરુષાર્થ ખરેખર પ્રશંસનીય રહ્યો હતો. ગુરુહરિ મહંત સ્વામી મહારાજને અતિ પ્રસન્ન કરવાની યુવાનોની અદમ્ય ધગશ અને સબળ પુરુષાર્થને કારણે સ્વામીશ્રીનો ‘સંકલ્પ-૨૦૦૦’ સવાયો સાકાર થયો હતો.

વડોદરાના સમા વિસ્તારના વિપુલભાઈ પટેલે કોરોનાની બીમારી વચ્ચે પણ મુખપાઠ કર્યો. શારીરિક અશક્તિ અને માનસિક તણાવ વચ્ચે સત્સંગદીક્ષાના શ્લોકોએ જ હિંમત આપી. કોરોના મટ્યા પછી ખાંસીની તકલીફ ખૂબ જ વધી ગઈ. ડૉક્ટરે તેઓને ઓછું બોલવાની સલાહ આપી, પરંતુ તેઓને બોલ્યા સિવાય મુખપાઠ યાદ નહોતો રહેતો. મુખપાઠની રટનાથી ગળું વારંવાર સુકાઈ જતું, તેને કારણે ખાંસી વધતી ગઈ. આમ છતાં તન અને મનની કુસ્તી વચ્ચે તેમણે મુખપાઠ પૂર્ણ કર્યો.

● ભાદરણ ગામના હરિકૃષ્ણ પટેલના શરીરના સ્નાયુઓ નબળા હોવાથી તેઓ પોતાની કોઈપણ ક્રિયા જાતે નથી કરી શકતા. વળી, કૉલેજ સુધી અંગ્રેજી માધ્યમમાં જ ભણ્યા હોવાથી સંસ્કૃત આવડતું જ નથી. આવી પરિસ્થિતિ વચ્ચે સત્સંગદીક્ષાનો મુખપાઠ કરવાનો સંકલ્પ કર્યો. રોજ ત્રણ-ચાર કલાક સુધી સતત શ્લોકો સાંભળે અને મોડી રાત સુધી પથારીમાં સૂતાં સૂતાં શ્લોકોનું રિવિઝન કરે. આમ કરતાં કરતાં ૧૫ જ દિવસમાં તેમણે સંપૂર્ણ ૩૧૫ શ્લોક મુખપાઠ કરી નાખ્યા.

● અમદાવાદના શિવમ્ ચૌહાણના પિતાશ્રીની નાદુરસ્ત તબિયતને લીધે કુટુંબની બધી જ જવાબદારી શિવમ્‌ના ખભા પર છે. તેઓને ટ્યૂશનનો વ્યવસાય. સમયસર હૉસ્પિટલ અને ટ્યૂશન ઉપરાંત ઘરની અન્ય જવાબદારીઓની દોડધામ વચ્ચે સમયના ચક્ર પર સવારી કરીને તેમણે મુખપાઠમાં સિદ્ધિ મેળવી હતી.

● સમા વિસ્તારના દેવેશ પટેલને નોકરીમાં ડિસેમ્બર અને જાન્યુઆરીમાં કામનો ભાર ઘણો વધારે હોય છે. તેઓનાં પત્ની ડૉક્ટર હોવાથી કોરોનાની મહામારીને લીધે હૉસ્પિટલમાં ઘણો સમય ફાળવવો પડતો હતો. આ પરિસ્થિતિમાં આ દંપતીએ મુખપાઠ કરવાનો સંકલ્પ કર્યો. પણ પ્રશ્ન એ હતો કે બે વર્ષના દીકરાની સંભાળ કોણ રાખે? આથી, વારાફરતી બંનેનાં માતા-પિતા વડોદરા આવીને પુત્રની સંભાળ રાખે. આમ, સમયની ખેંચ વચ્ચે સમયની સાથે કદમ મિલાવીને આ દંપતીએ મુખપાઠ કર્યો.

● વડોદરા છાણી વિસ્તારના ખંતિલ દેસાઈએ ડિસેમ્બર મહિનામાં સત્સંગદીક્ષા ગ્રંથના મુખપાઠનો સંકલ્પ કર્યો ત્યારે પત્ની પ્રેગ્નન્સીના છેલ્લા મહિનામાં હતાં. નાની દીકરીને સંભાળવાની જવાબદારી માથે હતી. છતાં તેઓએ રસ્તો કાઢી લીધો. અપ-ડાઉનમાં કે નાના નાના સમયનું આયોજન કરીને તેમણે જવાબદારીઓ સંભાળતાં સંભાળતાં મુખપાઠ કર્યો. ગર્ભમાં રહેલા સંતાનને પણ અત્યારથી સંસ્કાર પડે તે હેતુથી રાત્રે ઘરે આવીને તે રોજ પત્નીને મુખપાઠ આપે. રોજ નક્કી કરેલા શ્લોકોનું લક્ષ્ય પૂરું ન થાય ત્યાં સુધી સૂવાનું જ નહીં. ૧૧મી જાન્યુઆરીએ પુત્રનો જન્મ થયો તે ક્ષણ સુધી તેઓ હૉસ્પિટલની લૉબીમાં મુખપાઠ કરી રહ્યા હતા. પળેપળનું આયોજન કરીને તેમણે પૂર્ણરૂપે મુખપાઠ કર્યો!

● કંથરાજ ગામના શિક્ષક શ્રી મિનેષભાઈ દેલડાએ ક્ષેત્રિય અધિવેશનમાં ૩૧૫ શ્લોકોનો મુખપાઠ સારી રીતે આપી દીધો, પરંતુ બીજા જ દિવસે તેઓની ૬ મહિનાની દીકરીની તબિયત બગડી. ડૉક્ટરની સલાહ મુજબ દીકરીનો એમઆરઆઈ ટેસ્ટ કરાવતા હતા ત્યાં જ દીકરીએ શ્વાસ લેવાનું બંધ કરી દીધું. ટેન્શન વચ્ચે તેઓ મહારાજ-સ્વામીને પ્રાર્થના કરતાં બે કલાક બાદ દીકરીની સ્થિતિ પાછી નોર્મલ થઈ ગઈ. પણ ટેસ્ટના રિપોર્ટ પરથી ખબર પડી કે તેને ગંભીર બીમારી છે, તેનું તાત્કાલિક ઑપરેશન કરવું જરૂરી છે. આ પ્રકારની સર્જરી ગુજરાતમાં ક્યાંય થતી જ નહોતી. એટલે મન વધુ વ્યગ્ર હતું. આમ છતાં મન મક્કમ કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજને ખૂબ જ પ્રાર્થના કરીને નક્કી કર્યું કે મુખપાઠ કરવો જ છે. બધું જ જવાબદારીભર્યું કાર્ય નિભાવવાની સાથે તેમણે સંપૂર્ણ મુખપાઠ આપ્યો. સ્વામીશ્રીની કૃપાથી અત્યારે દીકરીનું સ્વાસ્થ્ય ઘણું સારું છે.

**અકલ્પ્ય પરિસ્થિતિમાં ગ્રંથનો મુખપાઠ કરનાર યુવાનોની પ્રેરક સ્મૃતિઓ...**

● અમદાવાદના ઈસનપુર વિસ્તારના અક્ષય ચૌહાણને ક્ષેત્રિય મુખપાઠ સ્પર્ધાના આગલા દિવસોમાં જ પથરીનો અસહ્ય દુખાવો ઊપડ્યો. પથરીનું ઑપરેશન કરાવ્યું. બીજા દિવસે જ ક્ષેત્રિય અધિવેશન હોવાથી હૉસ્પિટલના પલંગમાં સૂતાં સૂતાં મુખપાઠ આપ્યો! પછી તરત જ બે-ત્રણ દિવસમાં તેમનું પથરીનું બીજું ઑપરેશન પણ કરવું પડ્યું અને તે ઑપરેશન પછી હૉસ્પિટલમાંથી જ તેમણે અખિલ ભારતીય સ્પર્ધાનો મુખપાઠ આપ્યો.

● વડોદરા શહેરમાં ઈન્દ્રપુરી વિસ્તારના ધનરાજ પ્રજાપતિ કહે છે કે 'હું જ્યારથી લોકડાઉન થયું ત્યારથી મોબાઈલમાં ગેઈમ રમવામાં અને વૉટ્સઍપમાં બહુ જ સમય પસાર કરતો હતો. પણ જ્યારે મેં સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ શરૂ કર્યો ત્યારે નિયમ લીધો કે જ્યાં સુધી ૩૧૫ શ્લોક મોઢે ન થાય ત્યાં સુધી મોબાઈલમાં કોઈપણ પ્રકારની ગેઈમ નહીં રમું. અને જરૂરિયાત વિના વૉટ્સઍપનો પણ ઉપયોગ નહીં કરું.' અને મોબાઈલ ગેઈમના વ્યસનમાંથી છૂટીને એ સમયનો સકારાત્મક ઉપયોગ કરીને આ યુવાને પૂર્ણ મુખપાઠ કર્યો.

● બોરીવલી વેસ્ટના મહેશભાઈ જેઠવા માત્ર ૫ ધોરણ ભણેલા છે અને દરજીકામનો વ્યવસાય કરે છે. તેમણે સંસ્કૃતમાં સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરવાનો નિયમ લીધો. રોજ સવારે દોઢ કલાક અને દિવસ દરમ્યાન દરજી કામ કરતાં કરતાં ભગતજી મહારાજને યાદ કરીને મહિમાથી મુખપાઠ કરતા. વિશેષ મુખપાઠ માટે કાંદિવલી અથવા બોરીવલી મંદિરે રાત્રે બે કલાક જતા, વળી, આ સમય દરમ્યાન તેઓને સ્વાસ્થ્યની પણ નાની-મોટી તકલીફ રહી, છતાં પણ મુખપાઠમાં ચિત્ત પરોવીને ૩૧૫ શ્લોકનો મુખપાઠ પૂર્ણ કર્યો.

● સરકારી આયુર્વેદિક હૉસ્પિટલમાં મૅડિકલ ઑફિસર તરીકે ફરજ બજાવતા શ્રી મનહરભાઈ પ્રજાપતિનો મુખપાઠ પુરજોશમાં ચાલુ હતો તે દરમ્યાન ડિસેમ્બર મહિનામાં જ તેઓનાં માતા-પિતા કોરોનાગ્રસ્ત થયાં. આમ છતાં દવાખાનાની દોડધામ વચ્ચે સમય કાઢીને તેઓ મુખપાઠ કરતા. પરિસ્થિતિ નોર્મલ થતાં જ પળેપળનો ઉપયોગ મુખપાઠ માટે કર્યો. ઑફિસમાં રિસેસના સમયે એક વિધર્મી ફાર્માસિસ્ટ સામે તેઓ મુખપાઠ રજૂ કરતા.

● રાજકોટના વિશાલ પાંભર અને તેઓનાં પત્નીએ નક્કી કર્યું કે પહેલાં તેઓનાં પત્ની સંપૂર્ણ મુખપાઠ કરી લે ત્યાં સુધી ૩ વર્ષની દીકરીને પોતે સાચવશે. પત્નીનો મુખપાઠ પૂર્ણ થતાં જાન્યુઆરી મહિનો આવી ગયો. પછી તેઓએ મુખપાઠ શરૂ કર્યો. ત્યાં તેઓના સસરાને પેરાલિસિસનો એટેક આવતાં હૉસ્પિટલાઈઝ્ડ કરવાથી માંડીને બધી જવાબદારી તેઓના પર આવી ગઈ. ૨૧ જાન્યુઆરી સુધી મુખપાઠ ન થયો. પછી નોકરીમાંથી અઠવાડિયાની રજા લઈને દિવસમાં ૧૫-૧૬ કલાક સુધી પ્રચંડ મહેનત કરીને ઓછા સમયમાં તૈયારી કરીને મુખપાઠ પૂર્ણ કર્યો.

● ૧૮ વર્ષીય ઉત્સવ સોલંકીના પિતાશ્રીનો દરજીનો વ્યવસાય કોરોનાની મહામારીને લીધે સાવ બંધ થઈ ગયો. તેથી આર્થિક સંકડામણ ખૂબ જ હતી. તેથી ઘરે માસ્ક બનાવીને તેનું વેચાણ ચાલુ કર્યું. તે રોજ સવારથી બપોર અને સાંજથી મોડી રાત્રિ સુધી બોરીવલીની માર્કેટમાં માસ્ક વેચવા માટે બજારમાં ઊભા રહેતા. તેઓએ મુખપાઠ મુસાફરીમાં અને માસ્ક વેચવામાં વચ્ચે જે સમય મળે તેમાં જ કર્યો છે. રિવિઝન માટે રાત્રે ૨થી ૩ વાગ્યા સુધી જાગીને અનેકવિધ પ્રતિકૂળતાઓ વચ્ચે પણ મુખપાઠનું લક્ષ્ય હાંસલ કર્યું.

● મુંબઈમાં દહીસર ઈસ્ટમાં ફિઝિયોથેરાપિસ્ટ તરીકે પ્રાઈવેટ પ્રૅક્ટિસ કરતાં લક્ષ્મણભાઈ કુછડિયાને દર્દીઓના ઘરે જઈને એમને ટ્રીટમેન્ટ આપવાની હોય છે. એટલે મુસાફરીમાં અને પેશન્ટને ટ્રીટમેન્ટ આપતાં આપતાં તે શ્લોકોનું રિવિઝન કરતા. રોજ રાત્રે ઘરે આવે ત્યાં સુધીમાં ૧૦ શ્લોક મોઢે થઈ જ ગયા હોય! આમ તેઓએ મુખપાઠનું લક્ષ્ય હાંસલ કર્યું.

● મુંબઈના કાંદિવલી વેસ્ટના ધર્મ મહેતા એક મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરે છે. તેઓની નોકરી ૧૦ વાગ્યે શરૂ થાય, પણ પૂરી ક્યારે થાય તે નક્કી ન હોય. રાત્રે ગમે ત્યારે ઘરે આવે પછી જમીને મુખપાઠ કરવા બેસી જાય તે છેક સવારના પાંચ વાગ્યા સુધી! સવારે નાહીને પૂજાપાઠ કરીને થોડીવાર આરામ કરે પછી પાછા નોકરી પર જાય. આમ, નોકરીની સતત વ્યસ્તતા વચ્ચે પણ મુખપાઠ કર્યો.

● બોરીવલી વેસ્ટમાં રહેતા પરીનભાઈ ભાવસારને કોરોના મહામારીને કારણે નોકરી છૂટી ગઈ. તોપણ હિંમત હાર્યા વગર તેમણે એક હૉસ્પિટલમાં ટિફિન સર્વિસ શરૂ કરી. આ દંપતી સવારે, બપોર અને સાંજે રસોઈ બનાવીને ટીફિન આપવા અને ખાલી ટિફિન લેવા વગેરેની પ્રવૃત્તિમાં અતિ વ્યસ્ત રહેતું. વળી, માતા કેન્સરની બીમારીને કારણે પથારીવશ હોવાથી તેમની પણ મોટાભાગની સેવા તેઓ જ સંભાળે. ધંધાની અતિ વ્યસ્તતા વચ્ચે, સમયની કટોકટી વચ્ચે સૂક્ષ્મ આયોજન કરીને, રાત્રે ત્રણ-ચાર વાગ્યા સુધી રોજ જાગીને પણ સંપૂર્ણ મુખપાઠ પૂર્ણ કર્યો.

● મુંબઈની એક લીડિંગ ઍડવર્ટાઇઝમેન્ટ કંપનીમાં નોકરી કરતા દિગંત દેસાઈને કોઠારી સ્વામીનું પ્રવચન સાંભળીને પ્રેરણા થઈ અને મુખપાઠની શરૂઆત કરી. સોશિયલ મીડિયાનો સદંતર ત્યાગ કરીને રોજ રાત્રે ૪ વાગ્યા સુધી જાગીને મુખપાઠનું લક્ષ્ય તેમણે પૂર્ણ કર્યું.

આમ, આવા અનેક પ્રસંગો અહીં ટાંકી શકાય તેમ છે, જેમાં યુવાનોની મુખપાઠ કરવાની ધગશ અને સ્વામીશ્રીને પ્રસન્ન કરવાની લગનીએ અનોખા ચમત્કારો સર્જ્યા. દરેક યુવાનોનો અનુભવ હૃદયને પિગળાવી દે તેવો હતો. આ યુવાનોએ પોતાના અનુભવો રજૂ કર્યા ત્યારે એવું લાગ્યું કે તેમને ઘણું કહેવું છે, પરંતુ શબ્દો જડતા નથી.

કોઈની આળસ દૂર થઈ, કોઈને સમયનું આયોજન સમજાઈ ગયું, કોઈને આત્મવિશ્વાસ આસમાને પહોંચ્યો, કોઈની એકાગ્રતા વધી, કોઈને વ્યવસાય અને નોકરીમાં ક્ષમતા વધ્યાનો અનુભવ થયો, કોઈની યાદશક્તિમાં જાણે ઊછાળો આવી ગયો, કોઈને જીવન જીવવાની કળા હાંસલ થઈ, કોઈને નિષ્ઠા દૃઢ થઈ, કોઈની શ્રદ્ધા જાગી ગઈ, કોઈની ઉગ્રતા શમી ગઈ, કોઈને અંતરદોષો શમ્યાનો અનુભવ થયો, કોઈને સંઘર્ષ વચ્ચે શાંતિ મેળવવાની કળા ફાવી ગઈ, કોઈને ભગવાનની કૃપાનો અનુભવ થયો, કોઈને અપાર આંતરિક પ્રસન્નતાના ફુવારા છૂટ્યા, તો કોઈને સમાધિ કે અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ થયો.

સન્માન સમારોહના અનુભવો વર્ણવતાં યુવાનો ગદ્ગદ થઈ ગયા હતા. સાંભળો તેમના અનુભવોની વાતઃ

નવસારી શહેરના વારાસણી જયદીપભાઈ કહે છે કે 'સ્વામીશ્રીએ બે દિવસ સુધી ખૂબ જ અલભ્ય લાભ આપ્યો. તે દરેક પળ દિવ્ય હતી. બધા સ્પર્ધકો પર સ્વામીશ્રીએ અપાર વાત્સલ્ય વરસાવ્યું હતું. તે પહેલા મેં ક્યારેય અનુભવ્યું નથી.



બધાને પ્રસાદ અર્પણ કરવાની સ્વામીશ્રીની દિવ્યલીલા મારા મન-હૃદયમાં અંકિત થઈ ગઈ છે. મને ક્યારેય આંસુ આવતાં નથી, પરંતુ જ્યારે સ્વામીબાપાએ સ્પર્ધકો માટે સંતોને પાંચ પાંચ દંડવત્ કરવાનું કહ્યું ત્યારે આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મારા અંતરમાં તે ક્ષણ જડાઈ ગઈ છે.'

અમદાવાદના સોની ભાવેશભાઈ જણાવે છે કે, ''પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ જ્યારે સ્પર્ધકોને ભેટ્યા ત્યારે મારા અંતરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ, જાણે સ્વામીશ્રી પ્રત્યક્ષપણે ભેટતા હોય તેવો અનુભવ થયો! દરેક સ્પર્ધકની ઝોળીમાં શું આપ્યું? ત્યારે બાપાએ સાહજિક જવાબ આપ્યો કે 'સાધુ પાસે બીજું તો શું હોય? પણ અમારી પાસે ભગવાન છે તે બધાને આપીએ છીએ.' કેવી પ્રાપ્તિ થઈ ગઈ! અમારા અલ્પ દાખડાના બદલામાં અમને સર્વસ્વ આપી દીધું, માંગવું કાંઈ રહ્યું જ નહીં.''

ભાવનગરના બેરાણી અલ્પેશભાઈ લખે છે કે, 'સ્વામીશ્રીએ સ્પર્ધકો માટે ગુલાબનો હાર બનાવ્યો. ઓહોહો... કેવી મમતા! કેટલો દિવ્યભાવ! કેટલું બધું હેત! વિશ્વવ્યાપી સંસ્થાના ગુરુ પોતાના અદના શિષ્યો માટે આટલો બધો ભીડો વેઠે... આ કલ્પનાતીત પ્રસંગ છે. આ પ્રસંગે મારા હૃદયમાં સ્વામીશ્રી પ્રત્યે અનન્ય સ્નેહ ઊભરાયો હતો જે સતત મારી આંખો દ્વારા વહી રહ્યો હતો. એટલે ગવાયું છેઃ 'સો સો જનનીનાં હેત લાજે...''

રાજકોટના મિસ્ત્રી ધવલભાઈએ અનુભવ્યું કે, 'જ્યારે સ્વામીશ્રીએ વિજેતા સ્પર્ધકોનાં નામો પર અભય હસ્ત ફેરવ્યો ત્યારે મારા શરીરનાં રુંવાડાં ખડાં થઈ ગયેલાં. સ્વામીશ્રીએ તેમના હસ્ત મારા મસ્તક પર મૂક્યા હોય એવો અનુભવ થયો. એ દિવ્ય સ્પર્શ આજે પણ મને વીસરાતો નથી.'

વડોદરાના પટેલ કૃણાલભાઈ જણાવે છે કે, 'સ્વામીશ્રીએ અમને વધાવવા માટે સ્વ-હસ્તે ફૂલ ચૂંટીને, સોયમાં દોરો પરોવીને અમારા માટે ગુલાબનો હાર બનાવ્યો અને અમને અર્પણ કર્યો. એ ક્ષણે મારી આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં હતાં. આ ક્ષણ મને ખૂબ સ્પર્શી ગઈ હતી કે આટલા નાના પુરુષાર્થનું આટલું મોટું ઇનામ મને સ્વામીશ્રીએ આપ્યું!!'

સુરતના ગોલકિયા ધીરુભાઈ લખે છે કે 'સ્વામીશ્રીએ અમારા અણુ જેટલા કાર્ય માટે જે અઢળક રાજીપો બતાવ્યો તે કલ્પનાતીત છે. સ્વામીશ્રીએ કહ્યું કે 'તમને હજારો લાખો દંડવત્ કરીએ તો પણ ઓછા છે.' આ શબ્દો સાંભળીને મારી આંખો ભીંજાઈ ગઈ ને હૈયું ભરાઈ ગયું. મારો મુખપાઠ થયો તે કેવળ ને કેવળ સ્વામીબાપાના આશીર્વાદથી થયો છે. મારો અભ્યાસ ધોરણ ૯ સુધીનો છે, એ પણ ૨૫ વર્ષ પહેલાં. સંસ્કૃત બોલતાં પણ આવડતું ન હતું. પણ સંપૂર્ણ મુખપાઠ થયો ને સાચો પડ્યો તે કેવળ સ્વામીબાપાના આશીર્વાદ જ છે. કલ્પનામાં આવતું નથી કે મારામાં આટલી બધી શક્તિ છે!'

વડોદરાના તુષારભાઈ સોની વર્ણવે છે કે 'આ સમારોહમાં સ્વામીશ્રીએ જે અઢળક રાજીપો વરસાવ્યો તે તો જીવનના અંતિમ શ્વાસ સુધી ન વીસરાય તેવો લાભ હતો. સ્વામીશ્રીએ રાજીપાનો સિક્કો અભિનંદન પત્રમાં માર્યો ત્યારે એવો અનુભવ થયો કે અક્ષરધામમાં જવાનો સિક્કો વાગી ગયો! હવે કોઈ મને રોકી શકે નહીં. સ્વામીશ્રી આંખ બંધ કરીને બધાની પ્રાર્થના સાંભળતા હતા ત્યારે એવો અનુભવ થયો કે બાપા ખરેખર મારી સામે જ બેઠા છે ને મારી પ્રાર્થના સાંભળી રહ્યા છે. તે ખૂબ જ દિવ્ય ક્ષણ હતી. દૂર રહ્યા થકા સ્વામીશ્રી મારી સામે જ બેઠા હોય એવો દિવ્ય અનુભવ મને થયો.'

આમ, બી.એ.પી.એસ. સંસ્થાના ઇતિહાસમાં એક અભૂતપર્વ અવસર યુવાનોના હૈયે અંકિત થઈ ગયો. ◆




## બાળ-બાલિકા વિભાગ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સંકલ્પ કર્યો કે બાળકો ને યુવાનો સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરે. અને ધનુર્માસમાં 'બ્રહ્મવિદ્યાનો પાઠ'માં અવારનવાર આ સત્સંગદીક્ષા ગ્રંથના મુખપાઠ માટે સૌને કટિબદ્ધ કર્યા.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં આ વચનોથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળપ્રવૃત્તિનાં સેંકડો બાળકો-બાલિકાઓએ સત્સંગદીક્ષા ગ્રંથના સંપૂર્ણ મુખપાઠનો નિરધાર કર્યો, અને આ સાથે જ આરંભાયું એક અદ્‌ભુત મિશન – મિશન રાજીપો! સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરીને ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો રાજીપો પામવા બાળ-બાલિકાઓ તૈયાર થયાં.

૪ વર્ષનાં શિશુઓથી લઈ ૧૩ વર્ષનાં બાળકો-બાલિકાઓ સુધી આ તમામે મુખપાઠ કરવા માટે રાત-દિવસ એક કરી દીધા. કેટલાંય શિશુઓ તો એવાં હતાં જેમને લખતાં-વાંચતાં જ નહોતું આવડતું! આંકડાઓનું પણ જેમને જ્ઞાન નહોતું! આવાં શિશુઓએ પણ માતાપિતા કે વડીલો પાસેથી કે ઓડિયો સાંભળીને મુખપાઠ શરૂ કર્યો. કોઈએ લખીને તૈયારી શરૂ કરી તો કોઈએ રમતાં, જમતાં, મુસાફરીમાં કે સ્નાનાદિ ક્રિયાઓમાં પણ મુખપાઠ આરંભ્યો. જય કિરણભાઈ પ્રજાપતિ જેવા કેટલાય બાળકોએ રોજના સાતથી આઠ કલાક મહેનત કરી સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કર્યો. તો પૂર્ણ મનીષભાઈ ગોહિલે મુખપાઠની તૈયારી કરવા માટે વહેલા સવારે ચાર વાગે ઊઠવાનું શરૂ કર્યું. વંદન પાઘડાળ જેવા અનેક બાળકોએ મુખપાઠ ન થાય ત્યાં સુધી ચૉકલેટ, મિષ્ટાન્ન, આઈસક્રીમ, મોબાઈલ, ટી.વી., રમત-ગમત વગેરેનો ત્યાગ કર્યો. મીત કૌશિકે શાળાની પરીક્ષાના સમય દરમિયાન લગભગ ત્રણ અઠવાડિયાં સુધી રોજ માત્ર ત્રણ-ચાર કલાકની ઊંઘ લઈ મુખપાઠ તો પૂર્ણ કર્યો જ, સાથે સાથે ભણવામાં પણ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો. દિયા અરુણભાઈ પટેલ નામની બાલિકાએ શાળાની પરીક્ષા ચાલુ હોવાને કારણે ભણવાનું પૂરું કરી રાત્રે ૧૧ થી ૨ વાગ્યા સુધી મુખપાઠની તૈયારી ચાલુ કરી. રીશેલી ગૌરાંગભાઈ મોતીપરા નામની છત્તીસગઢની બાલિકાએ પોતાનાં માસીના ઘરે પ્રસંગમાં જવાનું ટાળ્યું. અનેક બાળ-બાલિકાઓ સ્વપ્નમાં સ્વામીશ્રીનાં દર્શન કરી મુખપાઠ કરવાની પ્રેરણા પામ્યાં. અક્ષર યોગેશભાઈ શાસ્ત્રીને સ્વપ્નદર્શનથી એવો તો ઉત્સાહ આવી ગયો કે તે વહેલી સવારે ૩ વાગ્યે જાગીને મુખપાઠની તૈયારી કરવા લાગ્યો. વ્રજ ચિંતનભાઈ પરમારે તો એકપણ વખત સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં જ નથી. તેમ છતાં મુખપાઠ સંપૂર્ણ કર્યો અને રોજ નિત્યપૂજા કરવાનો નિયમ તેણે અને તેના પિતાશ્રીએ લીધો. કેટલાક બાળકોને ગંભીર બીમારી પણ આવી. યોગી જિજ્ઞેશભાઈ પટેલને પેરાલિસિસની અસર થઈ, યોગી અંજલભાઈ આદેશરાને કોણીનું ઑપરેશન

આવ્યું, તો ઘનશ્યામ સુરેશભાઈ પટેલને હાથમાં ફ્રેક્ચર થયું. આવી શારીરિક તકલીફોની વચ્ચે પણ બાળકોએ મુખપાઠ કરવામાં તો પાછી પાની ન જ કરી. આવા તો અનેક બાળકોએ તેમના સંપૂર્ણ સમય અને શક્તિ સત્સંગદીક્ષા શ્લોકના સંપૂર્ણ મુખપાઠ માટે સમર્પી દીધાં.

નવેમ્બર ૨૦૨૦થી આરંભાયેલા આ મુખપાઠ યજ્ઞમાં ૬૯૨ બાળ-બાલિકાઓ ઉત્સાહભેર જોડાયાં. જાન્યુઆરી માસમાં મુખપાઠ સ્પર્ધાનો પ્રથમ તબક્કો ક્ષેત્રિય સ્તરે યોજાયો. અને ત્યારબાદ ૧૨થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન રાષ્ટ્રીય સ્તરે આ મુખપાઠ સ્પર્ધાનું આયોજન થયેલું. સંસ્કૃત શબ્દોના યથાર્થ ઉચ્ચારણ, વૈદિક શ્લોકગાન પદ્ધતિ અને સહેજ પણ ખચકાટ વગર ધાણી ફૂટે તેમ જ્યારે બાળકો અને બાલિકાઓએ મુખપાઠની કડકડાટી બોલાવી ત્યારે મુખપાઠ લેનારા સંતો અને કાર્યકરો પણ દંગ રહી ગયા. ૨૨૫ બાળકો અને ૧૨૫ બાલિકાઓ સત્સંગદીક્ષા સંસ્કૃત શ્લોકોની સંપૂર્ણ મુખપાઠ સ્પર્ધામાં વિજેતા બન્યાં!

## વિજેતા મુલાકાત સત્ર

સત્સંગદીક્ષા ગ્રંથના સંસ્કૃત શ્લોક મુખપાઠ કરનાર ૩૫૦ વિજેતા બાળકો અને બાલિકાઓ માટે એક વિશિષ્ટ સત્ર ૮ માર્ચથી ૧૭ માર્ચ દરમિયાન યોજાયું. તમામ વિજેતા બાળકો સાથે અને વિજેતા બાલિકાઓના વાલી સાથે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ઓનલાઈન મુલાકાત યોજાઈ હતી.

આ દરેક મુલાકાત સત્ર અત્યંત વિશિષ્ટ રહેતું. ગુરુહરિ ઘરે પ્રત્યક્ષ પધારવાના હોય એ જ ભાવથી દરેક વિજેતા બાળ-બાલિકા પોતાના ઘરને શણગારતાં. ઠાકોરજી અને સ્વામીશ્રીને વધાવવા માટે સૌ પોતાની આવડત અને શક્તિ પ્રમાણે કલાત્મક હાર, છડી, ચાદર, કાર્ડ, પુષ્પો વગેરે તૈયાર કરતાં. સ્વામીશ્રીને અર્પણ કરવા માટે વિવિધ વાનગીઓના થાળ ગોઠવાઈ જતા. સ્વામીશ્રી પણ આ તમામ વિજેતાઓની હૃદયની ભક્તિ અને અંતરના ભાવને ખૂબ જ પ્રેમથી અંગીકાર કરતા. સ્વામીશ્રી સમક્ષ એક-એક બાળકની વિશેષતા, વિશિષ્ટ પ્રસંગો અને પ્રાર્થના રજૂ કરવામાં આવતી. બાળકોની મુલાકાત બાદ એ જ રીતે વિજેતા બાલિકાઓના પિતાશ્રીની સાથે મુલાકાત પણ યોજાતી. સમગ્ર મુલાકાતના અંતે બાળ-બાલિકાઓએ તૈયાર કરેલ થાળ નીરખી સ્વામીશ્રી સૌને રાજી કરતા.

પ્રત્યેક મુલાકાત સત્ર ખૂબ જ ભાવસભર અને રોમાંચ ઉપજાવનારું બની રહેતું. પ્રત્યેક મુલાકાત બાદ સૌ બાળકોના મુખ પર સ્વામીશ્રીનો પ્રત્યક્ષ લાભ પ્રાપ્ત થયાનો સંતોષ છલકાતો, તો આ વિજેતા બાળકોનાં ગુણગાન સાંભળી સ્વામીશ્રીના મુખ પર પણ પ્રસન્નતાની લહેર છાઈ વળતી. મુલાકાતસત્ર બાદ પણ નેનપુર સ્થિત સંતો સાથે સ્વામીશ્રી આ તમામ બાળકોની વિશેષતાઓને યાદ કરી કરીને અત્યંત રાજીપો વ્યક્ત કરતા.

આ રીતે ૮, ૧૦, ૧૨, ૧૫ અને ૧૭ માર્ચના રોજ આ મુલાકાત સત્ર યોજાયું હતું.

## વિજેતા સન્માન સમારોહ

સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં સંપૂર્ણ સત્સંગદીક્ષા ગ્રંથ મુખપાઠ કરનાર ૧૬૦૦ જેટલાં બાળકોનો ઓનલાઇન સન્માન સમારોહ ૧૯ માર્ચ ૨૦૨૧ના દિવસે યોજાઈ ગયો. ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલ આ સમારોહ એક વિશિષ્ટ અને વર્ચ્યુઅલ ટ્રેન યાત્રાના રૂપે હતો. ૩૫૦ વિજેતા બાળ-બાલિકાઓ ઓનલાઇન પ્લેટફોર્મ પર આ ટ્રેનયાત્રામાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજ સાથે જોડાયાં. 'અક્ષરપુરુષોત્તમના વિદ્વાનો'ને વધાવવા માટે ગુરુહરિ મહંત સ્વામી મહારાજ નેનપુરથી વર્ચ્યુઅલ ટ્રેનયાત્રા દ્વારા વિવિધ કેન્દ્રોમાં પધાર્યા. દરેક વિજેતા બાળ-બાલિકાઓએ પોતાના ઘરે બેઠાં-બેઠાં આ ટ્રેનયાત્રાને માણી હતી, તો કેટલાંક ચુનંદા બાળકો જે-તે કેન્દ્રના મંદિરમાં સ્વામીશ્રી સમક્ષ પ્રસ્તુતિ કરવા એકત્ર થયા હતા.

સન્માન સમારોહનો પ્રારંભ એક વિશિષ્ટ અને વિશાળ ગીફ્ટબોક્સ ખૂલતાની સાથે થયો, જેમાં સૌપ્રથમ ઈનામ સ્વરૂપે સૌ વિજેતાઓને ગુરુહરિ મહંત સ્વામી મહારાજ મળ્યા. તમામ વિજેતા બાળકોએ ભક્તિભાવથી તૈયાર કરેલ કાગળનાં ૩૫૦ ફૂલોનો અત્યંત કલાત્મક અને વિશાળ કદનો હાર સ્વામીશ્રીને પહેરાવી તેઓનું સ્વાગત કરવામાં આવ્યું. ટ્રેનયાત્રાના પ્રતીકરૂપે નેનપુરમાં સ્વામીશ્રી સમક્ષ એક નાની ટ્રેન ગોઠવવામાં આવી હતી. સ્વામીશ્રીએ લીલી ઝંડી ફરકાવી ટ્રેનયાત્રાનો પ્રારંભ કર્યો, જેનું પહેલું સ્ટેશન અમદાવાદ હતું.

અમદાવાદના બાળકોએ મંચના પાર્શ્વભૂમાં આમલીવાળી પોળનું આબેહૂબ દૃશ્ય ખડું કર્યું હતું. નૃત્યાંજલિ દ્વારા સ્વામીશ્રીના સ્વાગત બાદ મુખપાઠ કરનાર બાળકોની વાસ્તવિક પરિસ્થિતિ કેવી હતી તેનું દર્શન કરાવાયું. ત્યારબાદ બાળકોએ નાના-નાના હૃદયથી ગૂંથેલો એક હાર સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યો. આ વિશિષ્ટ હારના પ્રત્યેક હૃદય પર સત્સંગદીક્ષાના કેટલાક શ્લોકોના પહેલા શબ્દો લખાયેલા હતા. સ્વામીશ્રીએ તે શબ્દોના આધારે

અમદાવાદના બાળકો પાસેથી મુખપાઠની અદ્‌ભુત રજૂઆત સાંભળી અને તેમને રાજીપાની ભેટ અર્પણ કરી.

અમદાવાદથી આગળ વધતાં ક્રમે ક્રમે આ ટ્રેનયાત્રા વડોદરા, સુરત અને મુંબઈ સુધી પહોંચી. વિજેતા બાળકોએ કેવી પરિસ્થિતિમાં મુખપાઠ તૈયાર કર્યા છે અને આ મુખપાઠ દ્વારા તેમના જીવનમાં કેવા સદ્‌ગુણો સિંચાયા છે તેની રજૂઆત વીડિયો શૉ દ્વારા કરવામાં આવી. સ્વામીશ્રીએ વિવિધ રમતોના માધ્યમથી માત્ર ચાર વર્ષના શિશુથી લઈ તેર વર્ષ સુધીના બાળકોનો મુખપાઠ જાતે ચકાસ્યો અને ખૂબ જ પ્રસન્નતા દર્શાવી.

અંતે સમય આવ્યો આ વિજેતા બાળકોને ઈનામો આપી સન્માનવાનો! આથી ટ્રેનયાત્રા નેનપુર પહોંચી વિરામ પામી. સ્વામીશ્રીએ તમામ બાળકોને આકર્ષક ટ્રોફી અને સર્ટિફિકેટ ઈનામરૂપે અર્પણ કર્યાં. આ ઈનામની સાથે સ્વામીશ્રીએ તેમના રાજીપાનાં ઈનામોની જાણે વર્ષા કરી દીધી! સ્વામીશ્રીને આ વિજેતા બાળકોને વધાવવાનો ઉત્સાહ અનેરો હતો. આથી સન્માન સમારોહના આગળના દિવસોમાં આ બાળકો માટે જ સ્વામીશ્રીએ જાતે ૩૬૦ મણકાની લાંબી માળા, ચાર પાનાંનો પત્ર અને બાળકોને પ્રિય એવી ચોકલેટ બનાવી હતી. સ્વામીશ્રીએ આ રાજીપાનાં ઈનામો પણ બાળકોને ખૂબ જ પ્રેમથી અર્પણ કર્યાં.

સમારોહના અંતભાગમાં સ્વામીશ્રી સમક્ષ કાચબો, સસલો અને સિંહના પપેટ્સ ગોઠવાયાં. સ્વામીશ્રીએ બાળકોને દરરોજ આ મુખપાઠના ૪૫ શ્લોકનું રિવિઝન ઓછામાં ઓછા છ મહિના સુધી કરતા રહેવાની વાત એક રસપ્રદ બોધવાર્તા દ્વારા સમજાવી. ત્યારબાદ 'સત્સંગદીક્ષા' ગ્રંથ આપીને લાખો બાળકોનું ભવિષ્ય ઉજ્જ્વળ કરનાર ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો આભાર માનવા માટે સારંગપુરથી સંચાલન કરનારા અમદાવાદના બે બાળકોએ ભાવસભર પ્રાર્થના રજૂ કરી.

સમારોહની પૂર્ણાહુતિમાં તમામ વિજેતા બાળકો-બાલિકાઓએ પુષ્પાંજલિ દ્વારા સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કર્યો.

## બાળ-વિદ્વાનોની વિરલ ગાથા

સત્સંગદીક્ષા સંપૂર્ણ સંસ્કૃત મુખપાઠ કરનારા આ અક્ષરપુરુષોત્તમ દર્શનના વિરલ બાળ-વિદ્વાનોએ કેવી પરિસ્થિતિમાં અને કેવી સમજણ સાથે આ મુખપાઠ કરેલો, તેની ગાથા અનેકને પ્રેરણા આપે તેવી છે.


● ઘરમાં ચાલતા વાર્તાલાપથી આઠ વર્ષના નાનકડા દેવાંશ હરિકૃષ્ણભાઈ પટેલ(પીપળાવ)ને ખબર પડી કે દેવાંશના પિતાની સાથે કામ કરનારા એક કર્મચારીને ઘરકંકાસને કારણે આત્મહત્યાના વિચારો આવતા હતા. સત્સંગદીક્ષા ગ્રંથના મુખપાઠથી દેવાંશને સમજણ હતી કે આત્મહત્યા ક્યારેય ન કરાય. આથી, પિતા પાસે તેમના મિત્રનો ફોન નંબર માંગીને દેવાંશે તે ભાઈને ફોન જોડ્યો અને કહ્યું, 'આત્મહત્યા ક્યારેય ન કરાય. તમે નિયમ લો કે ક્યારેય આત્મહત્યા નહીં કરો. હું તમને સત્સંગદીક્ષા ગ્રંથ મોકલું છું, તેનો ૪૧મો શ્લોક તમે દરરોજ વાંચજો. તમારા વિચારો બંધ થઈ જશે.' દેવાંશ કહે છે કે, 'મને વિશ્વાસ હતો કે મહંત સ્વામી મહારાજે સત્સંગદીક્ષાના ૪૧માં શ્લોકમાં આત્મઘાત નહીં કરવાની આજ્ઞા આપી છે, તે શબ્દો એ અંકલને અસર કરશે જ. આથી મેં તેમને એ શ્લોક દરરોજ વાંચવાનો નિયમ લેવડાવ્યો.' અને ખરેખર સત્સંગદીક્ષા ગ્રંથ તે વ્યક્તિ માટે સંજીવની સમાન બની ગયો. તેમના આત્મહત્યાના વિચારો શમી ગયા અને આજે તેઓ શાંતિથી જીવન જીવી રહ્યા છે.

● સુરતના સાત વર્ષીય વિનીત નીતિનભાઈ ડોડિયાની કથા હૃદયદ્રાવક છે. વિનીતનો જન્મ થયો ત્યારે તેના શરીરમાં મળદ્વાર જ નહોતું. તે ઉપરાંત એક કીડની કામ નહોતી કરતી. ગળાની નળીમાં પણ નાનીમોટી તિરાડો હતી. તેના જન્મના બીજા જ દિવસે ત્રણ સર્જરી તેના પર કરવામાં આવી. સાત વર્ષની ઉંમર સુધીમાં ૧૦ જેટલાં નાનામોટાં ઓપરેશનો કરવામાં આવ્યાં છે. જ્યારે તેણે સત્સંગદીક્ષાનો મુખપાઠ કરવાનો શરૂ કર્યો ત્યારે તેને મૂત્રાશયની સમસ્યા શરૂ થઈ. આથી ડોક્ટરોએ ઘરે જ સંપૂર્ણ બેડરેસ્ટની સલાહ આપી. વિનીતે આવા સમયમાં ખાટલે સૂતાં-સૂતાં પણ મુખપાઠ ચાલુ કર્યો. મુખપાઠ દરમિયાન ઘણી વખત સખત દુખાવો શરૂ થાય. ઘરના સભ્યોને પણ દયા આવી જાય. તેમ છતાં આ બાળકે હસતાં હસતાં બધું સહન કરી મુખપાઠ સંપૂર્ણ કર્યો. મનમાં એક જ તાન હતું કે મારે પૂર્ણ મુખપાઠ કરીને સ્વામીશ્રીને રાજી કરવા છે.

● વડોદરાના બાળક જિજ્ઞાસુ અનિલભાઈ કરગથરાને સત્સંગદીક્ષા મુખપાઠ વખતે આકરી કસોટીમાંથી પસાર થવાનું થયું. એક અકસ્માતને કારણે તેનાં માતાને બેડરેસ્ટ આવ્યો. આવી પરિસ્થિતિમાં ઘરના રોજિંદા કામની જવાબદારી જિજ્ઞાસુ પર આવી. સ્કૂલના ઓનલાઈન ક્લાસ અને હોમવર્ક પૂર્ણ કરી તે ઘર સંભાળવામાં લાગી જતો. રસોઈ, કચરાં-પોતાં, વાસણ માંજવાથી લઈ સમયે







સમયે માતાની સંભાળ પણ તે લેતો. આ ઉપરાંત પોતાના નાના દોઢ વર્ષના ભાઈની સંપૂર્ણ કાળજી પણ તેણે લેવાની થતી. તેને નવડાવવાથી લઈ જમાડવો, સૂવડાવવો વગેરે નાનામાં નાની સેવા તે જાતે કરતો. પરંતુ આ બધાની વચ્ચે પણ તેણે મુખપાઠમાં કસર ન છોડી. દિવસ દરમિયાનના કામમાં નાના નાના સમય તેણે જાતે શોધી કાઢ્યા. બે વર્ગની વચ્ચેના સમયે, નાના ભાઈને હિંચકાવતી વખતે વગેરે સમયે તેણે મુખપાઠ કર્યો. એ પછી તો સવારે વહેલાં પાંચ વાગે જાગવાનું શરૂ કર્યું. આવી પરિસ્થિતિમાં તેણે ગુજરાતી મુખપાઠ કર્યા બાદ સંસ્કૃતમાં પણ સંપૂર્ણ મુખપાઠ કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો.

● મુંબઈના અક્ષર કેકરે તો સત્સંગદીક્ષા સંપૂર્ણ મુખપાઠ કરનાર તમામ સ્પર્ધકોમાંના સૌથી નાની ઉંમરના સ્પર્ધક. ઉંમર માત્ર વર્ષ ચાર. આ બાળકને હજુ તો લખતાં-વાંચતાં પણ આવડતું નથી. જનમના આઠમા મહિને તેને અસ્થમાની બીમારી લાગુ પડી. એ પછી ગળામાં ટોન્સિલ થયા. એડેનોઈડ રોગથી શ્વસનક્રિયામાં પણ તકલીફો શરૂ થઈ. આ બધાં વિઘ્નોની વચ્ચે આ બાળકે રોજના ૩-૪ કલાક સંસ્કૃત શ્લોકો સાંભળી સાંભળીને મુખપાઠ પૂર્ણ કર્યો. અક્ષરને અક્ષરજ્ઞાન નથી કે અંકજ્ઞાન પણ નથી. તેમ છતાં આખા ગ્રંથમાંથી કોઈ પણ શબ્દથી શરૂ થતો શ્લોક પૂછવામાં આવે તો આ બાળક શ્લોક તો બોલી જ જાય છે, પણ સાથે તે કયા નંબરનો શ્લોક છે તે પણ કહી દે છે.

● અમદાવાદના સાત વર્ષીય બાળક પ્રયાગ હેમાંગભાઈ વાઘેલાએ તો સત્સંગદીક્ષાના મુખપાઠ દ્વારા અનેરી સમજણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પ્રયાગ જ્યારે તેના સત્સંગી મિત્રો સાથે વાત કરી ફોન મૂકે ત્યારે હંમેશાં સત્સંગદીક્ષાનો છેલ્લો શ્લોક 'તનોતુ સકલે વિશ્વે' બોલીને જ ફોન મૂકે છે. થોડા સમય પહેલા તેનાં નાનીનો અક્ષરવાસ થતાં પ્રયાગનાં માતા દુઃખી હતાં. એ સમયે પ્રયાગે તેનાં મમ્મીને સત્સંગદીક્ષાનો ૧૫૨મો શ્લોક કાગળ પર લખીને આપ્યો અને કહ્યું કે, 'મમ્મી, જે કંઈ થાય છે એ આપણા સારા માટે જ થાય છે. તું કેમ દુઃખી થાય છે?' આટલા નાના બાળકની આવી સમજણ જોઈ ઘરનાં સૌને અહોભાવ થઈ ગયો.

● ગાંધીનગર સ્થિત નિષ્ઠા રાજુભાઈ દરજી મુખપાઠ વખતે એક વખત રમતાં રમતાં પડી ગઈ અને હાથમાં ફ્રેક્ચર થઈ ગયું. લગભગ ૨૧ દિવસ સુધી તેને હાથમાં પાટો બાંધવો પડ્યો. પોતાની દેહક્રિયા પણ જાતે ન કરી શકે તેવી પરિસ્થિતિ થઈ. વળી, જ્યારે અધિવેશનનો દિવસ આવ્યો ત્યારે તેને સવારથી ઝાડા-ઊલટી થઈ ગયેલાં. આથી તેના કાર્યકરે તેને મુખપાઠ પછી આપવા જણાવ્યું. પરંતુ તેણે એ જ સમયે દૃઢતાથી મુખપાઠ આપ્યો

અને સ્વામીશ્રીને રાજી કર્યા.

● મુંબઈની ભક્તિ અતુલભાઈ શાહને મુખપાઠ વખતે જ શાળામાં પરીક્ષા આવી. વળી, પરીક્ષાની સાથે ઓનલાઈન સ્કૂલ તો ચાલુ જ હતી. આથી આખો દિવસ સ્કૂલનું હોમવર્ક અને પરીક્ષાની તૈયારી કરે તેમાં જ રાત્રે ૧૧ વાગી જાય. એ પછી તે મુખપાઠ કરવા બેસે. જ્યાં સુધી નિયત કરેલ શ્લોકનો મુખપાઠ ન થઈ જાય ત્યાં સુધી સૂવે નહીં. ઘણીવખત તો રાત્રે ત્રણ વાગી જાય! પરંતુ તે મુખપાઠ પૂર્ણ કરી તેની માતાને મુખપાઠ આપી પછી જ સૂવે.

● સોજીત્રાની બાલિકા પુષ્ટિ હરિકૃષ્ણભાઈ પટેલે જ્યારથી સ્વામીશ્રીએ મુખપાઠ કરવાની આજ્ઞા કરી ત્યારથી મુખપાઠ શરૂ કરી દીધેલો. તેણે તો મુખપાઠ પૂર્ણ કર્યો પરંતુ ત્યારબાદ નાના ભાઈને મુખપાઠ કરાવવાનું શરૂ કર્યું. લખતાં-વાંચતાં પણ જે ભાઈને નહોતું આવડતું તેને પુષ્ટિએ આખો ગ્રંથ મુખપાઠ કરાવ્યો. ત્યારબાદ તેણે તેનાં માતુશ્રીને મુખપાઠ કરવાની પ્રેરણા આપી. તેનાં માતુશ્રીને ઘરના કામની સાથે કાર્યકર તરીકેની સેવા પણ હોય. વળી, તેમનાં સાસુ પથારીવશ છે, એટલે તેમની તમામ સેવા કરવાની હોય અને બાળકોને સાચવવાના. આથી તેમના મતે મુખપાઠ શક્ય નહોતો. પરંતુ પુષ્ટિએ માતાને કહ્યું કે, 'હું તમારું બધું જ કામ ઉપાડી લઈશ. તમે મુખપાઠ કરો.' અને ખરેખર તેણે ૧૦-૧૨ દિવસ સુધી માતાની બધી જ જવાબદારી ઉઠાવી લઈને માતાને મુખપાઠ પૂર્ણ કરાવ્યો. ત્યારબાદ તેના પિતાશ્રીને પણ મુખપાઠની પ્રેરણા આપી.

● ઉદેપુરની બાલિકા નિષ્ઠા અનિલભાઈ મહેશ્વરીએ મુખપાઠ કરવા માટે સવારે વહેલા પાંચ વાગે જાગવાનું શરૂ કર્યું. દરરોજ રિવિઝન કરીને આગળના ૧૦ શ્લોકે શ્લોક મુખપાઠ કરવાનો નિયમ લીધો. આ મુખપાઠ તેણે જીવનમાં પણ ઉતાર્યો. કોરોનાને કારણે તેમના પિતાશ્રીની નોકરી છૂટી ગયેલી. આથી ઘરમાં બેચેનીભર્યું વાતાવરણ રહેતું. ઘણીવાર તેનાં માતુશ્રી રડી પડતાં. એવા સમયે નિષ્ઠા તેની માતાને સત્સંગદીક્ષાનો ૧૫૨મો શ્લોક સમજાવતાં કહેતી કે, 'જે થઈ ગયું છે, થઈ રહ્યું છે અને જે કંઈ આગળ થશે એ બધું જ સ્વામિનારાયણ ભગવાનની ઇચ્છાથી આપણા હિત માટે જ થાય છે.' તે માતાને ૧૪૭ અને ૧૪૮મો શ્લોક વારંવાર બોલવા કહેતી. પુત્રીની આટલી ઉચ્ચ સમજણથી માતાપિતામાં પણ સ્થિરતા આવી. વસંતપંચમીના દિવસે નિષ્ઠાની સ્કૂલનો પ્રથમ દિવસ હતો. આ દિવસે જ સ્વામીશ્રીએ ગ્રંથલેખન પૂર્ણ કર્યું હોવાથી તેણે તેની શાળાના પ્રિન્સિપાલને સત્સંગદીક્ષા ગ્રંથ ભેટમાં આપી મહિમા સમજાવ્યો. આ બાલિકાની ઉચ્ચ ધર્મભાવનાથી પ્રિન્સીપાલ પણ ખૂબ જ પ્રભાવિત થયા અને તેમણે નિયમિત ગ્રંથવાંચન કરવાનું વચન આપ્યું.

સત્સંગદીક્ષા ગ્રંથના મુખપાઠ દ્વારા સદ્‌ગુણોથી સભર જીવન જીવનાર અને અનેકને ઉચ્ચ જીવનની પ્રેરણા આપનારા આ તમામ બાળકો અને બાલિકાઓને શત શત વંદન! સત્સંગદીક્ષા ગ્રંથ દ્વારા બાળકોમાં આવી ઉચ્ચ સમજણ અને દૃઢતા પ્રેરનાર ગુરુહરિ મહંત સ્વામી મહારાજને કોટિ કોટિ વંદન!

◆

---

**(અનુસંધાન પૃ. ૧૭ પરથી)** ઈન્દ્રજિતસિંહ મનોમન નમી પડ્યા.

● તા. ૩૧-૭-૧૯૮૬ના રોજ પ્રમુખસ્વામી મહારાજ બોચાસણમાં પ્રાતઃભ્રમણ કરી રહ્યા હતા, ત્યારે બોરસદના એક યુવક નિમેષે સ્વામીશ્રીને કહ્યું, 'મારી એક ઇચ્છા છે કે ઘરે આપનાં ચરણારવિંદ રાખવાં છે. યોગીબાપાનાં ચરણારવિંદ હરિભક્તોને ત્યાં જોયાં છે.'

સ્વામીશ્રીએ તરત તેને ટોકતાં કહ્યુંઃ 'એવું કાંઈ નથી. યોગીબાપાને સારવાર માટે પગે ઘી ઘસવામાં આવતું. એવામાં કોઈએ છૂપી રીતે પાડ્યાં હોય તો કદાચ હોય. બાકી યોગીબાપા ક્યારેય કોઈને પોતાનાં ચરણારવિંદ આપતા ન હતા. એવો રિવાજ પાડવો જ નહીં. ચરણારવિંદ તો સ્વામિનારાયણ ભગવાનનાં જ હોય, સાધુનાં ન હોય.'

● તા. ૫-૮-૧૯૮૪ના રોજ સ્વામીશ્રી વિદેશયાત્રાએ હતા, તે દરમ્યાન લંડનમાં સંખેડાના કલાત્મક હિંડોળા પર બેસવા માટે સૌએ તેઓને આગ્રહ કર્યો, ત્યારે સ્વામીશ્રીએ કહ્યુંઃ 'ઉત્સવ મૂર્તિઓ અને હરિકૃષ્ણ મહારાજને ઝુલાવો. પછી આપણે બેસીશું.' પરંતુ વાત વાતમાં એક યુવકે જરા આગ્રહપૂર્વક કહ્યું, 'સ્વામી, આપ જ અમારા ઠાકોરજી! બિરાજોને!' સ્વામીશ્રી એકદમ ભાવાવેશમાં આવી ગયા ને કહ્યું, 'આપ આપ શું કરે છે? આપ કંઈ ઓછા ઠાકોરજીના બાપ છે? આપણે તો ભગવાનના સેવક છીએ!'

● ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અહોરાત્ર પરાભક્તિથી છલકાતા સ્વામીશ્રીની તુલના અજાણતામાં પણ કોઈ ભગવાન સ્વામિનારાયણના કાર્ય સાથે કરી નાખે તો સ્વામીશ્રી નારાજ થઈ જતા. તા. ૧-૧-૧૯૮૦ના રોજ સવારે વચનામૃતની કથામાં એક અગ્રણી હરિભક્ત ઠાકોરભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું, 'એક રાતમાં સ્વામિનારાયણ ભગવાને પાંચસો પરમહંસો બનાવ્યા, તો આપ

દ્વિશતાબ્દીમાં ન બનાવો?'

સ્વામીશ્રી કહે, 'સ્વામિનારાયણ ભગવાન તો સમર્થ હતા. એ ક્યાં ને આપણે ક્યાં? મહારાજ તો સમર્થ છે, આપણે એમના દાસ છીએ.'

આ હતી પ્રમુખસ્વામી મહારાજની ભગવાન સ્વામિ-નારાયણ પ્રત્યેની દાસત્વ ભક્તિ.

ભગવાન સ્વામિનારાયણના મહાન પરમહંસ શિષ્ય મુક્તાનંદ સ્વામી પોતાના પદમાં લખે છેઃ

*'અનુભવીને અંતરે રહે રામ વાસે રે...*
*હું ટળ્યે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે,*
*મુક્તાનંદને મહાસંતને પ્રભુ પ્રગટ પાસે રે...'*

પ્રમુખસ્વામી મહારાજનું દર્શન કરતાં અનુભવાતું હતું કે મુક્તાનંદ સ્વામીએ આ પંક્તિઓ જાણે એમના માટે લખી હતી! એટલે અસંખ્ય આબાલ-વૃદ્ધો અનુભવ કરતા હતા કે પ્રમુખસ્વામી મહારાજમાં પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ પ્રગટ બિરાજતા હતા. વર્તમાન સમયે એવી જ અનુભૂતિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ કરાવી રહ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૪૧મા પ્રાગટ્યોત્સવે એ પ્રગટ પરમાત્માની સ્મૃતિ સાથે તેમનાં ચરણોમાં કોટિ કોટિ વંદન. ◆

## અભિનંદન

**બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી સંતો-યુવકોને અભિનંદન...**

### પૂજ્ય જ્ઞાનવર્ધનદાસ સ્વામીઃ પીએચ.ડી. થયા



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સારંગપુરમાં રહીને શાસ્ત્રીય અભ્યાસ કરતા પૂજ્ય જ્ઞાનવર્ધનદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના દર્શન વિભાગમાંથી બ્રહ્મસૂત્રતૃતીયાધ્યાયાऽऽलोके સ્વામિનારાયણીયસાધનમીમાંસા વિષય પર મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ રચીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ મહાનિબંધમાં તેઓએ સમજાવ્યું છે કે પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક સાધના માર્ગ બ્રહ્મસૂત્રના તૃતીય અધ્યાયમાં સમજાવેલ સાધના પદ્ધતિ સાથે સર્વથા સુસંગત છે. સંસ્કૃત વિદ્વદ્ જગતમાં ભગવાન સ્વામિનારાયણનો સિદ્ધાંત પ્રસારવાની આ સેવા બદલ તેઓએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓને આ સિદ્ધિ બદલ અભિવંદન.

### પૂજ્ય ધર્મસેતુદાસ સ્વામીઃ રજત ચંદ્રક એનાયત થયો



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય - સારંગપુરમાં સંતો તથા યુવકો અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થી સંતો-યુવકોએ તાજેતરમાં સમગ્ર યુનિવર્સિટીમાં તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યું છે.

આ પૈકી પૂજ્ય ધર્મસેતુદાસ સ્વામીએ આચાર્ય (એમ.એ.) કક્ષામાં ૯૦.૩૦% મેળવીને યુનિવર્સિટીની તમામ શાખાઓમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરીને રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

### શ્રી તરુણભાઈ ઢોલાઃ પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ, શ્રી તેજસભાઈ કોરિયાઃ રજત ચંદ્રક વિજેતા





તરુણભાઈ ઢોલા તેજસભાઈ કોરિયા

તરુણભાઈ ઢોલાએ શાસ્ત્રી (બી.એ.) કક્ષામાં ૮૫.૯૦% મેળવીને યુનિવર્સિટીની તમામ શાખાઓમાં સર્વ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. તેમજ તેજસભાઈ કોરિયાએ આ જ કક્ષામાં ૮૩.૦૫% મેળવીને યુનિવર્સિટી દ્વારા રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

આવા ઉચ્ચ ક્રમાંકો દ્વારા વિદ્યાર્થીઓએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સૌને હાર્દિક અભિનંદન.

### કેન્યા રાષ્ટ્રપ્રમુખશ્રી દ્વારા શ્રી હિતેનભાઈ મજેવડિયા E.B.S. પુરસ્કારથી સન્માનિત...



નૈરોબી ખાતે શ્રી સત્સંગી બંધુશ્રી હિતેનભાઈ મજેવડિયાને કેન્યાના રાષ્ટ્રપ્રમુખશ્રી દ્વારા E.B.S. (Elder of the Order of the Burning Spear) એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. રિપબ્લિક ઓફ કેન્યા પ્રતિવર્ષે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પ્રસંગે દેશના વિકાસમાં વિશિષ્ટ યોગદાન આપનારને ત્રણ વિશિષ્ટ ઍવોર્ડથી સન્માનિત કરે છે. એ એવોર્ડ શ્રેણીમાં હિતેનભાઈને રાષ્ટ્રવિકાસમાં વિશિષ્ટ યોગદાન આપવા બદલ રાષ્ટ્રપ્રમુખશ્રીએ E.B.S. એવોર્ડ અર્પણ કરીને બહુમાન કર્યું છે. તેઓને હાર્દિક અભિનંદન.

**પૂજ્ય યોગીસ્વરૂપદાસ સ્વામી, જૂનાગઢ, ઉં.વ. ૭૨, અક્ષરવાસ તા. ૮-૩-૨૦૨૧**



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના એક પીઢ અને વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય યોગીસ્વરૂપદાસ સ્વામીના અક્ષરવાસથી સંસ્થાને એક મોટી ખોટ પડી છે. તેઓનું મૂળ વતન સારંગપુર પાસેનું ઝમરાળા ગામ. બાળવયથી જ ભક્તિ અને મુમુક્ષુતાથી રંગાયેલા તેઓ પોતાના પરિવારજનોને સમજાવીને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં ચરણોમાં સમર્પિત થવા માટે આવી ગયા હતા. યોગીજી મહારાજના હસ્તે સન ૧૯૬૮માં દીક્ષા પ્રાપ્ત કરીને, તેઓની આજ્ઞાથી મુંબઈ ખાતે રહીને સંસ્કૃતમાં આચાર્ય કક્ષા સુધીનો અભ્યાસ કર્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેઓ સન ૧૯૭૫થી રાજકોટ ખાતે કોઠારી તરીકે સત્સંગ-વિકાસની સેવામાં જોડાયા હતા. ત્યારથી લઈને સતત ૩૮ વર્ષ સુધી તેમણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના માર્ગદર્શન અને પ્રેરણા અનુસાર રાજકોટના બી.એ.પી.એસ. સત્સંગના વિકાસ માટે અનન્ય યોગદાન આપ્યું છે. રાજકોટના રજપૂતપરાના હરિમંદિરથી કાલાવડ રોડના શિખરબદ્ધ મંદિરના નિર્માણ સુધી તેઓએ ખૂબ જ ભીડો સહન કરીને સાચા મહિમાથી સેવા કરી હતી. સાધુતા, સરળતા, મહિમા અને ભક્તિથી તેઓ સૌના પ્રિય બન્યા હતા. ક્યારેક અણસમજણને કારણે લોકોએ ઊભા કરેલા મિથ્યા વાવાઝોડામાં પણ તેઓ સદા સ્થિર અને ધીર રહેતા. કોઠારી હોવા છતાં તેમનો કોઈ દબદબો નહીં. સાદાઈ અને સંયમ સાથે કથા, આરતી, ચેષ્ટા વગેરે આહ્નિકમાં તેઓ ખૂબ નિયમિત. સૌ સાથે સ્નેહ-સુહૃદભાવ ધરાવતા તેઓની અપેક્ષા રહિત થઈ સેવા કરવાની તેઓની જીવનશૈલી સૌ માટે પ્રેરણારૂપ હતી. કથાવાર્તાના તેઓ ખરા ઈશ્કી. હરિભક્તોને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની જ્ઞાનવાતો તથા ગોષ્ઠિ દ્વારા દૃઢતા કરાવતા રહેતા. હરિભક્તો સાથેનો તેમનો નાતો આત્મિયતાસભર હતો. ભક્તોના સારા-માઠા દરેક પ્રસંગે તેઓ અચૂક હાજર રહે. એમની ઉપસ્થિતિથી આબાલ-વૃદ્ધ સૌ હરિભક્તોને અંગત સ્વજન જેવી હૂંફ મળતી. સતત ૩૮ વર્ષ સુધી રાજકોટ ખાતે કોઠારી તરીકે સેવા કરીને સન ૨૦૧૩થી તેઓ જૂનાગઢ ખાતે વરિષ્ઠ સંત તરીકે બિરાજતા હતા. એક આદરણીય વરિષ્ઠ સંત હોવા છતાં નાનામાં નાના સંત સાથે સત્સંગસભા કે પધરામણીએ જવા તેઓ હંમેશાં મહિમાથી તત્પર રહેતા. નિષ્ઠા અને નિયમ-ધર્મની દૃઢતા સાથે સાધુતા રાખીને, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની અપાર પ્રસન્નતા મેળવનાર પૂજ્ય યોગીસ્વરૂપદાસ સ્વામીને હાર્દિક ભાવાંજલિ...

**ભક્તરાજ શ્રી પુરુષોત્તમભાઈ અમરશીભાઈ વડછક, તાજપર, ઉં.વ. ૮૧, અક્ષરવાસ તા. ૨૩-૧૧-૨૦૨૦**



તાજપર બી.એ.પી.એસ. સત્સંગમંડળના અગ્રણી ભક્તરાજ શ્રી પુરુષોત્તમભાઈ વડછક (દાસભાઈ) મંદિર અને સત્સંગના વિકાસ માટે સમર્પિત હતા. અડગ નિષ્ઠાથી પરિપૂર્ણ આ ભક્તરાજને ભક્તિ અને સત્સંગનો ચઢતો રંગ. તેઓને સત્સંગવાંચન અને કથાવાર્તાનો બહુ ઈશક. સત્સંગનો દૃઢ પક્ષ એ એમનું મુખ્ય અંગ હતું. ત્રણેય ગુણાતીત ગુરુઓની વિશેષ પ્રસન્નતા તેમના પર વરસતી હતી. તેઓએ સમગ્ર પરિવારને સત્સંગ, સેવા, ભક્તિનો વારસો આપ્યો. આમ, શ્રી દાસભાઈ અનેક માટે પ્રેરણાનો સ્રોત બની રહ્યા. જીવનની છેલ્લી ક્ષણ સુધી નિષ્ઠા અને ગુરુભક્તિથી તેમનું હૃદય છલકી રહ્યું હતું. સેવામય જીવન વ્યતીત કરનાર ભક્તરાજની ખોટ સદાય વણપૂરી રહેશે. હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી કનુભાઈ વલ્લભભાઈ અમીન, ભુજ, ઉં.વ. ૮૩, અક્ષરવાસ તા. ૩-૨-૨૦૨૧**



કચ્છ ક્ષેત્રના બી.એ.પી.એસ. સત્સંગના પાયાના હરિભક્ત શ્રી કનુભાઈ અમીન સન ૧૯૬૮માં ભુજ ખાતે પ્રોફેસર તરીકે નિમણૂક પામ્યા ત્યારથી લઈને નિવૃત્ત થયા ત્યાં સુધી ભુજમાં રહીને તેમણે સત્સંગના વિકાસમાં ઉમદા પ્રદાન કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને સંતોના કચ્છના વિચરણ દરમિયાન એક શિસ્તબદ્ધ અને અદના સેવક તરીકે દરેક વ્યવસ્થામાં અગ્રેસર રહેતા હતા. એટલું જ નહીં, યુવકમંડળને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડીને સૌનો વિશ્વાસ અને રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ભુજ હરિમંદિરનું નિર્માણકાર્ય શરૂ થયું ત્યારે વિપરીત પરિસ્થિતિમાં પણ જાતે જ દેખરેખ રાખીને પૂર્ણ કરાવ્યું. સંસ્થાની અનેકવિધ સેવાકીય અને સત્સંગલક્ષી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહીને કચ્છક્ષેત્રના સત્સંગ વિકાસમાં અમૂલ્ય યોગદાન આપીને ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સ્વામીશ્રીએ પણ તેમની સત્સંગ સેવા, ભક્તિ અને સમર્પણને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેઓના અક્ષરવાસથી કચ્છક્ષેત્રને એક સેવાનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી નિર્મળસિંહ મમુભા જાડેજા, વાપી, ઉં.વ. ૯૪, અક્ષરવાસ તા. ૧૦-૨-૨૦૨૧**



મૂળ કચ્છના પણ વ્યવસાય અર્થે વાપી વસેલા શ્રી નિર્મળસિંહજી જાડેજા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે અત્યંત આદરભાવ ધરાવતા હતા. પ્રમુખસ્વામી મહારાજ સન ૧૯૭૩માં કચ્છમાં પંચતીર્થી માટે પધાર્યા ત્યારે ભુજમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં મંદિર દ્વારા શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન થાય તે હેતુથી તેઓએ પોતાની માલિકીની કિંમતી જમીનમાંથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર માટે ભૂમિદાન કર્યું હતું. એ અવિસ્મરણીય પ્રદાન કચ્છના સત્સંગના પાયાની શિલા સમાન બની રહ્યું છે. વિપરીત સંજોગોમાં પણ સ્વામીશ્રી તથા સંસ્થાનો નિર્ભીક રીતે પક્ષ રાખીને ગુરુવર્યોનો અપાર રાજીપો પ્રાપ્ત કરનાર સત્સંગ સેવક નિર્મળસિંહજી જાડેજાને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી માધવજીભાઈ દાવડા (માધુબાપા), ભુજ, ઉં.વ. ૮૦, અક્ષરવાસ તા. ૨૮-૨-૨૦૨૧**



ભક્તરાજ માધવજીભાઈ દાવડા(માધુબાપા) કચ્છના બી.એ.પી.એસ. સત્સંગના એક અદના ભક્તરાજ હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પાસેથી આજ્ઞા મેળવીને સત્સંગની સેવામાં આજીવન સેવક તરીકે જોડાઈ ગયા હતા. ભાદરા અને ભુજ હરિમંદિર નિર્માણમાં તેમજ આદિપુર-ગાંધીધામ છાત્રાલયમાં સંતો અને કાર્યકર્તાઓની સાથે રહીને દરેક રીતે ખૂબ સેવા કરી હતી. દુષ્કાળ, વાયુ હોનારત અને વિનાશકારી ભૂકંપમાં સંસ્થા દ્વારા થતી સહાય પ્રવૃત્તિમાં તેમણે ખડે પગે સેવા કરી હતી. સેવાઓમાં તો અગ્રેસર રહ્યા, પરંતુ પોતાના વ્યક્તિગત સત્સંગને પણ ઉજ્જ્વળ કર્યો. ભજન, ઠાકોરજીની ભક્તિ, કથાવાર્તા, સત્સંગ સાહિત્યનું નિયમિત વાંચન એમ પોતાના આહ્નિકનું સતત સંવર્ધન કરીને ગુણાતીત ગુરુવર્યોનો અમાપ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**ભક્તરાજ શ્રી ભરતભાઈ ત્ર્યંબકલાલ કોઠારી, બેંગલુરુ, ઉં.વ. ૭૦, અક્ષરવાસ તા. ૨૯-૭-૨૦૨૦**



સન ૧૯૭૨માં વ્યવસાયાર્થે બેંગલુરુ સ્થાયી થનાર શ્રી ભરતભાઈ કોઠારી બેંગલુરુમાં સત્સંગની શરૂઆત કરનારા પાયાના હરિભક્તોમાંના એક હતા. વર્ષો સુધી અહીં તેમણે સત્સંગની અનેકવિધ સેવાઓમાં સવિશેષ ફાળો આપ્યો હતો. બેંગલુરુ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ તે પહેલાં અને ત્યારબાદ રસોડા વિભાગની વિવિધ સેવાઓમાં ખૂબ જ ઉત્સાહથી જોડાયેલા રહ્યા હતા. ઠાકોરજીના થાળ માટે નિત્ય શાકભાજી લાવવી વગેરે સેવાઓ તેઓએ જીવનભર તન, મન, ધનથી કરીને ગુણાતીત ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સ્વામીશ્રીએ પણ તેઓની સેવાને બિરદાવી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**શ્રી દીપકભાઈ દોશી, નાગપુર, ઉં.વ. ૭૩, અ. તા. ૪-૨-૨૦૨૧**



નાગપુરમાં બી.એ.પી.એસ. સત્સંગસભાનો શુભારંભ સન ૧૯૮૨માં દીપકભાઈના ઘરેથી થયો હતો. શરૂઆતમાં ગણ્યાંગાંઠ્યાં હરિભક્તો સાથે ખૂબ જ જહેમત ઉઠાવીને સત્સંગવિકાસમાં તેમણે ખૂબ સાથ આપ્યો હતો. નાગપુર મંદિર નિર્માણમાં તન, મન, ધનથી યોગદાન અર્પણ કરીને ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરનાર શ્રી દીપકભાઈ દોશીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**શ્રી રમણિકભાઈ બી. શાહ, બેંગલુરુ, ઉં.વ. ૮૮, અ. તા. ૭-૮-૨૦૨૦**



શ્રી રમણિકભાઈ ભૂરાભાઈ શાહ સન ૧૯૭૬માં બેંગલુરુ સ્થાયી થયા બાદ જીવનભર બેંગલુરુ અને દક્ષિણ ભારતના બી.એ.પી.એસ. સત્સંગ વિકાસનાં કાર્યોમાં પરોવાયેલા રહ્યા હતા. વતન માંડવધારમાં પણ મંદિર અર્થે ભૂમિ સંપાદન કાર્યમાં વિશેષ યોગદાન આપીને, સેવામય જીવન જીવીને, તેઓએ ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**શ્રી પ્રફુલ્લભાઈ છોટાભાઈ પટેલ, અમદાવાદ, ઉં. ૭૩, અ. તા. ૭-૨-૨૧**



પૂર્વ આફ્રિકામાં યોગીજી મહારાજના રંગે રંગાયેલા શ્રી પ્રફુલ્લભાઈ અમદાવાદમાં સ્થાયી થઈને બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ સેવાઓમાં અને બી.એ.પી.એસ. વિદ્યામંદિર રાયસણ ખાતે જીવનની છેલ્લી પળ સુધી સેવામય રહ્યા હતા. પૂજ્ય રામચરણદાસ સ્વામીના પૂર્વાશ્રમના આ અનુજબંધુ અનેકવિધ સેવાઓથી સ્વામીશ્રીના ખૂબ કૃપાપાત્ર બન્યા હતા. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**શ્રી ભાવેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ, અમદાવાદ, ઉં. ૪૯, અ. તા. ૨૬-૧૨-૨૦**



અમદાવાદના સોલા રોડ વિસ્તારમાં ૨૫ વર્ષ સુધી સંનિષ્ઠ કાર્યકર તરીકે સેવા આપનાર શ્રી ભાવેશભાઈના તમામ પરિવારજનો સંસ્થાના કાર્યકર તરીકે સેવા આપી રહ્યા છે. સોલા રોડ ખાતે સંસ્કારધામના નિર્માણ તથા સત્સંગના વિકાસમાં યોગદાન આપનાર આ યુવાન કાર્યકરની વિદાયથી સ્થાનિક સત્સંગ મંડળને ખૂબ મોટી ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

# ગોમુખાસન



**યોગ, વ્યક્તિને ભગવાનમાં જોડવાની એક પ્રક્રિયા છે. જેનું એક મહત્ત્વનું પગથિયું છે - આસન, જે શરીરને સ્થિરતા આપે, મનને શાંતિ આપે, સ્વાસ્થ્યની વૃદ્ધિ અને તન-મનની સ્ફૂર્તિ આપે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ નિયમિત યોગ-પ્રાણાયામ કરીને પ્રેરણા આપતા. સાધુ અક્ષરજીવનદાસ દ્વારા લિખિત 'યોગ દ્વારા આરોગ્ય' પુસ્તકના આધારે 'પ્રકાશ'માં હવેથી માણીશું યોગની કેટલીક રજૂઆતો.**

**પ્રભાવ :**

● આ આસન પગની જકડામણ દૂર કરે છે. માંસપેશીઓને લચીલી બનાવે છે.


● આ આસનથી છાતી વિકસે છે અને પીઠ સીધી થાય છે. પગનો આમવાત, હરસ, કબજિયાત, મંદાગ્નિ, અરુચિ, પીઠનો દુખાવો વગેરે મટે છે.

● બ્રહ્મચર્યના પાલન માટે આ આસન ઉપયોગી છે.

● આ આસનથી હાડકાં મજબૂત થાય છે. ડાયાબિટીસ અને કિડનીનાં દર્દો દૂર થાય છે. તે સાથે પેશાબની અટકાયત પણ દૂર થાય છે.

● હૃદયરોગના દર્દી માટે આ આસન ખૂબ લાભદાયક છે. ફેફસાં, હૃદય તથા છાતીને મજબૂત અને શક્તિશાળી બનાવે છે.

**નોંધ :** આ આસનમાં શરૂઆતમાં પીઠ પાછળ બન્ને હાથ એકબીજાને સ્પર્શી નહીં શકે. અભ્યાસ વધતાં આંગળીઓ સ્પર્શશે. પછી વધુ અભ્યાસ થતાં બન્ને હથેળીઓ પકડી શકાશે. માટે પ્રથમ પ્રયોગમાં જ આસન પૂર્ણ રીતે થાય, તે જરૂરી નથી.



**પ્રયોગ :**

● જમીન પર ડાબો પગ વાળીને તેની પાની પર નિતંબ રાખીને બેસી જાઓ. જમણો ઘૂંટણ ડાબા ઘૂંટણ પર રાખો. શરૂમાં ડાબા પગની એડી ગુદાની જમણી બાજુએ રહેશે, પરંતુ અભ્યાસ પછી ડાબી બાજુ રહેવા લાગશે. વળી, જમણી એડીને ડાબી જાંઘ સુધી લાવી શકશો.

● સીધા ટટ્ટાર બેસો. ફેફસાંમાં શ્વાસ ભરો.

● શ્વાસ છોડો, પછી ડાબો હાથ કોણીથી વાળીને ખભા પાસે રાખો અને જમણો હાથ પીઠ પાછળ ખભા ઉપરથી લાવી, ડાબા હાથની હથેળી પકડી લો. ગરદન અને માથું સીધાં રાખો અને બિલકુલ સીધું જુઓ.

● ધીરે ધીરે શ્વાસ લો. શરીરને સ્થિર રાખો.

● ઘૂંટણ કે છાતીને નમવા ન દો. કરોડરજ્જુને મસ્તક સુધી સીધી રેખામાં રાખો.

● ૩૦ થી ૬૦ સેંકડ આ સ્થિતિમાં રહો. અભ્યાસ પછી આ આસનમાં ૨ મિનિટથી ૧૫ મિનિટ સુધી રહી શકાય છે.

● પછી હાથ અને પગ વારાફરતી બદલો. સ્થૂળકાય લોકો આ આસન નહીં કરી શકે. થોડું વજન ઘટાડી પ્રયત્ન કરતાં, અભ્યાસ પછી તે થઈ શકશે.


● બંને હાથનો બંધ છોડી દો. સામાન્ય સ્થિતિમાં બેસી જાઓ. જમણાની જગ્યાએ ડાબો પગ લાવીને બીજી બાજુ આ આસનનું પુનરાવર્તન કરો. પગ સીધા કરીને હળવાશ અનુભવો. ◆












## સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરનાર બાળ-યુવાઓ પર સ્વામીશ્રીની પ્રસન્નતાનો અભિષેક

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા લિખિત સત્સંગદીક્ષા ગ્રંથના સંપૂર્ણ મુખપાઠની તાજેતરમાં યોજાયેલી એક વિશિષ્ટ સ્પર્ધામાં જોડાઈને બી.એ.પી.એસ. બાળ-યુવા પ્રવૃત્તિના દસ હજારથી વધુ બાળકો-યુવાનોએ એક વિક્રમ સર્જી દીધો. પૂર્ણ મુખપાઠ કરનાર તમામ બાળકો-યુવાનોને ઓનલાઈન માધ્યમથી વ્યક્તિગત મળીને તો સ્વામીશ્રીએ તેમના પર પ્રસન્નતા વરસાવી, એટલું જ નહીં, પરંતુ ઓનલાઈન વિજેતા સમારોહમાં આ બાળકો-યુવાનો પર પોતાની પ્રસન્નતાની અભિવ્યક્તિ કરવા માટે સ્વામીશ્રીએ, યુવાનો માટે નેનપુરની ફૂલવાડીમાંથી સ્વહસ્તે ગુલાબનાં પુષ્પો ચૂંટી હાર ગૂંથ્યો હતો. સાથે સાથે બાળકો માટે ૩૬૦ મણકાની લાંબી માળા ગૂંથીને ચાર પાનાંનો પ્રસન્નતાથી છલકાતો પત્ર પણ લખ્યો હતો. મુખપાઠ કરનાર સૌને સ્વામીશ્રીએ 'રાજીપો'નું પારિતોષિક આપીને વધાવ્યા હતા. સ્વામીશ્રીની પ્રસન્નતા-વર્ષાની કેટલીક અવિસ્મરણીય સ્મૃતિઓ...

Swaminarayan Prakash Gujarati, April-2021, Published on 1-4-2021. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-23, Valid upto 31-12-2023. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79.






**વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયો સત્સંગદીક્ષા ગ્રંથ મુખપાઠ વિજેતા સમારોહ...**

તાજેતરમાં સત્સંગદીક્ષા ગ્રંથનો સંપૂર્ણ મુખપાઠ કરનાર હજારો બાળકો-યુવાનોનો ઓનલાઈન વિજેતા સમારોહ યોજાયો હતો. જેમાં તા. ૧૮ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ યુવાનો માટે તથા તા. ૧૯ માર્ચ, ૨૦૨૧ના રોજ બાળકો માટેનો સમારોહ સંપન્ન થયો હતો. આ તમામ સમારોહમાં મહંત સ્વામી મહારાજે ઉપસ્થિત રહીને એ યુવાનોની પ્રસ્તુતિને માણી હતી અને વધાવી હતી. એ પ્રસંગે સૌ બાળકો-યુવાનો પર પોતાની અપાર પ્રસન્નતા વરસાવતા સ્વામીશ્રીએ સ્વહસ્તે ગૂંથેલો ગુલાબનો હાર પહેરાવીને સૌને હૃદયથી વધાવ્યા હતા.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas